અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

ફલોપ અક્ષય સાથે ફિલ્મ માટે પણ આલિયા-કિયારા હોડમાં




પેજ-09

વર્લ્ડ કપ બાદ રોહિત શર્મા ક્રિકેટના સૌથી નાના ફોર્મેટને અલવિદા કરશે

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 41.00 | 30.00 |
| વડોદરા | 42.00 | 29.00 |
| સુરત | 40.00 | 29.00 |

પેજ 7



સોનું વધુ રૂ.500 ગબડ્યું : બે દિવસમાં રૂ.900 તૂટ્યું

15 MAY-2024 WEDNESDAY

પાકિસ્તાનમાં બિલાવલ ભુટ્ટો સંકટમોચક બનશે



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73104.61 | ▲ | 328.48 |
| નિફ્ટી | 22217.85 | ▲ | 113.80 |
| સોનું | 72,225.00 | ▲ | 370.00 |
| ચાંદી | 85,291.00 | ▲ | 405.00 |

વર્ષ-13 | અંક-180 | વિક્રમ સંવત-2080 | વૈશાખ સુદ-08 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



## આપએ સ્વીકાર્યું...

# સ્વાતી માલીવાલ સાથે ગેરવર્તણૂક થઇ હતી

### બિભવ કુમાર સામે કડક પગલાં લેવાની સંજયસિંહે આપી ખાતરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 14

AAP સાંસદ સંજય સિંહે સ્વીકાર્યું કે પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને ગેરવર્તન કરવામાં આવ્યું હતું. સંજય સિંહે મંગળવારે (14 મે) મીડિયાને જણાવ્યું- 13 મેના રોજ એક ખૂબ જ નિંદનીય ઘટના બની. સિંહે કહ્યું- સ્વાતિ માલીવાલ ગઈ કાલે (13 મે) સવારે અરવિંદ કેજરીવાલના ઘરે તેમને મળવા પહોંચી હતી. ડ્રોઈંગ રૂમમાં કેજરીવાલની રાહ જોઈ રહી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીના પીએ બિભવ કુમાર ત્યાં પહોંચ્યા અને તેમની સાથે ગેરવર્તન કર્યું. બિભવ કુમાર કેજરીવાલના નજીકના માનવામાં આવે છે. સંજય સિંહે કહ્યું- દિલ્હીના સીએમએ આ સમગ્ર ઘટનાનું સંજ્ઞાન લીધું છે. તેઓ આ મામલે કડક કાર્યવાહી કરશે. જ્યાં સુધી સ્વાતિ માલીવાલની વાત છે, તેમણે દેશ અને સમાજ માટે ઘણું કર્યું છે. તેઓ વરિષ્ઠ અને જૂના નેતાઓમાંના એક છે. અમે તેમની સાથે છીએ. પોલીસના જણાવ્યા અનુસાર સ્વાતિ માલીવાલ સોમવારે સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન આવી હતી.



### બિભવે સીએમ હાઉસમાં AAP સાંસદ સાથે ગેરવર્તનની ઘટનાથી ચકચાર

### પોલીસે કહ્યું- મેડમ પોલીસ સ્ટેશન આવ્યા હતા, પરંતુ ફરિયાદ ન કરી

ડીસીપી (ઉત્તર) મનોજ મીણાએ કહ્યું, 'અમને સવારે 9:34 વાગ્યે એક પીસીઆર કોલ મળ્યો જેમાં ફોન કરનારે કહ્યું કે સીએમ આવાસની અંદર તેમની પર હુમલો કરવામાં આવ્યો છે. જે બાદ સ્થાનિક પોલીસ અને એસએચઓએ કોલનો જવાબ આપ્યો. થોડા સમય બાદ સાંસદ સ્વાતિ માલીવાલ પોલીસ સ્ટેશન સિવિલ લાઈન્સ આવ્યા. આ મામલે તેમના દ્વારા કોઈ ફરિયાદ કરવામાં આવી નથી. માલીવાલે સીએમ હાઉસથી પીસીઆર કોલ કર્યો હતો. કોલ બાદ દિલ્હી પોલીસ સિવિલ લાઈન્સ સ્થિત સીએમ હાઉસ પહોંચી હતી. જ્યારે પોલીસ સીએમ હાઉસ પહોંચી ત્યારે સ્વાતિ માલીવાલ ત્યાંથી રવાના થઈ ગઈ હતી.

### સ્વાતિ માલીવાલ મુદ્દે ભાજપે કર્યો હોબાળો

ભાજપ કોર્પોરેટરોએ દિલ્હી નગર નિગમની બેઠકમાં સ્વાતિ માલીવાલના મુદ્દે આમ આદમી પાર્ટીને ઘેરી હતી. મંગળવારે 11 વાગ્યે દિલ્હી નગર નિગમની બેઠકમાં મેયર શૈલી ઓબેરોય પોતાની સીટ પર પહોંચતા જ ભાજપના કોર્પોરેટરોએ હોબાળો કર્યો હતો અને કેજરીવાલના રાજીનામાની માંગ કરવા લાગ્યા હતા. આ બધુ જોઈને મેયરે બેઠકને સ્થગિત કરી દીધી.

## લોકશાહીની મજબૂત તસવીર...



લોકસભા ચૂંટણી 2024ની દૃષ્ટિએ આજનો દિવસ ખૂબ જ ખાસ છે. વડાપ્રધાન મોદીએ ઉત્તર પ્રદેશની વારાણસી લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. આ દરમિયાન તેમની સાથે ભારતીય જનતા પાર્ટી અને NDA ગઠબંધનના ઘણા નેતાઓ હાજર હતા. વડાપ્રધાન પહેલા બનારસમાં દશાશ્વમેધ ઘાટ ગયા અને પછી કાલ ભૈરવ મંદિરના દર્શન કર્યા હતા. ઉમેદવારી નોંધાવતી વખતે ત્યાં 11 રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા હતા. પીએમના નામાંકન માટે ચાર પ્રસ્તાવકો હતા - પંડિત ગણેશ્વર શાસ્ત્રી, બૈજનાથ પટેલ, લાલચંદ કુશવાહ અને સંજય સોનકર. તેમજ ત્યાં ચૂંટણી અધિકારીની જવાબદારી નિભાવી રહેલા વારાણસી જિલ્લા મેજિસ્ટ્રેટ એસ. રાજલિંગમ હતા. એ સમયે દેશના સર્વોચ્ચ પદ પર રહેલા પીએમ મોદી ઉભા થઇને લોકશાહીના સૈનિકને સલામ કરે છે. જે લોકશાહીની ખરેખર એક મજબૂત તસવીર છે.



# મોદીએ ત્રીજી વખત વારાણસીથી ઉમેદવારી નોંધાવી

### ગંગા પૂજા-આરતી કર્યા બાદ ક્રૂઝમાં સવારી કરી, કાલભૈરવનાં દર્શન કરીને મોદીએ ફોર્મ ભર્યું

(એજન્સી) વારાણસી | તા. 14

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુષ્ય નક્ષત્રમાં વારાણસીથી ત્રીજી વખત ઉમેદવારી નોંધાવી છે. તેમની સાથે ચાર પ્રસ્તાવક અને સીએમ યોગી હાજર રહ્યા હતા. પ્રસ્તાવકમાં ગણેશ્વર શાસ્ત્રી, બૈજનાથ પટેલ, લાલચંદ કુશવાહા અને સંજય સોનકરનો સમાવેશ થાય છે, જેમણે રામ મંદિરનું મુહૂર્ત નક્કી કર્યું હતું. ફોર્મ ભર્યા બાદ પીએમ રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર પહોંચ્યા હતા અને કાર્યકરોને સંબોધન કર્યું હતું. PMએ શુભ પુષ્ય નક્ષત્રમાં 4 સેટમાં ઉમેદવારી નોંધાવી હતી. ગણેશ્વર શાસ્ત્રીએ જણાવ્યું કે 11.40 થી 12.15 સુધીનું શુભ મુહૂર્ત રહ્યું હતું. આમાં બધા ગ્રહો એક સાથે હોય છે. પીએમ નોમિનેશન માટે 50 મિનિટ સુધી કલેક્ટર ઓફિસમાં રોકાયા હતા. પીએમ સમર્થકો સાથે ઓફિસમાં ઉભા રહ્યા. ચૂંટણી અધિકારીએ તેમને ખુરશી પર બેસવાનું કહ્યું, ત્યારે તેઓ બેઠા હતા.

### વડાપ્રધાન મોદીએ બે હાથ જોડી ફોર્મ ભર્યું

» અમિત શાહ, નડ્ડા, રાજનાથ સિંહ સહીત એનડીએમાં સામેલ તમામ પક્ષોના નેતાઓ વારાણસીમાં હાજર રહ્યા હતા. જેમાં 11 રાજ્યોના મુખ્યમંત્રીઓ 20 કેન્દ્રીય મંત્રીઓ, યુપી સરકારના મંત્રીઓ અને ઘણા સાંસદો-ધારાસભ્યો પણ વારાણસી પહોંચી ગયા હતા.

» સવારે પીએમ મોદી દશાશ્વમેધ ઘાટ પહોંચ્યા હતા. અહીં વેંકટરામન ઘનપાઠીએ અંગવસ્ત્ર પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. PMએ ગંગાની પૂજા - આરતી કરી હતી. 1 કલાક સુધી તેઓ ઘાટ પર રહ્યા હતા.

» પીએમ દશાશ્વમેધ ઘાટથી ક્રુઝમાં સવાર થઈને નમો ઘાટ પહોંચ્યા હતા. બાદમાં મોદીએ કાલ ભૈરવના મંદિરે પહોંચી કાલભૈરવના દર્શન કર્યા. અહીંથી તેઓ સીધા કલેક્ટર કચેરીએ પહોંચીને નોમિનેશન ફાઈલ કરશે.

» ગંગા પૂજા કરનાર પંડિત વેંકટરામન ઘનપતિએ કહ્યું- PMએ ખૂબ જ ભક્તિભાવથી માતા ગંગાની પૂજા કરી. 6 પંડિતોએ ગંગા પૂજા કરાવી હતી. તેમણે માતાના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

» રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર ખાતે પ્રબુદ્ધ સંમેલનને સંબોધ્યા બાદ તેઓ માલદહિયામાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. નોમિનેશનના એક દિવસ પહેલા વડાપ્રધાન મોદીએ BHUથી કાશી વિશ્વનાથ મંદિર સુધી 5 કિલોમીટર લાંબો રોડ શો કર્યો હતો.

## Quick Read

### ફ્લાઇટમાં કો-પેસેન્જર્સનાં ઘરેણાં ચોરનાર વ્યક્તિ અરેસ્ટ : ઘણા લોકોને છેતર્યા હેવાનો ખુલાસો

નવી દિલ્હી | દિલ્હી પોલીસે એક 40 વર્ષીય વ્યક્તિની ફ્લાઈટમાં તેના સહ-યાત્રીઓ પાસેથી ઘરેણાં અને અન્ય કિંમતી વસ્તુઓની ચોરી કરવા બદલ ધરપકડ કરી છે. છેલ્લા એક વર્ષમાં આરોપીએ 110 દિવસમાં 200થી વધુ ફ્લાઈટમાં મુસાફરી કરી હતી અને ચોરીના અનેક બનાવોને અંજામ આપ્યો હતો. પોલીસે સોમવારે ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાણકારી આપી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ઉષા રંગનાનીના જણાવ્યા અનુસાર આરોપીનું નામ રાજેશ કપૂર છે.

### ભીમા-કોરેગાંવ કેસમાં મહારાષ્ટ્રના ગૌતમ નવલખાને આખરે 4 વર્ષ બાદ જામીન મળ્યા

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે મભીમા-કોરેગાંવ કેસમાં મહારાષ્ટ્રના કાર્યકર્તા ગૌતમ નવલખાને જામીન આપ્યા છે. જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ એસવીએન ભાટીની ખંડપીઠે કહ્યું- અમને હાઈકોર્ટના જામીનના આદેશ પર સ્ટેની મુદત લંબાવવાનું કોઈ કારણ દેખાતું નથી. વાસ્તવમાં, નવલખા પર 2017માં પુણેમાં એલ્ગાર પરિષદ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ભડકાઉ ભાષણ આપવાનો આરોપ છે.

### બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી

નવી દિલ્હી | પતંજલિ એડવર્ટાઈઝમેન્ટ કેસમાં સુપ્રીમ કોર્ટે મંગળવારે બાબા રામદેવ, બાલકૃષ્ણ અને અન્ય વિરુદ્ધની અવમાનના અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. કોર્ટે બંનેને વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી છે. ભ્રામક જાહેરાતના મામલામાં 23 એપ્રિલે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે IMAએ તેમના ડૉક્ટરો પર પણ વિચાર કરવો જોઈએ, જેઓ ઘણીવાર દર્દીઓને મોંઘી અને બિનજરૂરી દવાઓ લખી આપે છે.

### અભિનેત્રી કંગના રનૌત ભાજપની ટિકિટ પર હિમાચલ પ્રદેશના મંડીથી ઉમેદવારી નોંધાવી

ધર્મશાલા | બૉલીવૂડ એક્ટ્રેસ કંગના રનૌત ભાજપની ટિકિટ પર હિમાચલ પ્રદેશના મંડીથી લોકસભા ચૂંટણી લડી રહી છે. કંગનાએ પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. ઉમેદવારીની સાથે જ એક્ટ્રેસે પોતાનું નેટવર્થ એફિડેવિટ પણ જમા કર્યું છે. જેના અનુસાર, એક્ટ્રેસ 90 કરોડથી વધુની સંપત્તિની માલિક છે. એફિડેવિટના અનુસાર, કંગના રનૌતની પાસે 91.50 કરોડ રૂપિયાની સંપત્તિ છે. આલિશાન ઘર, ગાડીઓ અને જ્વેલરી સિવાય અને એક્ટ્રેસ પાસે બેંકમાં પણ કરોડો રૂપિયા જમા છે.

# મુંબઈમાં હોર્ડિંગ પડવાની ઘટનામાં મોતનો આંકડો વધ્યો:મૃતકોની સંખ્યા 14 થઇ

### 70થી વધુ ઘાયલ, 78ને બચાવાયા; વાવાઝોડાથી 100 ફૂટ ઊંચું બિલબોર્ડ પડ્યું હતું

(એજન્સી) મુંબઈ | તા. 14

મુંબઈના ઘાટકોપરમાં પેટ્રોલ પંપ પર લાગેલું એક હોર્ડિંગ સોમવારે બપોરે લગભગ 3 વાગ્યે જોરદાર વાવાઝોડાને કારણે પડી ગયું હતું. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 14 લોકોના મોત થયા છે. મોડી રાત સુધી મૃત્યુઆંક 9 થયો હતો. હોર્ડિંગ્સ પડતાં 74 લોકો ઘાયલ થયા છે. NDRFની 67 સભ્યોની ટીમે 78 લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. શરૂઆતના અંદાજના આધારે, આ બિલબોર્ડનું વજન 250 ટન હોવાનું કહેવાય છે. પંત નગર પોલીસ સ્ટેશનમાં હોર્ડિંગ માલિક ભાવેશ ભીંડે અને અન્યો વિરુદ્ધ IPCની કલમ 304, 338, 337 હેઠળ કેસ નોંધીને તેની તપાસ કરવામાં આવી રહી છે.



**મૃતકોને 5-5 લાખનું વળતર**

આ દુર્ઘટના બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ એકશન મોડ પર આવ્યા હતા. તેમણે ઉચ્ચસ્તરીય તપાસનો આદેશ આપ્યો હતો. મૃતકોને પાંચ લાખનું વળતર જાહેર કરાયું હતું.

**હોર્ડિંગ લગાવનાર એજન્સી સામે બીએમસીની ફરિયાદ :** હોર્ડિંગ લગાવનાર એમ/એસ ઈગો મીડિયા એજન્સી સામે ફરિયાદ નોંધાયા બાદ બીએમસીએ FIR નોંધાવી છે. બીએમસીએ કહ્યું કે, અમે વધુમાં વધુ 40x40 ચોરસ ફુટના હોર્ડિંગ લગાવવાની મંજૂરી આપીએ છીએ. બીએમસીએ એમ/એસ ઈગો મીડિયા એજન્સીને તમામ હોર્ડિંગ ઉતારી લેવા નોટિસ પાઠવી છે.

**હોર્ડિંગ યોગ્ય રીતે દેખાય તે માટે આઠ વૃક્ષોને ઝેર આપ્યું :** બીએમસીના હેડક્વાર્ટરમાં ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની મુલાકાત લીધા બાદ બીએમસી કમિશનર ભૂષણ ગગરાનીએ કહ્યું કે, 'ધરાશાયી થયેલું હોર્ડિંગ ગેરકાયદે હતું. રેલવેની હોર્ડિંગ પર ચાર હોર્ડિંગ લગાવાયા હતા અને તેમાંથી એક ધરાશાયી થયું છે. અમે હોર્ડિંગ મામલે એક વર્ષ પહેલા વાંધો ઉઠાવ્યો હતો. ત્યાંથી પસાર થતા લોકોને હોર્ડિંગ યોગ્ય રીતે દેખાય તે માટે છેડાનગર જંકશન પાસેના આઠ વૃક્ષોને ઝેર અપાયું હતું.

## અત્યારે જ શેરો ખરીદી લો...

# ચાર જૂન પછી બજારમાં તેજી આવશે : અમિત શાહ

**લોકસભા ચૂંટણી સાથે વોલેટીલિટીને સાંકળનારાને ચેતવતા ગૃહ પ્રધાન : સામાન્ય રીતે સ્થિર સરકાર રચાતાં તેજી આવતી હોય છે**



(એજન્સી) નવી દિલ્હી | તા. 14

શેર બજારમાં તાજેતરના દિવસોની વોલેટીલિટીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓ સાથે સાંકળવા સામે ચેતવતાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું, કે, ૪, જૂનના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિજય બાદ શેર બજારોમાં તેજી જોવાશે. જેથી આ પહેલા ખરીદી કરવી હોય તો કરી લેવા તેમણે રોકાણકારોને જણાવ્યું હતું. ૪ જૂનના લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થનાર હોઈ તેમણે આગામી સમયગાળામાં સ્થાનિક શેર બજારોમાં તેજીની આગાહી કરી હતી. આ વિશે તેમણે વધુ કહ્યું હતું કે, હું શેર બજારમાં વધઘટનું અનુમાન મૂકી ન શકું, પરંતુ સામાન્ય રીતે જ્યારે કેન્દ્રમાં સ્થિર સરકારની રચના થાય ત્યારે બજારમાં તેજી આવતી હોય છે. ભારતીય જનતા પક્ષ (બીજેપી)ને ૪૦૦થી વધુ સીટ પર વિજય મળવાની અને સ્થિર મોદી સરકાર આવી રહ્યાનું અને એટલે જ બજારમાં તેજી આવવાનું તેમનું અનુમાન હોવાનું તેમણે એનડીટીવીને મુલાકાતમાં કહ્યું હતું. જ્યારે લોકસભા ચૂંટણીના આજે ચોથા તબક્કાનું મતદાન યોજાવાની સાથે સાથે છેલ્લા સાત ટ્રેડીંગ સત્રમાંથી છ ટ્રેડીંગ સત્રમાં બજારમાં નિફ્ટી અને સેન્સેક્સ બેઝડ ઘટાડો નોંધાયો છે.

# સંદેશખાલીના વાઇરલ વીડિયોનો મુદ્દો સુપ્રીમમાં

### ફરિયાદીએ SIT તપાસની માગ કરી, કહ્યું- વીડિયોનું સત્ય બહાર આવવું જોઇએ

(એજન્સી) કોલકાતા | તા. 14

22 ફેબ્રુઆરીએ ભાજપે સોશિયલ મીડિયા પર 20 મિનિટ 41 સેકન્ડનો વીડિયો શેર કર્યો હતો. જેમાં સંદેશખાલીની મહિલાઓએ તેમની જાતીય સતામણી અને હિંસાની અગ્નિપરીક્ષા વર્ણવી હતી. જોકે હવે ઘણી પીડિતાઓ કહે છે કે બળાત્કાર થયો નથી, પરંતુ ભાજપના નેતાઓએ તેમને કોરા કાગળ પર સહી કરાવી હતી. પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં જમીન પચાવી પાડવા અને મહિલાઓ વિરુદ્ધ અપરાધ (યૌન શોષણ) સંબંધિત વાઇરલ વીડિયોનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. એક મહિલાએ પિટિશન દાખલ કરીને વર્તમાન પરિસ્થિતિમાં SIT તપાસની માગ કરી છે. મહિલાના વકીલ ઉદયદિત્ય બેનર્જીએ કોર્ટને જણાવ્યું કે સંદેશખાલી કેસના ઘણા વીડિયો વાઇરલ છે. જેમાં એક વ્યક્તિ ખુલાસો કરી રહ્યો છે કે TMC નેતા શાહજહાં શેખ પર લાગેલા બળાત્કારના આરોપો ખોટા હતા.



### દાવો- 70 મહિલાઓને વિરોધ માટે 2,000 રૂા મળ્યા

પશ્ચિમ બંગાળના સંદેશખાલી કેસનો એક નવો વીડિયો 12 મેના રોજ સામે આવ્યો. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, આ વીડિયોમાં બીજેપી મંડલ (બૂથ) પ્રમુખ ગંગાધર કાયલ TMC નેતા શાહજહાં શેખ વિરુદ્ધ વિરોધ કરી રહેલી 70 મહિલાઓને 2000 રૂપિયા આપવાની વાત કરતા જોવા મળે છે.

# છત્તીસગઢના બીજાપુરમાં 30 નક્સલીઓનું આત્મસમર્પણ

(એજન્સી) બીજાપુર | તા. 14

છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીવાદીઓ સાથેની અથડામણની ઘટનાઓ વચ્ચે 30 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ નક્સલવાદીઓમાંથી નવ પર 39 લાખનું ઈનામ હતું. આ નક્સલીઓ બીજાપુર એસપી, સીઆરપીએફના ડીઆઈજી સહિત વરિષ્ઠ પોલીસ અધિકારી સમક્ષ કાયદાની મુખ્યધારામાં જોડાયા છે. આ ઉપરાંત તેમને પુનર્વસન હેઠળ 25-25 હજાર રોકડ પણ અપાઈ છે. આ નક્સલીઓમાં જનતાનાર સરકારનો અધ્યક્ષ અને ડીએકેએમએસનો અધ્યક્ષ પણ સામેલ છે.



### નક્સલીઓ વિરુદ્ધ સ્પેશિયલ ઓપરેશન

છત્તીસગઢમાં નવી સરકારની રચના સાથે જ નક્સલીઓ સામે સ્પેશિયલ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. વર્ષ 2023માં નક્સલ પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કર્યા પછી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલીઓ વિરુદ્ધ સ્પેશિયલ ઓપરેશન ચલાવવાનો આદેશ આપ્યો હતો. જેમાં ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ, બીએસએફ, ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ અને ઈન્ટેલિજન્સ બ્યુરોના ડાયરેક્ટર જનરલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સુપ્રીમ કોર્ટે મોદીની કથિત 'હેટ સ્પીચ' સામે દાખલ કરેલી અરજી ફગાવી


(એજન્સી) નવી દિલ્હી | તા. 14

સુપ્રીમ કોર્ટે આજે ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના નેતાઓના કથિત નફરત ભર્યાના ભાષણો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દીધી હતી. પૂર્વ અમલદાર EAS શાહ અને ફાતિમા નામના અરજદારે તેમની અરજીમાં ચૂંટણી પંચને વડાપ્રધાન મોદી વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે નિર્દેશ આપવાની માંગ કરી હતી. 21 એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા ચૂંટણી ભાષણ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ વિક્રમ નાથ અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે અરજદારોના વકીલને કહ્યું કે 'આ એવો વિષય નથી કે જેના માટે સીધી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવે. અરજદારે ચૂંટણી પંચ સમક્ષ પોતાનો અભિપ્રાય રજૂ કરવો જોઈએ.

## હરિયાણામાં ભાજપ-કોંગ્રેસની જીતની જવાબદારી બે પૂર્વ મુખ્યમંત્રીના ખભા પર

(એજન્સી) રોહતક | તા. 14

લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપને હરિયાણામાં તેમના પૂર્વ મુખ્યમંત્રીઓ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા કોંગ્રેસ તરફથી ચૂંટણી પ્રચાર સંભાળી રહ્યા છે, જ્યારે મનોહર લાલ ખટ્ટર ભાજપના ઉમેદવારો માટે સખત મહેનત કરી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ બંને માટે તેમના રાષ્ટ્રીય નેતાઓ પણ ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે, પરંતુ જો



હરિયાણાની વાત કરીએ તો આ બે મોટા ચહેરાઓ છે જેના પર તેમની રાજકીય પક્ષોને સૌથી વધુ વિશ્વાસ છે. ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને મનોહર લાલ ખટ્ટર બંને લાંબા સમયથી હરિયાણાના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા 2005થી 2014 સુધી હરિયાણાના મુખ્યમંત્રી પદે હતા, જ્યારે મનોહર લાલ ખટ્ટર ઓક્ટોબર 2014થી માર્ચ 2024 સુધી મુખ્યમંત્રી રહી ચૂક્યા છે.

# ગીર જંગલમાં ફરવાનો વધતો જતો ક્રેઝ...

## સાસણ સહિતનાં પ્રવાસન સ્થળોએ પર્યટકોની ભીડ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



હાલ ઉનાળાના વેકેશનનો પ્રારંભ થઈ ગયો છે. ઉનાળુ વેકેશન ના કારણે જૂનાગઢ શહેર તથા આસપાસના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. સાસણ ગીર જંગલમાં પણ મોટાભાગની હોટલો ફુલ થઈ ગઈ છે અને જંગલની સફારીની પરમીટો પણ ધીમે ધીમે બુક થઈ રહી છે. આગામી તા. ૧૭ સુધીની તમામ પરમીટો આજથી જ ફૂલ થઈ ગઈ છે.મોટાભાગની શાળા કોલેજમાં પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ વેકેશન પડી ગયા છે. વેકેશનમાં બાળકો સાથે પરિવારજનો પ્રવાસન સ્થળોએ ફરવા નીકળી પડયા છે. જૂનાગઢના ગિરનાર પર્વત ઉપરકોટનો કિલ્લો, સક્કરબાગ સહિતના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ગીર જંગલમાં આવેલા કનકાઈ બાણેજ સતાધાર પરબ સહિતના ધામક સ્થળોએ પણ મોટી સંખ્યામાં યાત્રિકો અને પ્રવાસીઓ જોવા મળે છે.એક તરફ ઉનાળાની ગરમી પણ પડી રહી છે તેવા સમયે ઉનાળુ વેકેશન હોવાથી ઠંડકવાળા વિસ્તારમાં લોકો વધારે ફરવાનું પસંદ કરે છે. ગીરની આસપાસ આવેલી હોટલોમાં આંબાના બગીચાઓ હોવાથી ગરમીથી થોડીક રાહત મળે છે જેના કારણે સાસણ આસપાસ આવેલી મોટાભાગની તમામ હોટલોમાં પ્રવાસીઓની ભીડ જોવા મળે છે. ગરમીથી રક્ષણ માટે હોટલમાં રોકાણ કરતા પ્રવાસીઓ સ્વિમિંગ પૂલમાં નાહવા ની મજા લઈ રહ્યા હોય છે. જંગલ સફારીનો ક્રેઝ દિવસે દિવસે વધી રહ્યો છે. દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય છે. હાલ ઉનાળુ વેકેશન હોવાથી સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાંથી મોટી સંખ્યા માં પ્રવાસીઓ સાસણ જંગલની સફારી કરવા માટે આવે છે.

# જામનગરના પશુપાલકો માટે અતિવૃષ્ટિમાં કાળજી રાખવાની માર્ગદર્શિકા જાહેર કરાઈ

વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જિલ્લાના પશુપાલકો માટે વર્ષાઋતુ- 2024 અન્વયે અતિવૃષ્ટિ અને વાવાઝોડા દરમિયાન પશુઓની કાળજી રાખવાની માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જેમાં જણાવ્યા અનુસાર, પશુપાલકોએ 72 કલાક ચાલે તેટલો ઘાસચારો અને પાણીનો સંગ્રહ સુરક્ષિત જગ્યાએ કરી રાખવો જોઈએ. પશુ માલિકે ઉપલબ્ધ ઘાસચારો જો ખુલ્લી જગ્યામાં સંગ્રહ કર્યો હોય, તો તેને તાલપત્રીથી વ્યવસ્થિત રીતે ઢાંકીને યોગ્ય વજનથી દબાવી દેવો જોઈએ. વાવાઝોડા સમયે પશુઓને સાંકળથી ખીલે ન બાંધતા પાકી સંરક્ષણ દીવાલ હોય તેવી સલામત જગ્યાએ રાખવા. પશુપાલકો પાસે માલિકીની પાકી જગ્યા ઉપલબ્ધ ન હોય, તો ગામમાં સાર્વજનિક સલામત જગ્યાઓ જેવી કે ગામની ગૌશાળા ખાતે પશુઓનું સ્થળાંતર કરાવવું જોઈએ. વાવાઝોડા બાદ ઈજાગ્રસ્ત થયેલા અને બીમાર પશુઓની તાત્કાલિક ધોરણે સારવાર કરાવવી જોઈએ. જો પશુઓમાં રોગચાળો જણાય તો તેમનું તાત્કાલિક રીતે રસીકરણ કરાવવું. પશુપાલકોએ સંબંધિત આસપાસના વિસ્તારના પશુચિકિત્સકોની ફોન નંબર સાથેની માહિતી હાથવગી રાખવી જોઈએ અને તેમનો જરૂર જણાયે સંપર્ક કરવો. પશુઓને નિચાણવાળા, પાણી ભરાય તેવા, વહેતા નદી કે ઝરણાં પાસેના સ્થળોએ ન બાંધવા જોઈએ. પશુઓને વીજળીના થાંભલા, વીજ વાયરથી નજીકના સ્થળોએ ન બાંધવા. પશુઓને કાચા, જર્જરીત રહેઠાંણ કે વૃક્ષ નીચે આશ્રય ન આપવો. વાવાઝોડા દરમિયાન પશુઓને બહાર ચરવા માટે ન લઈ જવા જોઈએ. આ અંગે કોઈપણ બાબતની વધુ જાણકારી મેળવવા માટે જે-તે નજીકના પશુ દવાખાના ખાતે સંપર્ક સાધી શકાશે.

# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોન હેઠળની પ્રથમ મહિલા શાખાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું




(એજન્સી) અમદાવાદ । તા. 14

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોન હેઠળની પ્રથમ મહિલા શાખાનું ઉદ્ઘાટન 14 મે 2024 ના રોજ માનનીય ઝોનલ હેડ સુશ્રી કવિતા ઠાકુર દ્વારા કરવામાં મા આવ્યું. ગાંધીનગર જીલ્લા મા આવેલી ઉવારસાદ શાખા ને મહિલા શાખા તરીકે ઉદઘાટન પ્રસંગે પ્રાદેશિક વડા ગાંધીનગર શ્રી ચંદનકુમાર ઝા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર ઝોનલ ઓફિસ સુશ્રી નરેશ બત્રા ઉપસ્થિત રહ્યા હતા. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મહિલાઓ માટે વિશેષ લોન યોજનાઓ ચલાવવામાં આવી રહી છે અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મહિલાઓના હિતને ધ્યાનમાં રાખીને આ શાખા શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે ઝોનલ હેડ સુશ્રી.કવિતા ઠાકુરે ઉપસ્થિત સૌને અભિનંદન પાઠવ્યા હતા અને આ શાખાની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

## ડેડીયાપાડાના મોઝદા રાઉન્ડમાં પેટ્રોલિંગ કરતા

# બીટગાર્ડ પર ગેરકાયદેસર ઝાડ કાપતા બે લાકડા ચોરોનો હુમલો

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં આવેલ મોઝદા રાઉન્ડમાં નામગીર ફાટકથી આગળ આવેલ વિસ્તારમાં કંપાર્ટમેન્ટ નંબર-૨૪૪ તરફ ફરજ બજાવતા વન વિભાગ ના બીટગાર્ડ ઉપર બે ઈસમો એ હુમલો કરી જાન થી મારી નાખવાની ધમકી આપતા બીટગાર્ડ એ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્દ્રસિંહ ભરતસિંહ ગોહીલ,મુળ રહે. ખડસલીયા તા.જી.ભાવનગર હાલ રહે.મોઝદા જંગલ ખાતાના કર્વાટસમાં તા.દેડીયાપાડા જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ સગાઈ રેન્જમા બંટાવાડી બીટમા બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા હોઈ જેથી તેઓ મોઝદા રાઉન્ડમાં નામગીર ફાટકથી આગળ આવેલ જંગલ વિસ્તારમાં કંપાર્ટમેન્ટ નંબર-૨૪૪ ખાતે પોતાની ફરજ ઉપર પેટ્રોલિંગમા હતા, તે દરમ્યાન (૧) સુરેશભાઇ અમરસિંગભાઇ વસાવા અને (૨) શૈલેષભાઇ ભારજીભાઈ વસાવા બંન્ને રહે.મોઝદા કોકટીફળીયુ તા. દેડીયાપાડા જી.નર્મદા નાઓ જંગલ ખાતાનુ ઝાડ ગેકાયદેસર રીતે કાપતા હોઈ જેમને બીટગાર્ડ એ ઝાડ કાપતા રોકવા જતા બંને એ ગાળા ગાળી કરી હુમલો કરી છુટા હાથથી ગડદા પાટુનો માર મારી, શરીરે ગેબી ઈજાઓ પહોચાડી બીટગાર્ડ ને જણાવેલ કે આજે તો તું બચી ગયેલ છે.

# અગ્રણી કંપની પ્રવેગે ઈનોવેટિવ લક્ઝરી કેવ રિસોર્ટ માટે રાજસ્થાનના જવાઈમાં 30-વર્ષની લેન્ડ લીઝ મેળવી

(એજન્સી) અમદાવાદ । તા. 14

ભારતની અગ્રણી પર્યાવરણ પ્રત્યે સભાન લક્ઝરી રિસોર્ટ કંપની પ્રવેગ લિમિટેડ રાજસ્થાનના જવાઈમાં કેવ રિસોર્ટના વિકાસ માટે નવા લેન્ડ લીઝના સંપાદનની જાહેરાત કરી આનંદ અનુભવે છે. આ નવો પ્રોજેક્ટ પોતાના પ્રકારના એક લક્ઝરી કેવ રૂમ સ્ટ્રક્ચરની સાથે જવાઈની મનોહર સુંદરતાનો લાભ મેળવશે. રાજસ્થાનના જવાઈના રમણીય વિસ્તારમાં આવેલો નવો રિસોર્ટ 30 વર્ષની લીઝ પર છે. સુઆયોજનની સુવિધા માટે પ્રવેગને 12 મહિનાનો ભાડા-મુક્ત સમયગાળો આપવામાં આવ્યો છે. આ રિસોર્ટમાં 12 વૈભવી ગુફા-પ્રકારના રૂમ અને 8 ભવ્ય ટેન્ટ સહિત કુલ 20 યુનિટ હશે. વધારાની સુવિધાઓમાં સ્વિમિંગ પૂલ, રેસ્ટોરન્ટ અને બારનો સમાવેશ થાય છે, સાથે અનોખા સફારી અનુભવો પણ પૂરા પાડવામાં આવે છે. આ સંપાદન એ પ્રવેગની વિકાસ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે, જે લક્ઝરી કેવ રૂમ દર્શાવતા વિશિષ્ટ રિસોર્ટ ડેવલપમેન્ટની શરૂઆતનો સંકેત આપે છે. તાજેતરના અપડેટ પર ટિપ્પણી કરતા, પ્રવેગ લિમિટેડના ચેરમેન શ્રી વિષ્ણુ પટેલે જણાવ્યું, "જવાઈ એ અદભૂત સુંદરતા અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતું સ્થળ છે, જે તેને અમારા નવા સાહસ માટે આદર્શ સ્થાન બનાવે છે. અમને વિશ્વાસ છે કે એકવાર કાર્યરત થઈ ગયા બાદ, આ રિસોર્ટ ન માત્ર ઉત્તમ સરેરાશ રૂમ દર અને ઓક્યુપન્સી લેવલ હાંસલ કરશે, પરંતુ મહેમાનોને એક અનોખો, સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અનુભવ પણ પૂરો પાડશે. પ્રવેગના જવાઈ રિસોર્ટની રચના એક જીવંત સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કરવામાં આવી છે, જે વૈશ્વિક આકર્ષણ સાથે રાજસ્થાની કળા, સંસ્કૃતિ, નૃત્ય અને રાંધણકળાનું સંમિશ્રણ છે. એકવાર કાર્યરત થઈ ગયા પછી, મહેમાનોને સ્થાનિક સંસ્કૃતિમાં ડૂબી જવા, જવાઈ દ્વારા રજૂ કરવામાં આવતી સાંસ્કૃતિક ઉત્કૃષ્ટતામાં ભાગ લેવા અને રંગબેરંગી યાદોને ઘરે લઈ જવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.જવાઈમાં આ વિસ્તરણ ઈકો-લક્ઝરી હોસ્પિટાલિટી માર્કેટમાં તેની હાજરી વધારવા માટે પ્રવેગની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે.

# અમદાવાદ અને આગ્રા કેન્ટ વચ્ચે દોડશે સમર સ્પેશિયલ ટ્રેન

(એજન્સી) અમદાવાદ । તા. 14

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા અમદાવાદ અને આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ભાડા પર ત્રિ-સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 01920/01919 અમદાવાદ-આગ્રા કેન્ટ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ (20 ટ્રીપ્સ)ટ્રેન નંબર 01920 અમદાવાદ-આગ્રા કેન્ટ સ્પેશિયલ 17 મે 2024 થી 30 જૂન 2024 સુધી દર બુધવાર, શુક્રવાર અને રવિવારે અમદાવાદથી 17.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 09.50 કલાકે આગ્રા કેન્ટ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર 01919 આગ્રા કેન્ટ-અમદાવાદ સ્પેશિયલ 16 મે 2024 થી 29 જૂન 2024 સુધી દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે આગ્રા કેન્ટથી 23.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 14.30 કલાકે અમદાવાદ પહોંચશે. રૂટ પર બંને દિશામાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સેકન્ડ એસીનો એક કોચ, થર્ડ એસીના 5 કોચ અને જનરલ ક્લાસના 14 કોચ હશે.

## 22 સેકન્ડમાં 100 મીટરની દોડ પુર્ણ કરી

# સોલિયાના વિકલાંગ વૃધ્ધે ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાન મેળવ્યું

ભરત શાહ : રાજપીપળા



આજે યુવાનો પોતાનો સમય મોબાઈલ અને સોશિયલ મીડિયા માં પસાર કરે છે ત્યારે નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના સોલિયા ગામનાં 4.5 ફુટ ઊંચાઈના 73 વર્ષીય વિકલાંગ વૃધ્ધે યુવાનોને પણ શરમાવે એવું કરી બતાવી દેડીયાપાડા વિસ્તારનું નામ રોશન કર્યું છે.આ વૃધ્ધે ફક્ત 22 સેકન્ડમાં જ 100 મીટરની દોડ પુર્ણ કરી સ્પેશિયલ ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. ડેડીયાપાડા તાલુકાના સોલિયા ગામના 73 વર્ષીય માત્ર 4.5 ફુટની ઊંચાઈ ધરાવતા મણિલાલ વસાવા પોતે વિકલાંગ હોવા છતાં ખેલ મહાકુંભમાં ભાગ લેવાનો વિચાર કર્યો.જો કે તેઓ વિકલાંગ હોવાથી એમના સંતાનોએ એમને ભાગ ન લેવાની સલાહ આપી પણ માને એ બીજા, અને રાજપીપળા માં યોજાયેલ નર્મદા જિલ્લા સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લઈ મણિલાલ વસાવા એ માત્ર 22 સેકન્ડમાં જ 100 મીટરની દોડ પુર્ણ કરી પ્રથમ સ્થાન મેળવી સૌને ચોંકાવી દીધાં હતાં.એ સાથે એમણે ચક્ર ફેંક સ્પર્ધામાં પણ જિલ્લા કક્ષાએ ત્રીજું સ્થાન હાંસિલ કર્યું છે.તેઓ રાજ્ય કક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લેવા ખેડા ખાતે પહોંચી ગયા છે. મણિલાલ વસાવાની ઊંચાઈ માત્ર 4.5 ફૂટની જ છે પણ પણ તેમનો જુસ્સો આસમાને છે અને તરવરાટ યુવા ખેલાડી જેટલો જ છે.

# જામનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને પ્રિમોન્સૂન કામગીરીના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ



વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જિલ્લા કલેકટરશ્રી બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે વર્ષાઋતુ-2024 પ્રિ-મોનસુન કામગીરીના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. દર વર્ષે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે, ચોમાસા દરમિયાન અને ચોમાસા બાદ તકેદારીના પગલાં, નાગરિકોને માર્ગદર્શન તેમજ આપત્તિ વ્યવસ્થાપન અંગે કાર્યવાહી વગેરે બાબતોનું સુચારુ આયોજન કરવામાં આવતું હોય છે. સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ વાવાઝોડા અને અતિવૃષ્ટિ દરમિયાન બચાવ અને રાહત કામગીરી, જર્જરિત મકાનો અને મિલ્કતોનું રીપેરીંગ, તળાવોની સફાઈ, વિવિધ વોકળા- નદીપટની સફાઈ, વોર્ડ કે તાલુકા અનુસાર રેસ્ક્યુ ટીમ બનાવવી, અગમચેતીના સંદેશા પહોંચાડવા માટેની નેટવર્કિંગ સિસ્ટમ, કંટ્રોલ રૂમમાં ફરજ સોંપણીના હુકમ તૈયાર કરવા, એન.એન.સી. અને એન.એસ.એસ. ટીમની યાદી, દરિયાકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોની યાદી, અગરિયા, તરવૈયા, આપદામિત્રોની યાદી, શ્રમિકો, માછીમારોની યાદી, સ્થળાંતર માટેના વાહનો અને આશ્રય સ્થળોની વ્યવસ્થા, પીવાનું પાણી, હેન્ડ સેનિટાઈઝર, દવાની વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, પશુઓ માટે રસીકરણ અને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા, જુના રોડ-રસ્તાનું રીપેરીંગ વગેરે અગત્યના મુદ્દાઓ પર વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃતપણે ચર્ચા કરી હતી.

# ખાંભા આવેલ એસબીઆઇ બેંકનું બિલ્ડિંગ જર્જિરત હાલતમાં : ગ્રાહકોમાં ફફડાટ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ખાંભામાં હાલતમાં એક્જ રાષ્ટ્રકૃત બેન્ક એસબીઆઈ આવેલ છે. આ એસબીઆઈ બે માળનું બિલ્ડિંગ માં આવેલ છે. પરંતુ આ બિલ્ડિંગ હાલ જર્જૅરિત થઈ ગયેલ હોવાના કારણે ગમે ત્યારે સ્લેબ ના રવેશ માંથી ગાબડાં પડી રહ્યા છે. જ્યારે બીજી તરફ બે દિવસ પહેલા જ બહારના ભાગમાં આવેલ સ્લેબ ના રવેશના ભાગમાંથી જાહેર રસ્તા માં ગાબડાં પડતાં અહીંથી પસાર થતાં રહાદારિઓમા ભય જોવા મળી રહ્યો છે, ત્યારે આ જર્જૅરિત બિલ્ડિંગના કારણે કોઈ મોટી જાનહાનિ સર્જાય તો જવાબદારી કોની ? એ એક વેધક સવાલ હાલ થઈ રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે ખાંભા ચલાલા હાઈવે નજીક જ એસબીઆઈ બેન્કની બ્રાન્ચ આવેલ છે. આ બેન્ક હાલમાં ભાડાના બિલ્ડિંગમાં વર્ષોથી કાર્યરત છે. જ્યારે આ બિલ્ડિંગ બન્યા ને દસકા વીતી ગયા છે. ત્યારે હાલમાં આ બેન્કના બિલ્ડિંગ દિવસે ને દિવસે બાંધકામ જર્જૅરિત થઈ રહ્યું છે. અને તેના કારણે બેન્ક ના સ્લેબ માંથી ગાબડાં પડી રહ્યા છે. બે દિવસ પહેલા શનિવારના રોજ બેન્કના બિલ્ડિંગના બહાર ના રવેશ ના સ્લેબ માંથી જાહેર માર્ગ પાર ગાબડાં પડતાં આજુબાજુ ના દુકાન દારો પણ બહાર નીકળી ગયા હતા ત્યારે સવાલ એ થાય રહ્યો છે. કે આ જર્જૅરિત ઝળુબતુ મોત બિલ્ડિંગ માં બેન્કની કામગીરી શરૂ છે. ગમે ત્યારે આ જર્જૅરિત બિલ્ડિંગ ધરાશયી થાય અને મોટી જાનહાનિ થાય તો જવાબદારી કોની ? હાલમાં આ બેન્કમાં ખેડૂતો ની ધિરાણ ની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

# ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને પ્રિ-મોન્સુન-2024ની બેઠક યોજાઈ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લા પ્રિ- મોન્સુન - ૨૦૨૪ની બેઠક જિલ્લા કલેકટર મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં આગામી ચોમાસુ- ૨૦૨૪ દરમ્યાન વધુ વરસાદ પડે તો શું તકેદારી રાખવી તેના પર સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ તમામ તાલુકા, નગરપાલિકા અને મહાનગરપાલિકાના પ્રિ- મોન્સુન પ્લાનની વિગતવાર માહિતી મેળવી હતી. બેઠકમાં કલેકટર મેહુલ દવેએ જણાવ્યું હતું કે, ભારે વરસાદ- વાવાઝોડા સમયે જાનમાલને નુકશાન ન થાય તે માટે નીચાણવાળા વિસ્તારની યાદી, સ્થળાંતર માટેના સ્થળોની યાદી અને તરવૈયાની યાદ ખાસ તૈયાર રાખવી. દરેક ગામના સરપંચ, તલાટી કે સ્વૈચ્છિક સંસ્થાની સંપર્ક નંબરની યાદી પણ તૈયાર કરવાની સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. અતિભારે વરસાદ, પુરના સંજોગોમાં ફસાઇ ગયેલા લોકોને બચાવવા એન.ડી.આર.એફ. કે ભારતીય સેના બોલાવવાની આવશ્યકતા જણાયે તો તેવી એજન્સીઓને મદદરૂપ થવા ઉપયોગી સંશાધનો કર્મચારીઓની યાદી તૈયાર કરવી. તેમજ તાલુકા, ગામવાર રસ્તા, નદીઓ, તળાવો, રેલ્વેલાઈન વિગેરે મહત્વના સ્થાનો દર્શાવતા નકશા તથા ભૌગાલિક પરિસ્થિતિ અને રસ્તાના સામાન્ય જાણકાર એવા અનુભવી કર્મચારીઓની પણ યાદી ખાસ રાખવી. તેની સાથે બચાવ- રાહત કાર્ય માટે વપરાતા ડમ્પર, ડીવોટરીંગ પંપ સેટ, બુલડોઝર, જનરેટર, હોડીઓ, લાઈફ બોયા, લાઈફ જેકેટ વગેરેની ચકાસણી કરી લેવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

## દરેક હૃદય ના દેવ – બાબા હરદેવ

# બાબા હરદેવ સિંહ જી ને સમપ્રિત સમર્પણ દિવસ

## જીવન ની દરેક પળ નિરંકાર ને સમપ્રિત કરી ને જીવન જીવીયે - સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ

અમદાવાદ,




જ્યારે આપણે જીવન ની દરેક પળ આ નિરંકાર પ્રભુ પ્રતિ સંપૂર્ણ સમર્પિત ભાવ સાથે પોતાનું જીવન જીવીયે છીએ ત્યારે જ સાચા અર્થ માં માનવતા ના કલ્યાણાર્થે આપણું જીવન સમર્પિત થઇ જાયછે. આવુ જ પ્રેમ-ભક્તિ થી યુક્ત જીવન બાબા હરદેવ સિંહ જી એ પોતે જીવી ને દેખાડયું હતું, આ આશિષ વચન સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ દ્વારા સમર્પણ દિવસ ના પાવન અવસર પર વ્યકત કરવા માં આવ્યા. યુગદ્રષ્ટા બાબા હરદેવસિંહજી મહારાજની પાવન સ્મૃતિમાં 'સમર્પણ દિવસ' સમાગમ નું આયોજન તા.13 મે સોમવાર ના રોજ સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતાના પાવન સાનિધ્યમાં સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ, સમાલખા (હરયાના) ખાતે આયોજન કરવામાં આવ્યું જેમાં દિલ્હી, એન. સી. આર. સહિત પાડોસી રાજ્ય થી હજારો ની સંખ્યા માં સમીલિત થઇ બાબા હરદેવ સિંહ જી પરોપકાર નું સ્મરણ કર્યું તેમજ હૃદયપૂર્વક શ્રદ્ધા સુમન અર્પિત કર્યા. માનવતા ના મસીહા બાબા હરદેવ સિંહ જી ની શિક્ષાઓ નું સ્મરણ કરતા સતગુરુ માતા જી એ ફરમાવ્યું કે બાબાજી સ્વયં પ્રેમ ની સજીવ મૂર્તિ બનીને નિસ્વાર્થ ભાવ થી જીવન જીવવાની કળા શીખવાડી હતી. વધુમાં માતા જી એ કહ્યું કે જયારે પરમાત્મા સાથે સાચ્ચો પ્રેમ થઇ જાય તો માયાવી સંસાર ની લાભ અને હાની આપણને પ્રભાવિત કરતી નથી કારણકે ઈશ્વર સાથે નો પ્રેમ અને એની પસંદગી આપણા માટે સર્વોપરી થઇ જાય છે. આનાથી વિપરીત જયારે આપણે પોતાને પરમાત્મા ની સાથે નહિ જોડી ને ભૌતિક વસ્તુઓ થી જોડાઈ જઈએ છીએ ત્યારે ક્ષણભંગુર સુખ અને સુવિધા તરફ ધ્યાન કેન્દ્રિત થઇ જાય છે. જેના કારણે આપણે મોહ માં ફસાઈ જીવન ની વાસ્તવિક આનંદ ની અનુભૂતિ વંચિત થઇ જયીએ છીએ. વાસ્તવિકતા તો એજ છે કે સાચ્ચો આનંદ ફક્ત આ પ્રભુ પરમાત્મા સાથે જોડાઈ ને એની નિરંતર સ્તુતિ કરવા માં છે જે સંતો ના જીવન થી નિરંતર પ્રેરણા લઇ ને પ્રાપ્ત કરી શકાય છે.

# જિલ્લા કલેકટરના આદેશથી માત્ર ગણતરીના કલાકોમાં સ્વજન ગુમાવનાર પરિવારને રૂ. 4 લાખનો સહાય ચેક અર્પણ કરાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગઈકાલે બપોરના સુમારે ગાંધીનગર જિલ્લામાં અચાનક વાવાઝોડું અને કમોસમી વરસાદ આવ્યો હતો. જેમાં દહેગામ તાલુકાના ઉદણ ગામ ખાતે ૫૫ વર્ષીય શનાજી કચરાજી સોલંકીનું ઝાડ પડી જવાથી મૃત્યુ થયું હતું. જેમને જિલ્લા કલેકટર મેહુલ દવેના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ ઘટનાને માનવીય સંવેદના સાથે ગંભીરતાથી લઈ માત્ર ગણતરીના કલાકોમાં મૃત્યુ પામનાર પરિવારને રૂપિયા ૪ લાખથી સહાયનો ચેક અર્પણ કર્યો છે.



ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યના અનેક ઠેકાણે ગઈકાલે બપોરના સુમારે વાવાઝોડું ચડી આવ્યું હતું. ત્યારબાદ વરસાદ પણ ગાંધીનગર જિલ્લાના અનેક વિસ્તારમાં પડયો હતો. આ વરસાદના સમયે દહેગામ તાલુકાના ઉદણ ગામ ખાતે રહેતા ૫૫ વર્ષીય શનાજી કચરાજી સોલંકી ઉપર સાંજના ૫.૩૦ કલાકે લીમડાનું ઝાડ પડ્યું હતું. ઝાડ પડવાના કારણે શનાજી ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સાંજના ૬.૩૦ કલાકની આસપાસના સમયે હોસ્પિટલ સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જ્યાં આધેડ વયના શનાજીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અચાનક ઘરના મોભીનું મૃત્યુ થતાં પરિવાર પર આભફાટી પડ્યું હતું.

# ડાંગ જિલ્લામાં સતત ત્રીજા દિવસે વાવાઝોડા અને વીજળીનાં કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ

સુશીલ પવાર : ડાંગ



રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મૌસમે મિજાજ બદલ્યો છે.ડાંગ જિલ્લામાં ક્યાંક અસહ્ય ગરમી અને ઉકળાટ તો ક્યાંક વાવાઝોડુ તો ક્યાંક વીજળીની ગાજવીજ સાંભળવા મળી રહી છે.તો ક્યાંક બરફનાં કરા સાથે કમોસમી માવઠું પણ વર્તાઈ રહ્યુ છે.ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં મૌસમનાં મીજાજે કહેર વર્તાવતા ફળફળાદી પાકોને જંગી નુકસાન થવા પામ્યુ છે.તો અમુક ઠેકાણે ઝાડવા સહિત ઘરોનાં પતરા જમીનદોસ્ત કરી દેતા મોટી નુકશાની સર્જાવા પામી છે.મંગળવારે ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ, આહવા, ચીખલી, બોરખલ સહિત પૂર્વપટ્ટી અને મહારાષ્ટ્રનાં સરહદીય પંથકોમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સતત ત્રણ દિવસથી વાતાવરણ પલટો આવી જતા ડાંગી તાતને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.ગિરિમથક સાપુતારા ખાતે પણ કમોસમી વરસાદ પડતા જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતુ. ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી માહોલનાં પગલે વાતાવરણમાં શીત લહેર વ્યાપી જતા ફરવા આવેલ પ્રવાસીઓની મોજ પડી ગઈ હતી.

# મોટામાળુંગા ગામ નજીક મોપેડ પર લઈ જવાતા દારૂના જથ્થા સાથે બે ઝડપાયા, કુલ 33 હજારનો મુદ્દામાલ જપ્ત

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ મથકની ટીમ વઘઈ તાલુકાનાં મોટામાળુંગા ખાતે આવેલ ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ કરી રહી હતી.તે વેળાએ એકટીવા મોપેડ રજી. નં.GJ-30-E-0065 આવતા સાપુતારા પોલીસની ટીમે તેની તપાસ કરી હતી.ત્યારે પાસ પરમીટ વગરનો ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.જે બાદ પોલીસે મોપેડ પર સવાર ભાવેશભાઇ મનસુભાઈ દેશમુખ (રહે.આહવા તા.આહવા જી.ડાંગ) તથા ભરતભાઈ સુરેશભાઈ પવાર (રહે. સુરગાણા જી.નાસિક મહારાષ્ટ્ર )ની અટકાયત કરી હતી.તેમજ દારૂનો જથ્થો અને મોપેડ સહિત પોલીસે કુલ કિંમત રૂપિયા 33,120/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અને દારૂનો જથ્થો પૂરો પાડનાર એક ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

# બજાજ આલિયાંઝ લાઇફના ટકાઉ અને નફાકારક વૃદ્ધિ પ્રવાહે FY2024માં વેગ પકડ્યો

(એજન્સી) પૂણે । તા. 14

ભારતની અનેક અગ્રણી ખાનગી જીવન વીમેદારો (લાઈફ ઈન્સ્યુર)માંની એક બજાજ આલિયાંઝએ FY2024ના વાર્ષિક બિઝનેસ આંકડા સાથે મજબૂત પ્રદર્શન અને વ્યૂહાત્મક વૃદ્ધિ દર્શાવવાનું સતત રાખ્યુ છે. ઈન્ડિવીજ્યૂઅલ રેટેડ ન્યુ બિઝનેસ FY2024માં અદભૂત 21%ના દરે વધ્યો છે, જે કંપનીની સ્થિતિસ્થાપકતા અને બજારના ફેરફારોને અપનાવવાની ક્ષમતા દર્શાવે છે, તેમજ 2 ગણાથી વધુના નોંધપાત્ર માર્જિન સાથે ખાનગી ઉદ્યોગની સરેરાશ વૃદ્ધિને પાછળ પાડી દીધી છે. નવુ બિઝનેસ મૂલ્ય સૌપ્રથમ વખત રૂ. 1,000 કરોડના ચિહ્નથી વધીને FY2024માં રૂ. 1,061 કરોડ થયુ છે. જ્યારે રિટેલ પોલિસીની સંખ્યા (NOP)માં FY2023માં 6.13 લાખ પોલિસીઓ સામે FY2024માં જારી કરાયેલ 7.46 લાખ પોલિસી સાથે 22%નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે, જે વધી રહેલા ગ્રાહક વર્ગનો સંકેત આવે છે. કંપનીએ 31 માર્ચ 2024ના રોજ રૂ. 1,09,829 કરોડની અત્યાર સુધીની સૌથી વધુ વ્યવસ્થાપન હેઠળ અસ્કયામત (AUM) હાંસલ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### એક તો ઘર પર પડ્યું, અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થતા લોકો પરેશાન થયા

# 2 કલાકમાં 10 ડિગ્રી તાપમાન ગગડ્યું: સુરતમાં રાત્રે મિની વાવાઝોડાથી 18 વૃક્ષ જમીનદોસ્ત

(એજન્સી) સુરત | તા 14

સુરત શહેરમાં ગતરોજ દિવસભર કાળઝાળ ગરમી પડ્યા બાદ મોડીરાતે 10 વાગ્યા બાદ વાવાઝોડા સાથે કેટલાક વિસ્તારોમાં માવઠાની અસર જોવા મળી હતી, જેમાં અંદાજે 40થી 50 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. જેના પગલે સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં કુલ 18 વૃક્ષ તૂટી પાડ્યા હતા. જેથી ફાયર વિભાગ દ્વારા આખી રાત કામગીરી કરી આ વૃક્ષોને દૂર કરવામાં આવ્યા હતા. જ્યારે અડાજણ વિસ્તારમાં એક મહાકાય વૃક્ષ ઘર પર પડ્યું હતું. જેના કારણે ભારે નુકસાની થઈ હતી. રાત્રે વીજળીના ચમકારા સાથે વરસાદ પડ્યો

ગત રાત્રે 10 વાગ્યા બાદ મિની વાવાઝોડા સાથે કેટલાક વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. રાત્રે વીજળીના ચમકારા સાથે વરસાદ પડતા સુરતના કેટલાક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. હવામાનમાં આવેલા એકાએક પલટાને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ગરમીમાં રાહત મળી હતી. ખાસ કરીને માત્ર 2 કલાકના અરસામાં જ તાપમાનમાં 10 ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ભારે પવન ફૂંકાવાને કારણે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ જતાં ફાયરબ્રિગેડ દોડતું થઈ ગયું હતું. સુરતમાં કુલ 18 વૃક્ષો ધરાશાયી થયા હતા. રાતે 8 કલાકે તાપમાન 34 ડિગ્રી હતું જે 10 વાગ્યા સુધીમાં ગગડીને સીધુ 24 ડિગ્રી થઈ ગયું વરસાદ



પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી હવામાન વિભાગ દ્વારા આગામી 16 મે સુધી દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. તે દરમિયાન સોમવારે રાત્રે જ વરસાદ પડતા લોકોને ગરમીથી થોડી રાહત મળી છે. છેલ્લા એક અઠવાડિયાથી પારો સતત વધતા શહેરીજનોને ગરમીથી રાહત મળી હતી. શહેરના પાલ, અડાજણ, રાંદેર સહિતના વિસ્તારોમાં વાવાઝોડા જેવો પવન ફૂંકાયો હતો.

જોતજોતામાં અહીં વરસાદ પણ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શહેરના કેટલાક વિસ્તારમાં ભારે પવનના કારણે છાપરા પણ ઉડ્યા હોવાની ઘટના બની હતી. ભારે પવન ફૂંકાવાને કારણે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ જતાં ફાયરબ્રિગેડ દોડતું થઈ ગયું હતું. સુરતમાં કુલ 18 વૃક્ષો ધરાશાયી થયા હતા. ફાયર ઓફિસર સંપત સુથારે જણાવ્યું હતું કે, અડાજણ પાટિયા પાસે આવેલી સુગમ સોસાયટીમાં મહાકાય વૃક્ષ ઘર પર તૂટી પડ્યું હતું. જેના પગલે 3થી 4 લાખનું નુકસાન થયું હતું.

જ્યારે કોઈ જાનહાનિ ન થતાં રાહતનો શ્વાસ લીધો હતો. અડાજણ-ડુમસ સહિતના વિસ્તારમાં વીજળી ગૂલ અડાજણ અને ડુમસ સહિતના કેટલાક વિસ્તારમાં વીજળી ગુલ થઈ હતી. મોડીરાત સુધી વરસાદ અને પવનને લીધે વીજળી ગુલ રહેતાં લોકોને પરેશાની સામનો કરવો પડ્યો હતો. જોકે, ભારે પવન અને વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને આકરી ગરમીમાંથી રાહત મળી હતી.

## ન્યૂઝ કોર્નર

### 64 વર્ષના વૃદ્ધાના ગળામાંથી 3 તોલા સોનાની ચેઇન તોડી 2 શખસ ફરાર

વડોદરાના સમા વિસ્તારમાં 64 વર્ષના વૃદ્ધાના ગળામાંથી 3 તોલા સોનાની ચેઈન તોડીને બાઈક પર આવેલા 2 શખસ ફરાર થઈ ગયા હતા. આ મામલે વૃદ્ધાના પુત્રએ સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સમા પોલીસે CCTVની મદદથી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. દંપતી ચાલવા નીકળ્યું હતું વડોદરાના ન્યૂ સમા રોડ પર આવેલા સન ફ્લાવર એપાર્ટમેન્ટમાં રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા સુનિલ કાનજીભાઈ ગાધેર (ઉં.વ. 41)એ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 15 માર્ચના રોજ રોજિંદા સમય મુજબ સાંજે 6.30 વાગ્યે મારા માતા મણીબેન (ઉં.વ. 64) અને પિતા કાનજીભાઈ (ઉં.વ. 68) ઘરેથી ચાલવા માટે અયપ્પા ગ્રાઉન્ડની સામે આવેલ વીરસાવરકર ગાર્ડનમાં ગયા હતા.

### MSUમાં 70% સ્થાનિક છાત્રોને પ્રવેશ નહીં અપાય તો જલદ આંદોલન કરાશે

વડોદરાના 70 ટકા સ્થાનિક વિદ્યાર્થીઓને હજી સુધી એમએસયુમાં પ્રવેશ આપવાના નિયમને હવે કોમન એક્ટના ઓથા હેઠળ આ પરંપરાને ઊથલાવી સરકારીકરણ કરવાની હિલચાલનો ઉગ્ર વિરોધ કરાયો છે. આ મુદ્દે 25 વર્ષ સુધી સેનેટ સભ્ય રહેલા નરેન્દ્ર રાવતે વાઈસ ચાન્સેલરને પત્ર લખીને ચીમકી આપી છે કે, 70 ટકાથી વધુ બેઠકો સ્થાનિક વિદ્યાર્થીઓ માટે અનામત છે, તે ચાલુ રાખશો એ બાબતે કોઈ પણ પ્રકારના બહાના હેઠળ ચેડાં ન કરશો નહિતર ઉગ્ર આંદોલન થશે. આ વર્ષે શહેર અને જિલ્લામાં ધો.12 કોમર્સમાં 12 હજારથી વધુ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેથી કોમર્સમાં પ્રવેશમાં મુશ્કેલી સર્જાશે. તેમણે જણાવ્યું છે કે, ભાજપે અને વડોદરાના ભાજપના નેતાઓએ મ.સ.યુનિ.ને સરકારે કોમન એક્ટમાં સામેલ કરી સરકારીકરણ કરી વડોદરાની પ્રજા સાથે ગદ્દારી કરી છે. વડોદરા ક્યારેય માફ નહિ કરે.

# રાત્રે 50 કિમીની ઝડપે પવન ફૂંકાયો, 8 વાગ્યે ગરમી 34 ડિગ્રી હતી જે 10 વાગ્યે ઘટીને 24 થઈ ગઈ, 18 મે સુધી ગરમી વધશે



(એજન્સી) વડોદરા | તા 14

વાવાઝોડાને લીધે સંખ્યાબંધ વિસ્તારોમાં વીજળી ડૂલ, વનિતા વિશ્રામમાં મેળો બંધ કરવો પડ્યો, આજે માવઠાની આગાહી સોમવારે મુંબઈમાં ખરાબ વાતાવરણ સાથે વાવાઝોડાની અસર જોવા મળતાં મુંબઈ એરપોર્ટનું ઓપરેશન 30 મિનિટ બંધ કરવાની ફરજ પડી હતી. આમ, ઓપરેશન બંધ થતાં જ મુંબઈ એરપોર્ટની ચાર પેસેન્જર ફ્લાઈટ અને બે ચાર્ટર્ડ ફ્લાઈટને સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. જો કે, બાદમાં મુંબઈનું હવામાન સુધરતા મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઓપરેશન ફરી કાર્યરત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સુરત એરપોર્ટ પર લેન્ડ થયેલી ફ્લાઈટો એક પછી એક ટેકઓફ થઈને મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ શકી હતી. આ તમામ ફ્લાઈટો સુરત એરપોર્ટ પર ડાયવર્ટ થવાને કારણે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નિર્ધારિત સમયથી દોઢેક કલાક મોડી લેન્ડ થઈ શકી હતી. આમ, ફ્લાઈટો મોડી લેન્ડ થતા પેસેન્જરો હેરાન પરેશાન થઈ ગયા હતા તેમજ ઘણાનો પ્રવાસ પણ બગડ્યો હતો.ભારે પવનથી વનિતા વિશ્રામમાં ચાલતા મેળાનો એન્ટ્રીગેટ નમી જતાં અફરાતફરી સર્જાઈ સંખ્યાબંધ લોકોને એકસાથે બહાર મેળામાંથી બહાર કઢાયા

ઉત્તર અરબી સમુદ્ર આસપાસ સાઈક્લોનિક સરક્યુલેશન સક્રિય વેધર રિપોર્ટર | સુરત શહેરમાં સોમવારે દિવસભર કાળઝાળ ગરમી પડ્યા બાદ મોડી રાતે 10 વાગ્યાના અરસામાં વાવાઝોડા સાથે કેટલાક વિસ્તારોમાં માવઠાની અસર જોવા મળી હતી, જેમાં અંદાજે 40થી 50 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયા હતા. રસ્તા પર ધૂળની ડમરીઓ ઉડવાથી રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. રાત્રે વીજળીના ચમકારા સાથે માવઠું થતાં શહેરના કેટલાક વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ હોવાની માહિતી મળી રહી છે. હવામાનમાં આવેલા એકાએક પલટાને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ગરમીમાં રાહત ળી હતી. ખાસ કરીને માત્ર 2 કલાકના અરસામાં જ તાપમાનમાં 10 ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. રાતે 8 કલાકે તાપમાન 34 ડિગ્રી હતું જે 10 વાગ્યા સુધીમાં ગગડીને સીધુ 24 ડિગ્રી થઈ ગયું હતું. મંગળવારે પણ શહેરમાં માવઠું થવાની આગાહી કરવામાં આવી છે. જો કે, તેની સંભાવના નહિંવત છે. 18 મે સુધીમાં ગરમી ક્રમશઃ વધવાની આગાહી પણ છે, જેમાં તાપમાન 40થી 42 ડિગ્રી વચ્ચે રહી શકે છે. સોમવારે પારો રવિવાર કરતા દોઢ ડિગ્રી વધીને 39 ડિગ્રી પહોંચી ગયો હતો. સાંજ સુધી પવનની ગતિ પણ મંદ રહેતાં અસહ્ય ગરમીથી લોકોની હાલત કફોડી બની હતી. જો કે, રાત્રે વાવાઝોડા સાથે વરસાદથી વાતાવરણમાં ઠંડક થઈ હતી. શહેરનું મહત્તમ તાપમાન 38.8 ડિગ્રી અને લઘુતમ 24 ડિગ્રી નોંધાયું હતું. રવિવાર કરતા મહત્તમમાં 1.6 ડિગ્રી અને લઘુતમ તાપમાનમાં 0.5 ડિગ્રીનો વધારો નોંધાયો હતો.મે મહિનો સામાન્યથી એકથી બે ડિગ્રી ગરમ રહેવાની આગાહી વચ્ચે શહેરમાં શરૂઆતમાં જ બે વાર હીટવેવ જોવા મળી. 1 અને 3 મેએ પારો 39 ડિગ્રી રહ્યો હતો.

### આગામી દિવસોમાં 298 સિગ્નલો શરૂ કરાશે

# તાપ્તીગંગા સહિતની ટ્રેનોની પેન્ટ્રીમાં બિન અધિકૃત બ્રાન્ડનાં પાણીનો જથ્થો મળી આવ્યો

(એજન્સી) સુરત | તા 14

‘રેલ નીર’નો પુરવઠો ઓછો પડતાં 31 મે સુધી જે 4 બ્રાન્ડ વેચવાની છૂટ અપાઈ હતી તે સિવાયનું પાણી વેચાતું હતું ઉનાળાના વેકેશનની સ્થિતિમાં ટ્રેનોમાં યાત્રીઓની ભીડ વધતાં ‘રેલ નીર’નો વપરાશ એટલો વધી ગયો સમયસર પાણી મળી શકતું ન હતું, જેથી કે IRCTCએ પત્ર લખીને ‘રેલ નીર’નો પુરવઠો બંધ કરી તેની સામે સુરત સ્ટેશન પર 12થી 31 મે દરમિયાન ચાર અન્ય અધિકૃત બ્રાન્ડનાં પાણીના સપ્લાયને મંજૂરી આપવામાં આવી હતી. જો કે, સોમવારે ટ્રેનોમાં ગેરકાયદે બ્રાન્ડનો પાણીનો જથ્થો મળી આવ્યો હતો. નવાઈની વાત એ છે કે, IRCTCના કેટરિંગ કોન્ટ્રાક્ટરો આ મુદ્દે અજાણ હતા. સુરત સ્ટેશન પર જે 4 બ્રાન્ડ્સને વોટર અને ઝુરિકાનો સમાવેશ થાય છે. મુસાફરોને આ બોટલો પણ 15 રૂપિયામાં જ વેચાશે. સુરત, ઉધના, વાપી, વલસાડ, નવસારી સ્ટેશન પર પે & યૂઝના વધુ ચાર્જ લેતા કોન્ટ્રાક્ટર ટર્મિનેટ

સુરત, ઉધના, બીલીમોરા, વાપી, વલસાડ અને નવસારી સ્ટેશન પરનાં પે એન્ડ યૂઝ ટોયલેટ હાલમાં



ફ્રી કરી દેવાયાં છે. ગ્રુપ કોન્ટ્રાક્ટર સામે વધતી ફરિયાદોને કારણે ઈજારદારનો કોન્ટ્રાક્ટ ટર્મિનેટ કરાયો છે. અધિકારીએ જણાવ્યું કે, આ તમામ સ્ટેશનો પર ગ્રુપ કોન્ટ્રાક્ટ લેનાર પદ્મજા કામમ, હૈદરાબાદની સર્વિસને બંધ કરી દેવાઈ છે. મુસાફરો પાસેથી વધુ ચાર્જ લેવાતો હોવાની અનેક ફરિયાદો મળતાં કોન્ટ્રાક્ટરને નોટિસ પણ આપવામાં આવી હતી. તપાસ દરમિયાન સફાઈનો અભાવ જોવા પ્લેટફોર્મ 1ની ઉત્તર બાજુએ, નવસારી અને ઉધનામાં પ્લેટફોર્મ 2 અને 3 પર શૌચાલયના હાલ કોઈ જ ચાર્જ લેવામાં નહીં આવે. હવે નવા ટેન્ડર બહાર પાડી યાત્રીઓ માટે એક બોર્ડ મુકાશે.

# મિની વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા ઊભા પાકનો સોંથ વળ્યો

(એજન્સી) વડોદરા | તા 14

છેલ્લા બે દિવસથી ગુજરાતના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. જેમાં ગઈકાલે 13 મે, 2024ના રોજ રાજ્યના અનેક જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. આથી ભારે નુકસાન થયાનું સામે આવ્યું છે. જેમાં ખેડૂતના તૈયાર પાક ડાંગર, મગ, તલ, બાજરી, કેરી સહિતનાને નુકસાન થયું છે. તો સાથે જ અમદાવાદ, સુરત, રાજકોટ, ભરૂચ, અમરેલી, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ભાવનગર, વલસાડ સહિત જિલ્લાઓમાં વૃક્ષો ધારાશાયી થવાની સાથે ઠેર-ઠેર લાગેલા હોર્ડિંગ્સ અને બેનરો ફાટ્યાં હોવાના દૃશ્યો સામે આવ્યા છે. તેમજ ઘણી જગ્યાએ વીજપોલ ધરાશાયી થતા વીજ પુરવઠો ખોરવાયો છે. આગામી 16 મે સુધી રાજ્યમાં કમોસમી વરસાદની વકી હોવાથી જગતનો તાત ચિંતાતુર બન્યો છે. ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં ખેડૂતના તૈયાર પાકને નુકસાન

ગઈકાલે સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો દેખાયો હતો.

# ઘરના મોભીએ જ પરિવારને સાઇનાઇડ ઝેર આપ્યું હતું!

(એજન્સી) વડોદરા | તા 14

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં ઘરના મોભીએ 2 મેના રોજ તેના પિતા, પુત્ર અને પત્નીને શેરડીના રસમાં ઝેર (પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈડ) ભેળવી આપી દીધું હતું. જેમાં પત્ની અને પિતાનું મોત થયું હતું અને તે પોતે અને તેનો પુત્ર સારવાર હેઠળ હતા. 12 દિવસની સારવાર દરમિયાન ગઈકાલે પુત્ર આકાશે પણ સયાજી હોસ્પિટલ દમ તોડી દીધો હતો. જ્યારે આરોપી ICUમાં દાખલ છે અને તેની સારવાર ચાલી રહી છે. સાળાએ બનેવી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી સોની પરિવારમાં થયેલા બનાવને લઈ સાળાએ જ બનેવી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપી ચેતન સોની સામે હત્યાનો ગુનો નોંધાયો છે.

પત્ની, પુત્ર અને પિતાનું શેરડીના રસમાં ઝેર ભેળવી પીવડાવી મૃત્યુ નિપજાવ્યું હતું. પોલીસે આરોપી સામે 302, 307, 328 અને 201 મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદી મનોજકુમાર જશવંતલાલ સોની ચેતન સોનીના સાળા થાય છે.

આ સમગ્ર ઘટના 2 મેના રોજ રાત્રે 1.50 વાગે ડાયેરિયા અને વોમેટિંગની તકલીફ થતાં આકાશે તેના મિત્રોને કોલ કર્યો હતો.

# વેકેશનમાં હરવાફરવા માટે મનપાનું સરથાણા નેચર પાર્ક સુરતીઓની પહેલી પસંદગી

(એજન્સી) સુરત | તા 14

સુરતમાં ઉનાળા વેકેશન દરમિયાન ફરી એક વાર સરથાણા નેચર પાર્કમાં લોકોની ભીડ ઊમટી પડી છે. મે મહિનાના પહેલા 12 દિવસમાં જ સુરત પાલિકાના નેચર પાર્કમાં 53,664 મુલાકાતીઓ આવ્યા છે. મુલાકાતીઓની સંખ્યામાં વધારો થતાં સુરત પાલિકાને 13.78 લાખની ટિકિટની આવક પણ થઈ છે. 5 મેના રોજ 10 હજારથી વધુ મુલાકાતીઓ આવ્યા છેલ્લા કેટલાક વખતથી સુરતીઓ માટે રજાના દિવસોમાં સરથાણા નેચર પાર્ક હોટ ફેવરિટ બની રહ્યું છે. તેમાં પણ દિવાળી અને ઉનાળુ વેકેશનમાં સુરતીઓ નેચર પાર્કમાં ઉમટી પડી રહ્યાં છે. જેમાં પણ વેકેશનના પહેલા બીજા દિવસે એટલે કે 5 મેના રોજ સુરત પાલિકાના નેચર પાર્કમાં 10 હજારથી વધુ મુલાકાતીઓ આવી ગયા હતા. જેના કારણે પાલિકાને 2.46 લાખની આવક થઈ હતી. આ ઉપરાંત મે મહિનાના પહેલા 12 દિવસમાં સુરત પાલિકાના સરથાણા નેચર પાર્કમાં 56,664 મુલાકાતીઓએ મુલાકાત લીધી, જેના કારણે પાલિકાને 13.76 લાખની આવક થઈ છે. હજી વેકેશનના દિવસો બાકી છે. તેમાં પણ વીકેન્ડમાં વધુ મુલાકાતીઓ આવે અને પાલિકાને વધુ આવક થાય એવી શક્યતા નકારી શકાતી નથી. વેકેશનમાં બાળકોની પહેલી પસંદગી પ્રાણી સંગ્રહાલય ઉનાળુ અને દિવાળી વેકેશન દરમિયાન વન્ય પ્રાણીઓને જોવાનો ક્રેઝ યથાવત છે. સુરતમાં મે મહિનાના 15 દિવસમાં જ લાખો રૂપિયાની આવક કોર્પોરેશનને થઈ છે, જે બતાવે છે.

# વાઘોડિયા સીએચસી સુવિધાના અભાવે બન્યું શોભાના ગાંઠિયા રૂપ

વાઘોડિયા | વાઘોડિયા વર્ષ 2022 વખતે રાજ્ય સરકારે રાજ્યોના કેટલાક પીએચસીનું સીએચસીમાં રૂપાંતર કરી લોકોને સારી સુવિધા આપવાની જાહેરાત કરી હતી. જે પૈકી વાઘોડિયા પીએસસીના બદલે સીએચસી શરૂ કરાયું હતું. પરંતુ સીએચસી સેન્ટર સુવિધાના અભાવે હાલ શોભાના ગાંઠિયા સમાન બન્યું છે. ગરીબ જરૂરિયાતમંદ દર્દીઓને ખાનગી દવાખાનાનો સહારો લેવાનો વખત આવ્યો છે. વાઘોડિયામાં સન 1955માં પ્રાઈમરી હેલ્થ સેન્ટરના બિલ્ડિંગની સ્થાપના થઈ હતી. રજવાડા વખતનું આ બિલ્ડિંગ હેરિટેજમા સમાવતાં હાલ જર્જરિત હોવાના કારણે બંધ હાલતમાં છે. તાલુકાના મુખ્ય મથકે ગામેગામથી ગરીબ દર્દીઓ આરોગ્યલક્ષી તપાસ અને સારવાર કરાવવા આવતા હતા. પરંતુ તાલુકા લેવલે વધુ સારી સુવિધા પ્રજાજનોને મળે તે માટે પીએચસીની જગ્યાએ સીએસસી સેન્ટર દોઢ વર્ષ પહેલાં શરૂ કરાયું હતું. અહીં કાર્યરત પીએસસી સેન્ટર અલવા ગામે ખસેડાયું, પરિણામે વાઘોડિયા હેલ્થ સેન્ટરને સીએચસીનું બિરુદ તો મળ્યું પણ કામકાજ શરૂ થયું નહીં. બજેટમાં નાણાકીય વાઘોડિયા વંચિત રહ્યું. હાલ સીએચસીના મેડિકલ ઓફિસર ડૉ.અમીન કોટડીયાના જણાવ્યા પ્રમાણે ત્રણ ડૉક્ટરની ભરતી થઈ પરંતુ બે ડૉક્ટર એક્ઝામની તૈયારીમાં હોવાથી માત્ર એક જ ડોક્ટર ઓટી સંભાળે છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### ડભોઇના નાંદોદી ભાગોળે ખેતરમાં ટીટોડીએ 4 ઇંડા મૂક્યા

ડભોઇ | ડભોઇ પંથકમાં ઉનાળાનો હવે છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે. ખેડૂતો હવે વરસાદની આશ લઈને બેઠા છે ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ વરસાદ વહેલો આવે તેવી શક્યતા સેવાય છે. ત્યારે ડભોઈના નાંદોદી ભાગોળ વિસ્તારમાં એક ખેડૂતના ખેતરમાં ટીટોડીએ 4 ઇંડા મૂકતાં ખેડૂતોમાં 4 મહિના સારો વરસાદ વરસવાની આશા બંધાઈ છે. ટીટોડીના ઇંડાથી પૂર્વજો વરસાદ કેવો પડશે અને કેટલો રહેશે તેનું અનુમાન લગાવી લેતાં હતા. હાલ જોવા જઈએ તો હવામાન નિષ્ણાતો દ્વારા ચાલુ સીઝનમાં વરસાદ વહેલો આવે તેવી શક્યતાની આગાહી કરાઈ છે.

### તસ્કરોએ દંડો બતાવતાં વૃદ્ધ ઘરમાં જતાં રહ્યા, પાડોશીના બંધ મકાનમાંથી 1.16 લાખની ચોરી

વડોદરા | રાજમહેલ રોડ પર આવેલી ખાડિયા પોળમાં 2 મહિનામાં 3 ઘરોનાં તાળાં તૂટ્યાં છે ત્યારે પોળની નજીક આવેલા એક એપાર્ટમેન્ટના બંધ ઘરને ચોરોએ નિશાન બનાવ્યું હતું. વૃદ્ધા દીકરાના ઘરે દવા લેવા જતાં તેમના ઘરમાંથી 1.16 લાખની ચોરી થઈ હતી. પાડોશમાં રહેતા વૃદ્ધે ચોરોને જોયા પણ હતા, પણ તેમણે દંડો બતાવતાં વૃદ્ધ ઘરમાં જતા રહ્યા હતા. વૃદ્ધાએ રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ખાડિયા પોળ પાસે સોમનાથ વિલાની સામે આવેલા નિલેષ એપાર્ટમેન્ટમાં ચંપાબહેન ચૌહાણ એકલાં રહે છે.

### ટ્રક લોડિંગ સમયે 40 વર્ષીય યુવકની તબિયત લથડી

# ઉ.પ્રદેશનો યુવક સુરતના ગોડાઉનમાં મજૂરી કરતા સમયે ઢળી પડ્યો

(એજન્સી) સુરત | તા 14

સુરતના સચિન વિસ્તારમાં ભંગારના ગોડાઉનમાં ટ્રક લોડિંગ સમયે 40 વર્ષીય યુવકની તબિયત લથડી હતી. યુવકની તબિયત લથડતાં બેભાન થઈ ગયો હતો. તેથી હોસ્પિટલ લઈ જવાતા ડોક્ટરોએ યુવકને મૃત જાહેર કરાયો છે. યુવકનું મૂળ વતન ઉતરપ્રદેશ છે પરંતુ રોજીરોટી માટે છેલ્લા 10 વર્ષથી સુરતમાં એકલો રહેતો હતો. યુવકને બે સંતાનોએ પણ છે. ઉતરપ્રદેશનો યુવક સુરતમાં રોજીરોટી કમાતો

મળતી માહિતી મુજબ મૂળ ઉતરપ્રદેશના વતની 40 વર્ષીય લાલચંદ સરોજ સુરતના ઉધના સંજયનગર પાસે રહીને ટ્રક લોડિંગની મજુરી કામ કરતા હતા. પરિવારમાં પત્ની અને બે સંતાન છે જે વતનમાં રહે છે. લાલચંદ છેલ્લા 10 વર્ષથી સુરતમાં એકલા રહેતા હતા. મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. લાલચંદ સચિન વિસ્તારમાં ભંગારના ગોડાઉનમાં ટ્રક લોડિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન તેઓની તબિયત લથડી હતી. યુવકને દીકરી-દીકરો છે મજૂરી સમયે લાલચંદ અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેઓને તબીબોએ તપાસીને મૃત જાહેર કર્યા છે. યુવકના મોતને લઈને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. લાલચંદને 2 વર્ષની દીકરો અને 5 વર્ષનો દીકરી છે. લાલચંદના મોતને લઈ બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ સાથે પરિવારે આર્થિક સહારો ગુમાવ્યો હતો. હાલ તેઓના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એટેકથી મોત થયું હોવાની હાલ આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

### સુરતમાં રોડ પરથી કેરીના વેપારીનો સામાન ભરી લીધો, દબાણ ખાતું કામ કરતું રહ્યું

# કાકા અને પોલીસ વચ્ચે ઘર્ષણ:મહિલા રડતી રડતી આજીજી કરતી રહી

(એજન્સી) સુરત | તા 14

સુરત મનપાના દબાણ વિભાગ દ્વારા અવારનવાર દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવતી રહેતી હોય છે, ત્યારે આજે શહેરના ભટાર, જમનાનગર પાસે ફૂટપાથ પર વિક્રેતાઓ કાચી કેરીનું વેચાણ કરી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. જેના ભાગરૂપે આજે મનપાનું દબાણ ખાતું દબાણ દૂર કરવા ગયું હતું, ત્યારે કેરી વિક્રેતાઓ, દબાણ ખાતાના કર્મચારી અને પોલીસકર્મીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. કેરી વિક્રેતાઓના પરિવારે પોતાનો માલ સામાન બચાવવાનો ખૂબ પ્રયાસ કર્યો હતો. તો બીજી તરફ વેપારીની પત્ની પણ રોજીરોટી કમાવવા માટે કર્મચારીઓ પાસે આજીજી કરતી રહી હતી. દબાણ ખાતાના કર્મચારી અને કેરીના વેપારી દબાણ ખાતાના કર્મચારી અને કેરીના વેપારી કેરી વેપારીની પત્નીની આંખમાં આસું વેપારીનો માલ દબાણ ખાતું લઈ જતા, પરિવારના સભ્યો સાથે ઝઘડો જોતા કેરી વિક્રેતાની પત્નીના આંખમાં આસું સરી પડ્યા હતાં. કેરીનો વેપાર કરીને સિઝનમાં



બે પૈસા કમાવાનું વિચારતા વિક્રેતાઓની આજે આફત આવી હતી. મહિલા રડતા રડતા આજીજી કરતી રહી પરંતુ દબાણ ખાતાના કર્મચારીઓએ પોતાની કામગીરી પૂર્ણ કરી રહી હતી. દબાણ ખાતાના અધિકારી જીદે ચડ્યા દબાણ ખાતા અને કેરી વિક્રેતાઓની વચ્ચે માથાકૂટ થતાં ટ્રાફિકજામ સર્જાયો હતો.

જોકે, જે રીતે દબાણ ખાતાએ જોર જબરજસ્તીથી કેરી વિક્રેતાઓને દબાણ દૂર કરવા માટે મજબૂર કર્યા હતા. તેને લઈને લોકોમાં રોષ પણ જોવા મળ્યો હતો. તેમજ ’અત્યારે જ અમે અમારો સામાન અહીંથી લઈ જઈએ છીએ અને ફરીથી અહીં વેચાણ નહીં કરીએ’ આ પ્રકારની બાંહેધરી આપી હતી. છતાં પણ દબાણ ખાતાના કેટલાક અધિકારીઓ જાણે જીદે ચડ્યા હોય તે રીતે વર્તન કરતા દેખાયા હતા. ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં મહાનગરપાલિકાના દબાણ વિભાગ અલગ અલગ વિસ્તારોમાં દબાણો દૂર કરવા જાય છે, ત્યારે ઉગ્ર બોલાચાલી કે ઝપાઝપી થતી હોય છે. દબાણ દૂર કરવું એ સારી બાબત છે, પરંતુ ઘણી વાર દબાણ તેની ટીકા પણ થતી રહે છે. ભટારમાં કેરી વિક્રેતાઓએ વારંવાર આજીજી કરી છતાં પણ દબાણ ખાતાના અધિકારીઓએ લોકોની વાત માની નહીં અને પોતાની કામગીરી પૂર્ણ કરી હતી. જેમાં કેરી વિક્રેતાઓ અને પોલીસ કર્મચારીઓ વચ્ચે ઝપાઝપીના દૃશ્યો પણ સામે આવ્યા હતા.

# ભાવનગર અને બોટાદ જિલ્લામાં માવઠું : ઉમરાળામાં અડધો ઈંચ વરસાદ

(એજન્સી) ભાવનગર | તા.14

ગુજરાતમાં સાયક્લોનિક સરક્યુલેશન સક્રિય થતાં રાજ્યમાં કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહીને પગલે આજે બપોર બાદ ભાવનગરના વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો. આજે ભાવનગર ઉપરાંત બોટાદ જિલ્લાના અનેક ગામોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. આકરી હીટવેવનો સામનો કરી ચુકેલા ભાવનગરવાસીઓને આજે વાતાવરણમાં આવેલા ફેરફારથી ગરમીમાં ઘણી રાહત મળી હતી. હવામાન વિભાગની આગાહીના પગલે આવતીકાલે મંગળવારે પણ જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે ઉનાળું પાકને નુકસાન થવાની ભીતિના પગલે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વરસાદની આગાહીના પગલે આજે ભાવનગર તથા બોટાદ જિલ્લાના અનેક ગામોમાં માવઠું પડયું છે. આજે બપોરના ૧.૩૦ કલાક બાદ ભાવનગર શહેર અને જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શહેરના વાતવરણમાં આજે બપોરે ૧ વાગ્યા બાદ અચાનક પલ્ટો આવ્યો હતો. પરંતુ શહેરમાં કોઈ પણ સ્થળે વરસાજ પડયો નહોતો. જ્યારે જિલ્લાની વાત કરવામાં આવે તો જિલ્લાના સિહોર તાલુકાના કાજાવદર, સાગવાડી, બોરડી, દેવગાણા, ટાણા, સુરકા, મોટા સુરકા, સોનગઢ, આંબલા, સણોસરા સહિતના ગામડાઓમાં કરા અને ગાજવીજ સાથે આશરે અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

## ન્યુઝ ફ્લેશ

### ત્રાપજ ગામ પાસે કારે ટક્કર મારતા બાઈકચાલકનું મૃત્યુ

ભાવનગર | કારચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયેલા એક વ્યક્તિનું કરૂણ મોત થયું હતું. બનાવની મળતી વિગત અનુસાર તળાજાના સાંખડાસર નં.૨ ગામે રહેતા હાર્દિકભાઈ હિંમતભાઈ વળિયા અને તેમના દાદા ધીરૂભાઈ નાથાભાઈ વળિયા ગઈકાલે પોતાની અલગ-અલગ બાઈક લઈ ખંડેરા ગામે હાર્દિકભાઈના ફુઆની પાંચમ કરવા ગયા હતા. ત્યાંથી બપોરે પરત પોતાના ઘરે આવતી વેળાએ ત્રાપજ ગામે રિલાયન્સ પેટ્રોલપંપ પાસે પહોંચતા એક અજાણ્યા કારના ચાલકે ધીરૂભાઈ વળિયાની બાઈક સાથે પાછળથી અકસ્માત સર્જતા તેમને ગંભીર ઈજા સાથે ભાવનગરની સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજપરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

### ચરોતરના વાતાવરણમાં પલટો આણંદ અને ખેડામાં પવન ફૂંકાયો

આણંદ, નડિયાદ | આણંદ શહેર સહિત જિલ્લાભરમાં છેલ્લા બે દિવસથી ભેજવાળા વાતાવરણના લીધે ઉકળાટનો માહોલ વચ્ચે મોડી સાંજે પવન ફૂંકાયો હતો.આગામી બે દિવસ દરમિયાન જિલ્લામાં કમોસમી વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.જ્યારે ખેડા જિલ્લામાં સોમવારે મોડી સાંજે એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો. બપોરના સમયે ૪૦ ડિગ્રી ઉપરાંત તાપમાન રહ્યા બાદ મોડી સાંજે અચાનક વાતાવરણ પલટાયું હતું અને વાદળો ઘેરાવવાની સાથે ઠંડો પવન ફૂંકાતા વાતવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આણંદ જિલ્લામાં ગત સપ્તાહે મહત્તમ તાપમાનનો પારો ૪૧ ડી.સે. સુધી પહોંચ્યો હતો. જો કે છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો નીચો ગયો છે.

### હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરાતાં માત્ર દસ દિવસમાં તાવના 2482 કેસ મળી આવ્યાં

ગાંધીનગર | કાળઝાળ ગરમીના દિવસોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વાહકજન્ય રોગચાળાને અંકુશમાં રાખવા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રથમ રાઉન્ડમાં ફિવર સર્વેલન્સ સોર્સ રીડક્શન તેમજ પોરાનાશક કામગીરી કરી હતી. તેમાં માત્ર દસ દિવસમાં તાવના ૨,૪૮૨ કેસ મળ્યાં છે. જિલ્લામાં ૧ હજાર ટુકડીએ ૨,૪૯૧૨૮ ઘર પર પહોંચી ૫,૭૧,૨૨૭ પાત્રની તપાસ કરી તેમાં ૩,૪૫૧માંથી મચ્છરના પોરા મળી આવ્યાં હતાં. હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કામગીરીનો પ્રથમ રાઉન્ડ તારખ ૨૨મી એપ્રિલથી તારીખ ૨જી મે સુધી હાથ ધરવામાં આવ્યો હતો. ડીડીઓ સંજય મોદીનીની સુચનાના પગલે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ. જે. વૈષ્ણવના નેતૃત્વમાં કરાયેલી સર્વેલન્સની કાર્યવાહી દરમિયાન વરસાદની મોસમ અગાઉના અગમચેતી પગલા સ્વરુપે પાણી ભરાવાના પગલે મચ્છર ઉત્પત્તિથી થતા રોગ જેવા કે ડેન્ગ્યુ, મલેરિયા તથા ચિકનગુનિયા જેવા તાવના રોગોના અટકાયતી પગલાં સ્વરૂપે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી.

## પાકવામાં ઝાઝી વાર લાગતા કાચી કેરીની ખરીદી ઘટી

# સીઝનના પ્રારંભે કેરીના ઊંચા ભાવે દાંત ખાટા કર્યા, કેરીના રસના વેચાણમાં ઉછાળો

(એજન્સી) ભાવનગર | તા.14

અડધો મે માસ પુર્ણ થવા આવ્યો હોવા છતાં આજની તારીખે પણ ભાવનગર શહેરમાં ફળોના રાજા કેરીના ભાવ સતત આસમાનને આંબેલા રહેતા હજુ પણ ડબલ ભાવે કેરી વેચાઈ રહેલ હોય કેરીના શોખીનોને નિરાશ થવાનો વખત આવ્યો છે. ઉંચા ભાવ હોવા છતા આ વર્ષે કેરીના રસના વેચાણમાં ઉછાળો આવ્યો છે.

આ વર્ષે ફળોના રાજા કેસર કેરીની ભાવનગર સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લા મથકોમાં ધૂમ આવક થઈ રહેલ છે. આ સાથે શહેરના નામાંકિત મીઠાઈ અને ફરસાણના વિક્રેતાઓને ત્યાં છેલ્લા એકાદ પખવાડીયાથી કેરીના લુઝ રસનું ધૂમ વેચાણ થઈ રહેલ છે. ગોહિલવાડમાં નાના મોટા પારિવારીક અને માંગલિક પ્રસંગોમાં ઉપરાંત ચૈત્ર માસને અનુલક્ષીને યોજાઈ રહેલા કથા, માતાજીનો માંડવો, પાટોત્સવ સહિતના ધાર્મિક પ્રસંગોના જમણવારમાં મોટા પાયે તૈયાર રસનું ધૂમ વેચાણ થઈ રહેલ છે. તૈયાર રસ મિલ્ક મિશ્રીત રસ રૂા ૨૪૦ આસપાસના એક કિલોના ભાવે વેચાઈ રહ્યો છે. દર શનિ, રવિ, જાહેર રજા તેમજ તહેવારોમાં તૈયાર રસના વેચાણમાં વધારો થાય છે. જયારે શહેરના ગંગાજળીયા તળાવ વિસ્તારમાં



આવેલ ફ્રુટના ગોડાઉનમાં પ્રતિદિન તાલાલા ગીર તેમજ તળાજા તાલુકાના સોસીયા સહિતના અન્ય વિસ્તારોમાં પાકતી વિશ્વ વિખ્યાત ગણાતી કેરીની આવકમાં નોંધપાત્ર પ્રમાણમાં આવક થઈ રહી હોવા છતા તેના ભાવ સતત આસમાનને આંબેલા હોય આ સીઝનમાં તો કેરીના મોંઘા ભાવે સૌ કોઈના દાંત ખાટા કરી દીધા છે.

માવઠુ સહિતનું પ્રતિકુળ વાતાવરણ વગેરે કારણોને લઈને અનેક સ્થળોએ આવેલી આંબાવાડીઓને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયુ હતુ જેની અસર રૂપે ચાલુ વર્ષે કેસર કેરીના ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે તો દર્શન દુર્લભ રહ્યા છે. ગત વર્ષે રૂા ૧૦૦ આસપાસના ભાવે કિલોના ભાવે વેચાયેલી કેરી આ વર્ષે અડધો મે માસ પુરો થયો હોવા છતાં રૂા ૧૫૦ આસપાસના કિલોના ભાવે કેરી વેચાઈ રહેલ છે.વિષમ વાતાવરણના કારણે મે માસ અડધો પુરો થવા આવ્યો હોવા છતાં શહેરના ગંગાજળીયા તળાવ પાસેના ફ્રુટના ગોડાઉનમાં કાચી અને પાકી કેરી ઉંચા ભાવે વેચાઈ રહેલ છે. શહેરના નામાંકિત મીઠાઈ અને ફરસાણના વિક્રેતાઓને ત્યાં છેલ્લા એકાદ પખવાડીયાથી કેરીના લુઝ રસનું ધૂમ વેચાણ થઈ રહેલ છે. ગોહિલવાડમાં નાના મોટા પારિવારીક અને માંગલિક પ્રસંગોમાં ઉપરાંત ચૈત્ર માસને અનુલક્ષીને યોજાઈ રહેલા કથા, માતાજીનો માંડવો, પાટોત્સવ સહિતના ધાર્મિક પ્રસંગોના જમણવારમાં મોટા પાયે તૈયાર રસનું ધૂમ વેચાણ થઈ રહેલ છે.



### નવાપુરાથી રેલવે ફાટક નં.38 જવાના રસ્તા પર દીવાલ ચણી દેતા હાલાકી

(એજન્સી) ઠાસરા | તા.14

ઠાસરા તાલુકાના વણોતી ગામના પેટા ગામ નવાપુરામાં રેલવે તંત્ર દ્વારા દીવાલ ચણી દેવાના લીધે ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મૂકાયા છે. ગામથી ૩૮ નંબરના ફાટક સુધીનો રસ્તો બંધ થઈ જતા ગ્રામજનોનો હાલાકી પડી રહી છે. જે સંદર્ભે ગ્રામજનોએ આવેદનપત્ર આપી રસ્તા પરથી દબાણ દૂર કરવા અને સત્વરે સમસ્યાનો ઉકેલ લાવવા માંગણી કરી છે. ઠાસરા તાલુકાના વણોતી ગામના પેટા ગામ નવાપુરા રેલવેની પાર ગામ છે. ત્યારે અત્યારે આણંદથી ગોધરા વચ્ચે રેલવેનું ડબલ લાઈનનું કામ ચાલી રહ્યું હોવાથી નવાપુરાથી રેલવે ફાટક નંબર ૩૮ સુધી જવા આવવા માટેના રસ્તા ઉપર રેલવેએ આરસીસીની દીવાલ બનાવી દીધી છે. જેથી ગ્રામજનોને ૩૮ નંબર સુધી જવા આવવા માટે કોઈ જ બીજો રસ્તો નહીં હોવાથી હાલાકી પડી રહી છે.

## વસો તાલુકાના હેરજ ખાંધલી રોડ ઉપર

# રેલવે ગરનાળાની બંને બાજુ ફૂટપાથ બનાવવાની માંગણી સાથે વિરોધ



(એજન્સી) નડિયાદ | તા.14

ખેડા જિલ્લામાંથી રેલવે કોરિડોર પસાર થાય છે. આ રેલવે કોરીડોર પર હેરંજ ખાંધલી વચ્ચે આવેલું ગરનાળું ઉંડું હોવાથી ચોમાસામાં પાણી ભરાઈ જાય છે. જેથી ટુ-વ્હીલર વાહન ચાલકોને અવરજવર કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. ત્યારે આ ગળનાળાની બંને બાજુ ફૂટપાથ બનાવી આપવા માંગણી સાથે સ્થાનિકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વસો તાલુકામાં રેલવે કોરીડોર પસાર થાય છે. આ રેલ્વે કોરીડોર નીચેથી પસાર થતા રોડ પર અવર જવર માટે ગરનાળા બનાવવામાં આવેલા છે. ત્યારે હેરાન ખાધરી વચ્ચે હેરંજ ખાંધલી રોડ ઉપર રેલવે કોરિડોર નીચે ૧૦૫ એન અંડર બ્રિજ ગરનાળું બનાવવામાં આવ્યું છે. આ ગરનાળું ઘણું ઊંડું હોવાથી ચોમાસામાં પાણી ભરાઈ જવાની સંભાવના રહેલી છે. જેથી ખાધલી હાઈસ્કૂલમાં જતા ૮૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ખેડૂતોને અવરજવર કરવામાં ઘણી જ મુશ્કેલી પડે છે. ત્યારે આ ગરનાળાની બંને બાજુ ઊંચી ફૂટપાથ બનાવવા સ્થાનિક લોકોએ તેમજ ગ્રામ પંચાયત દ્વારા ધારાસભ્ય સમક્ષ રજુઆત કરી હતી. ઉપરાંત તાલુકા પંચાયતના સભ્ય અશ્વિનભાઈ પરમારે પ્રોજેક્ટ મેનેજર રેલ્વે અમદાવાદને પણ રજૂઆત કરી હતી. જેને ઘણો સમય થયો છતાં આ ગળનાળાના પ્રશ્નનું નિરાકરણ ન આવતા આજે સોમવારે સ્થાનિક રહીશોએ રેલ્વે કોરી ડોર ઉપર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેથી રેલ્વેના અધિકારીઓએ દોડી આવી ચોમાસા પહેલાં ગરનાળાની બંને બાજુ ફૂટપાથ બનાવી આપવાની હૈયા ધારણ આપી હતી. ત્યારે રેલ્વે કોરિડોરના સત્તાધીશો દ્વારા વહેલી તકે હેરજ ખાંધલી રોડ પર આવેલા ગરનાળામાં ફૂટપાથ બનાવી આપવા લાગણી વ્યાપી છે.





### ડાકોરમાં બાકી વેરો ભરવા માટે 1,725 મિલકતધારકોને પાલિકાની અંતિમ નોટિસ

(એજન્સી) ડાકોર | તા.14

ડાકોર નગરપાલિકામાં ગત વર્ષ ૨૦૨૩-૨૪નો રૂ.૨.૬૫ કરોડનો વેરો બાકી છે. જેથી પાલિકાએ બાકી વેરો નહીં ભરનાર ૧,૭૨૫ મિલકત ધારકોને મિલકત વેરો ભરવા નોટિસ ફટકારી છે. તેમજ રૂ.૫ હજારથી વધુ લેણું બાકી પડતું હોય તેવા મિલકત ધારકો ૧૫ દિવસમાં બાકી વેરો પાલિકામાં જમા નહીં કરાવે તો પાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. ડાકોરમાં ૧,૭૨૫ જેટલા મિલકત ધારકો દ્વારા મિલકત વેરો ભરવામાં નહીં આવતા પાલિકાના વહીવટદાર દ્વારા નોટિસ પાઠવીને બાકી વેરા ભરવા તાકીદ કરવામાં આવી છે. જે અંતર્ગત રૂા.૫ હજારથી વધુ લેણું બાકી પડતું હોય તેવા મિલકત ધારકો જો આગામી પંદર દિવસમાં બાકી વેરા નગરપાલિકામાં જમા નહીં કરાવે તો તેમના ડ્રેનેજ કનેક્શન, વોટર કનેક્શન તેમજ મકાન જપ્તી કરવા કરવા સહિતના પગલાં ભરવામાં આવશે તેવું ડાકોર નગરપાલિકાના ચીફ ઓફીસર વાય.જે. ગણાત્રાએ જણાવ્યું છે.



### ડિમોલેશન સમયે તૂટેલી ગટર લાઈનનું સમારકામ બે મહિનાથી અદ્ધરતાલ

(એજન્સી) આણંદ | તા.14

આણંદ જિલ્લાના સોજિત્રા ચોકડી ખાતે થોડા મહિના અગાઉ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ડિમોલીશનની કામગીરીમાં ગટરની મેઈન લાઈન તુટી ગયા બાદ બે માસ ઉપરાંતનો સમય વીતી ગયો હોવા છતાં આ ગટર લાઈનનું રીપેરીંગ કરવામાં ન આવતા ગટરના ગંદા પાણી જાહેરમાં રેલાઈ રહ્યાં છે.સોજિત્રા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી સોજિત્રા ચોકડી ખાતે લગભગ બે માસ પૂર્વે તંત્ર દ્વારા દબાણ હટાવો ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં જેસીબી મશીનથી દબાણો દૂર કરવાની કાર્યવાહી દરમિયાન ગટરની મેઈન લાઈન તૂટી ગઈ હતી. જે અંગે નગરપાલિકાના પૂર્વ કાઉન્સીલર દ્વારા સોજિત્રા નગર પાલિકા તંત્રને અવારનવાર લેખીત-મૌખિક રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી ગટર લાઈનના સમારકામ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેને લઈ ગટરના ગંદા પાણી જાહેરમાં રેલાઈ રહ્યાં છે.



### કાળાતળાવની સરકારી હાઈસ્કૂલનું કામ નવ માસ પછી પણ શરૂ નથી થયું

(એજન્સી) ભાવનગર | તા.14

નબળા બાંધકામની ફરિયાદને લઈ બંધ થયેલું કાળાતળાવ ગામની સરકારી હાઈસ્કૂલનું કામ નવ માસ પછી પણ શરૂ નથી થયું અને આગામી થોડા સમયમાં ફરી ચોમાસુ બેસી જશે તેનું શું ? તેવી રજૂઆત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને કરવામાં આવેલ છે. ભાવનગર તાલુકાના કાળાતળાવ ગામના શાર્દુલભાઈ ડી. ચુડાસમા અને અન્ય ગ્રામજનો દ્વારા માર્ગ અને મકાન વિભાગની કચેરી (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેરને કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું હતું કે, કાળાતળાવ ગામે ૨૦૧૯થી મંજૂરી મળી ગયેલ ત્યારથી આજ દિવસ સુધી માધ્યમિક શાળા કાળાતળાવ કે જે જય બહુચરાજી શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટના ત્રણ રૂમ અને પટાંગણ સ્ટેજના છાપરામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ સાત વર્ષના સમયગાળામાં જમીન એલોટમેન્ટ, બાંધકામની મંજૂરી, ગ્રાન્ટની ફાળવણી અને છેલ્લે ટેન્ડર પ્રક્રિયા ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થયા બાદ હાઈસ્કૂલનું બાંધકામ ચાલુ થયું હતું.



### મહાપાલિકાની ટીમે 30 થી વધુ ગેરકાયદે દબાણ હટાવ્યા

(એજન્સી) ભાવનગર | તા.14

છેલ્લા લાંબા સમયથી ભાવનગર શહેરમાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી છે, જેના ભાગરૂપે આજે સોમવારે ૩૦થી વધુ ગેરકાયદે દબાણ દુર કરવામાં આવ્યા હતા અને કેટલોક સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. માત્ર નાના ગેરકાયદે દબાણ દુર કરવામાં આવતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગની સુચના અનુસાર આજે સોમવારે દબાણ સેલની ટીમે ૩૦થી વધુ ગેરકાયદે દબાણ દુર કર્યા હતા અને કેટલોક સામાન જપ્ત કર્યો હતો, જેમાં તળાજા રોડ, રામમંત્ર મંદિરથી મહાવીર જૈન વિદ્યાલય સ્કૂલ સુધી અસ્થાયી પ્રકારના દબાણ દુર કર્યા હતા તેમજ ૦૧ શેરડીના રસનું મશીન, ૦૯ ખુરશી, ૦૧ કાઉન્ટર, ૦૧ કેબિન, ૦૧ ફ્રીઝ, ૧૦ લોખંડના પાઈપ, ૦૧ ટેબલ તથા અન્ય સમાન જપ્ત કર્યો હતો. આ ઉપરાંત ૦૪ શેડ, ૦૨ મંડપ હટાવ્યા હતા તેમજ વગર મંજૂરીના ૧૪ બોર્ડ જપ્ત કર્યા હતાં. રાજકોટ રોડ પરથી અસ્થાયી પ્રકારના દબાણ દુર કર્યા હતા.

## બાલાસિનોરના પાંડવા ગામ ખાતે તંત્રએ તપાસ કરી

# ગેરકાયદે ડુંગર ખોદી બાંધકામ કરનાર સામે પંચકેસ કરી નોટિસ અપાઈ

(એજન્સી) બાલાસિનોર | તા.14

બાલાસિનોર તાલુકાના પાંડવા ગામ ખાતે ટીંબા રોડ પર આવેલા ડુંગર ખોદીને ગેરકાયદેસર બાંધકામ કરનાર ઈસમ સામે તંત્રએ પંચકેસ કરીને નોટિસ ફટકારી હતી. બાલાસિનોર તાલુકાના પાંડવા સીમમાં ટીંબાના મુવાડા જવાના રસ્તા ઉપર, જીઈબી સબસ્ટેશનની સામેની બાજુમાં સરકારી જમીનમાં ડુંગરમાં ભીખાભાઈ ખાનાભાઈ માયાવંશીએ ગેરકાયદેસર રીતે જમીનનો કબજો કરી જમીન પચાવી પાડવાનું તથા ગેરકાયદેસર રીતે માટી કાઢવાની પ્રવૃત્તિ કરવા બાબતની જિતેન્દ્રકુમાર અમીન દ્વારા બાલાસિનોર નાયબ કલેકટરને લેખિતમાં અરજી કરાઈ હતી. જે સંદર્ભે આજે પાંડવા ગામના તલાટી અને વહીવટદાર દ્વારા સ્થળ તપાસ કરી પંચકેશ કરાયો હતો. જેમાં



પાંડવા ગામના ડુંગર પર ગામના ભીખાભાઈ માયવંશી દ્વારા ડુંગર ખોદીને ૮૮.મીટર લંબાઈ અને ૨૨ મીટર પહોળાઈ તેમજ પાકા બાંધકામની ૧૦.મીટર પહોળાઈ અને ૭ મીટર ઊંચાઈવાળુ બાંધકામ કરી આગળ બીમ કોલમ કાઢી, પાણી સંગ્રહ કરવાની ટાકી બનાવી છે. તેમજ બાંધકામના માલસામાન સંગ્રહ માટે છાપરું બનાવેલ છે જે બાબતે પંચકેશ કરી ગેરકાયદેર કબજો કરનાર ઈસમને નોટિસ ફટકાવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## ‘તમારાથી વિધાર્થી હિતમાં નિર્ણય ના થઈ શકતો હોય તો બંગડી પહેરી લો’

# એનએસયુઆઈએ સવારે કુલપતિને બંગડીની ભેટ આપી, સાંજે નબળા પરિણામના ગ્રેસિંગનો નિર્ણય

(એજન્સી) ભાવનગર | તા.14

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણનીતિ (એનઈપી) મુજબ બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ. સેમેસ્ટર-૧ના નબળા પરિણામો જાહેર થયાં પછી ભારે વિવાદ થયો હતો. આ મુદ્દે વિદ્યાર્થીના હિતમાં નિર્ણય થાય તે માટે ઈન્ચાર્જ કુલપતિ દ્વારા ચાર સભ્યોની કમિટિ બનાવી હતી જેના અહેવાલ બાદ નિર્ણય લેવામાં આવશે. પરંતુ કમિટિ ગઠનના દસ દિવસ બાદ પણ નિર્ણય નહી થતાં આજે એનએસઆઈયુ દ્વારા કુલપતિને રજૂઆત સાથે બંગડી ભેટમાં આપવામાં આવી હતી. જે બાદ સાંજ સુધીમાં અચાનક ચાર સભ્યોની કમિટિએ પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો અને વિદ્યાર્થી હિતમાં ગ્રેસિંગ આપવાનો નિર્ણય કરાયો છે. એનઈપી પ્રમાણે અત્યાર સુધીમાં



કુલ ૬ પરિણામો જાહેર થયા છે જે પરત ખેંચી સાંજ સુધીમાં ગ્રેસિંગ સાથે નવું રિવાઈઝ્ડ રિઝલ્ટ જાહેર કરવામાં આવશે.


એમ.કે.ભાવનગર યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણનીતિ (એનઈપી) મુજબ બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ. સેમેસ્ટર-૧ના નબળા પરિણામો જાહેર થયાં પછી ભારે વિવાદ થયો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓનું પરિણામ વાસ્તવિક રીતે સ્વિકારી શકાય તેમ નહી હોવાથી યુનિ.ના પરિણામો મુદ્દે ભારે ઉહાપો થયો હતો. ભારે વિવાદ બાદ ઈ.કુલપતિ દ્વારા ગત ૧લી મે ના રોજ ચાર સભ્યોની કમિટિનું ગઠન થયું હતું. જે કમિટિના રિપોર્ટના આધારે આગામી ૪૮ કલાક સુધીમાં વિદ્યાર્થી હિતમાં નિર્ણયમાં લેવામાં આવશે તેમ જણાવાયું હતું પરંતુ કમિટિના ગઠન થયાને ૧૨ દિવસ વિત્યા છતાં આ મુદ્દે કોઈ નિર્ણય નહી થતાં એનએસયુઆઈ દ્વારા આજે સવારે કુલપતિને વિદ્યાર્થી હિતમાં નિર્ણય લેવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. એનએસયુઆઈ દ્વારા કુલપતિને બંગડી ભેટ આપી ‘તમારાથી આજના દિવસમાં વિદ્યાર્થી હિતમાં નિર્ણય ના થઈ શકતો હોય તો બંગડી પહેરી લો’ તેવું કહી રજૂઆત કરવામાં આવી હતી. સવારે એનએસયુઆઈએ કુલપતિને બંગડી ભેટમાં આપી અને સાંજ સુધીમાં નબળા પરિણામના ગ્રેસિંગનો નિર્ણય થઈ ગયો હતો.

### સૈયદપુરામાં બે યુવકો વીજલાઈનને અડી જતાં ગંભીર રીતે દાઝી ગયા

(એજન્સી) આણંદ | તા.14


ઉમરેઠ તાલુકાના સૈયદપુરા ગામમાં સોમવારે સવારે ધાર્મિક પ્રસંગ માટે મંડપ બાંધી રહેલા બે યુવકો અકસ્માતે ઉપરથી પસાર થતી વીજ લાઈનને અડી જતા જોરદાર કરંટ લાગ્યો હતો. બંને યુવકોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.સૈયદપુરા ગામના ચિખોદરાપુરા વિસ્તારમાં ધાર્મિક પ્રસંગ યોજાનાર હોવાથી સોમવારે સવારે મંડપ બાંધવાની કામગીરી ચાલી રહી હતી. જે માટે બે યુવકો લોખંડના થાંભલા ઉભા કરી રહ્યાં હતા. ત્યારે નજીકમાં આવેલા ઘરની નજીક ઉપરથી પસાર થતી વીજ લાઈનના સંપર્કમાં અકસ્માતે આવી જતા બંને યુવકોને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો અને તેઓ ગંભીર રીતે દાઝી જવા પામ્યા હતા. સ્થાનિકોએ ગંભીર રીતે ઘવાયેલા બંનેને અલીન્દ્રા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ બંને યુવકોને કરમસદ સ્થિત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત બંને યુવકોના નામ કિશનભાઈ ચૌહાણ તથા વિશાલભાઈ ચૌહાણ હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમે આશાવાદના તબક્કા હેઠળ છો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.




**વૃષભ (બ,વ,ઉ)**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.




**મિથુન (ક,છ,ઘ)**

તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.




**કર્ક (ડ,હ)**

મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.




**સિંહ (મ,ટ)**

તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.




**કન્યા (પ,ઠ,ણ)**

જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે.




**તુલા (ર,ત)**

દિવસે સારો લાભ થવાની શક્યતા છે. તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.




**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે માતાપિતા ને કહ્યા વિના ઘરે તેમની પસંદગી ની કોઈપણ વાનગી લાવી શકો છો, તે ઘર માં સકારાત્મક વાતાવરણ બનાવશે.




**ધન (ભ,ધ,ફ)**

હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો.




**મકર (ખ,જ)**

તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે. કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે.



**કુંભ (ગ,શ,સ)**

ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.



**મીન (દ,ચ,ઝ,થ)**

ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.

THIS IS A PUBLIC ANNOUCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

THE GREAT INDIAN FARMS ...vasudhaiv kutumbakam...

# TGIF AGRIBUSINESS LIMITED

**CIN: U01132GJ2023PLC147235**

Our Company was originally formed as a partnership firm in the name and style of "Aarvee Farm Products" pursuant to a deed of partnership dated February 28, 2014, registered as on March 06, 2014 vide Registration certificate issued by Registrar of Firms, Ahmedabad City, Ahmedabad having Registered No. GUJ/AMS/40021 under the provisions of the Indian Partnership Act, 1932. Subsequently, our partnership firm was converted into the Limited Liability Partnership pursuant to a certificate of registration of conversion of Aarvee Farm Products to ARV Farmpro LLP dated April 23, 2019 issued by the Ministry of Corporate Affairs, Central Registration Centre vide LLP Identification Number AAP-0011. Further, name of our LLP was changed from "ARV Farmpro LLP" to "TGIF Agribusiness LLP" and a fresh Certificate pursuant to name change was issued by the Ministry of Corporate Affairs, Central Registration Centre dated April 27, 2023. Consequently, our Company was converted from LLP to Public Company "TGIF Agribusiness LLP" to "TGIF Agribusiness Limited" vide a fresh certificate of incorporation dated December 27, 2023 issued by the Ministry of Corporate Affairs, Central Registration Centre bearing CIN: U01132GJ2023PLC147235. For further details please refer to chapter titled "History and Corporate Structure" beginning on page 98 of the Prospectus.

**Registered Office:** A/52, Fairy Society, 5th Floor, Corporate House, Bodakdev, Ahmedabad- 380054, Gujarat, India. ; **Contact Person:** Mr. Sapan Smitesh Dalal, Company Secretary & Compliance Officer;
**Tel No:** +079 49887770; **E-mail:** cs@tgifagribusiness.com; **Website:** www.tgifagri.com

**PROMOTER OF OUR COMPANY: MR. NIRAJ CHHAGANRAJ GEMAWAT AND MRS. RACHANA NIRAJ GEMAWAT.**

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE LTD (BSE SME)"**

Our Company is primarily a horticulture company engaged in farming of certain fruits and vegetables.

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 6,87,600 EQUITY SHARES OF FACE VALUE OF Rs. 10/- EACH (THE "EQUITY SHARES") OF TGIF AGRIBUSINESS LIMITED ("OUR COMPANY" OR "TAL" OR "TGIF" OR "THE ISSUER") AT AN ISSUE PRICE OF Rs. 93 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO Rs. 639.47 LAKHS ("PUBLIC ISSUE") OUT OF WHICH 34,800 EQUITY SHARES OF FACE VALUE OF Rs.10 EACH, AT AN ISSUE PRICE OF Rs. 93 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING Rs. 32.36 LAKHS WERE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC ISSUE LESS MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF 6,52,800 EQUITY SHARES OF FACE VALUE OF Rs.10 EACH, AT AN ISSUE PRICE OF Rs. 93 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UPTO Rs. 607.10 LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE PUBLIC ISSUE AND NET ISSUE WILL CONSTITUTE 26.57% AND 25.23% RESPECTIVELY OF THE POST- ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**ISSUE PRICE: Rs. 93 PER EQUITY SHARE OF FACE VALUE OF RS.10 EACH THE ISSUE PRICE IS 9.3 TIMES OF THE FACE VALUE**
**MINIMUM APPLICATION SIZE OF 1200 EQUITY SHARES AND IN MULTIPLES OF 1200 EQUITY SHARES THEREAFTER**

**ISSUE PERIOD**
**ISSUE OPENED ON: WEDNESDAY, MAY 08, 2024**
**ISSUE CLOSED ON: FRIDAY, MAY 10, 2024**

## RISK TO INVESTOR

a) Our company has been recently formed by conversion of the erstwhile LLP into the company, thus we have limited operating history as a Company which may make it difficult for investors to evaluate our historical performance or future prospects.

b) Excessive dependence on single or limited number of products may have an adverse effect on our operation and result of operations.

c) The Merchant banker Associated with the issue has handled 44 Public issues in past three years out of which 2 issues closed below issue price on listing date.

d) Average cost of acquisition of Equity Shares held by the Promoter is

| Sr. No. | Name of the Promoters | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|
| 1. | Niraj Chhaganraj Gemawat | 10.00 |
| 2. | Rachana Niraj Gemawat | 10.00 |

e) The Weighted average cost of acquisition:

| Types of Transactions | Weighted Average Cost of Acquisition (in Rs.) | Issue Price (Rs. 93 per Equity Share) |
|---|---|---|
| Weighted Average Cost of acquisition of Primary/ new issue of shares. | 10.00 | 9.3 times |
| Weighted Average Cost of acquisition of Secondary Sale/acquisition of shares. | N.A. | N.A. |

*Note:*
*^ There were no Secondary Transaction (equity/ convertible securities) as mentioned in last 18 months from the date of Prospectus*

f) The Price/ Earnings ratio based on Basic and Diluted EPS for Fiscal 2023 for the company is 13.58.

g) Weighted Average Return on Net worth for Fiscals 2021, 2022, 2023 is 123.45%.

Our Equity shares have never been publicly traded, and may experience price and volume fluctuations following the completion of issue. Further, our Equity shares may not result in an active or liquid market and price of our equity shares may be volatile and you may be unable to resale your Equity shares at or above the issue price or at all. Investor are required to refer Section title "Risk Factor" on page 22 of the Prospectus.

## PROPOSED LISTING: MAY 15, 2024*

The Equity Shares offered through the Prospectus are proposed to be listed on the SME Platform of BSE Limited ("BSE") in terms of the Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, as amended from time to time. Our Company has received an In Principal approval letter dated April 01, 2024 from BSE Limited ("BSE") for using its name in the Offer Document for listing of our shares on the SME Platform of BSE through the fixed price issue. It is to be distinctly understood that the permission given by BSE Limited ("BSE") should not in any way be deemed or construed that the content of the Prospectus or the price at which the equity share are offered has been cleared, solicited or approved by BSE, nor does it certify the correctness, accuracy or completeness of any of the content of the Prospectus. The investors are advised to refer to the Prospectus for the full text of the Disclaimer clause pertaining to BSE. For the purpose of this Issue, the Designated Stock Exchange will be the BSE Limited. The trading is proposed to be commenced on or about May 15 2024*.

**Subject to the receipt of listing and trading approval from the BSE SME Platform.*

All Applicants were allowed to participate in the Issue either through **APPLICATIONS SUPPORTED BY BLOCKED AMOUNT ("ASBA")** process by providing the details of their respective bank accounts in which the corresponding application amounts were blocked by Self Certified Syndicate Banks (the "SCSBs") or through UPI Mechanism.

## SUBSCRIPTION DETAILS

The issue has received 10528 applications for 2,49,97,200 Equity shares resulting in 36.35 times subscription (including reserved portion of Market maker).

**The details of applications received in the issue (before technical rejections but after excluding bids not banked) are as follows:**

| Category | No. of applicants | % | No. of Equity shares | % | Subscription (times)* |
|---|---|---|---|---|---|
| Market Maker | 1 | 0.01 | 34,800 | 0.14 | 1.000 |
| Retail Individual Investors | 9504 | 90.27 | 1,14,04,800 | 45.62 | 34.94 |
| Other than retail individual Investors | 1023 | 9.72 | 1,35,57,600 | 54.24 | 41.54 |
| **Total** | **10528** | **100.00** | **2,49,97,200** | **100.00** | **36.35** |

**based on shares reserved as per Prospectus.*

**The details of applications rejected by the Registrar on technical grounds (including withdrawal) are detailed below:**

| Category | No. of applicants | No. of Equity shares |
|---|---|---|
| Market Maker | Nil | Nil |
| Retail Individual Investors | 193 | 2,31,600 |
| Other than retail individual Investors | 10 | 75,600 |
| **Total** | **203** | **3,07,200** |

**After eliminating technically rejected applications, the following table gives us category wise net valid applications:**

| Category | No. of applicants (valid shares) | % | No. of valid shares applied | % of Total Applied | Issue Allocation as per Prospectus (Category wise) | Revised Issue Allocation (after spill over) | Subscription (times) on basis of revised Issue Allocation |
|---|---|---|---|---|---|---|---|
| Market Maker | 1 | 0.01 | 34,800 | 0.14 | 34,800 | 34,800 | 1.00 |
| Retail Individual Investors | 9311 | 90.18 | 11173200 | 45.25 | 3,26,400 | 3,26,400 | 34.23 |
| Other than retail individual Investors | 1013 | 9.81 | 13482000 | 54.60 | 3,26,400 | 3,26,400 | 41.31 |
| **Total** | **10325** | **100.00** | **24690000** | **100.00** | **6,87,600** | **6,87,600** | **35.91** |

**Allocation:** The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange - BSE Limited on May 13, 2024 and in view of the explanation provided under regulations 253(2) of SEBI (ICDR) Regulation, 2018.

**A. Allocation to Market Maker (After Technical Rejections):** The Basis of Allotment to the Market Maker, at the issue price of Rs. 93/- per Equity Share, was finalized in consultation with BSE. The category was subscribed by 1.00 times. The total number of shares allotted in this category is 34,800 Equity Shares to 1 successful applicants.

**The Category-wise details of the Basis of Allotment are as under:**

| No. of shares applied for (Category wise) | No. of applications received | % To Total | Total No. of shares applied in each category | % To Total | Ratio of allottees to applicants: RATIO | Number of successful applicant (after rounding off) | Total no. of Shares Allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|
| 34,800 | 1 | 100 | 34,800 | 100 | 1:1 | 1 | 34,800 |
| **Grand Total** | **1** | **100** | **34,800** | **100** | **1:1** | **1** | **34,800** |

**B. Allocation to Retail Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to the Retail Individual Investors, at the issue price of Rs. 93/- per Equity Share, was finalised in consultation with BSE. The category was subscribed by 34.23 times. The total number of shares allotted in this category is 3,26,400 Equity Shares to 272 successful applicants.

**The Category-wise details of the Basis of Allotment are as under:**

| No. of shares applied for (Category wise) | No. of applications received | % To Total | Total No. of shares applied in this category | % To Total | Allocation per Applicant (after rounding off) | Ratio of allottees to applicants: RATIO | Number of successful applicant (after rounding off) | Total no. of Shares Allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1200 | 9311 | 100.00 | 11173200 | 100.00 | 1200 | 13:445 | 272 | 3,26,400 |
| **Grand Total** | **9311** | **100.00** | **11173200** | **100.00** | **1200** | **13:445** | **272** | **3,26,400** |

**C. Allocation to Other than Retail Individual Investors (After Technical Rejections & Withdrawal):** The Basis of Allotment to the Other than retail individual Investors, at the issue price of Rs. 93/- per Equity Share, was finalized in consultation with BSE. The category was subscribed by 41.31 times. The total number of shares allotted in this category is 3,26,400 Equity Shares to 152 successful applicants.

**The Category-wise details of the Basis of Allotment are as under:** (On Sample Basis)

| Row Labels | Sum of Number of applications received | Sum of % to total | Sum of Total No. of Shares applied in each category | Sum of % to total 2 | Shares Allotted per applicant | Sum of Ratio of allottees to applicants 2 | Sum of Number of successful applicants (after rounding) | Sum of Total No. of shares allocated/alloted |
|---|---|---|---|---|---|---|---|---|
| 2400 | 549 | 54.20 | 1317600 | 9.77 | 1200 | 3:61 | 27 | 32400 |
| 3600 | 87 | 8.59 | 313200 | 2.32 | 1200 | 2:29 | 6 | 7200 |
| 4800 | 63 | 6.22 | 302400 | 2.24 | 1200 | 2:21 | 6 | 7200 |
| 6000 | 48 | 4.74 | 288000 | 2.14 | 1200 | 1:8 | 6 | 7200 |
| 7200 | 13 | 1.28 | 93600 | 0.69 | 1200 | 2:13 | 2 | 2400 |
| 8400 | 13 | 1.28 | 109200 | 0.81 | 1200 | 2:13 | 2 | 2400 |
| 9600 | 14 | 1.38 | 134400 | 1.00 | 1200 | 3:14 | 3 | 3600 |
| 10800 | 55 | 5.43 | 594000 | 4.41 | 1200 | 12:55 | 12 | 14400 |
| 12000 | 48 | 4.74 | 576000 | 4.27 | 1200 | 1:4 | 12 | 14400 |
| 13200 | 2 | 0.20 | 26400 | 0.20 | 1200 | 1:2 | 1 | 1200 |
| 14400 | 14 | 1.38 | 201600 | 1.50 | 1200 | 2:7 | 4 | 4800 |
| 15600 | 7 | 0.69 | 109200 | 0.81 | 1200 | 2:7 | 2 | 2400 |
| 16800 | 7 | 0.69 | 117600 | 0.87 | 1200 | 2:7 | 2 | 2400 |
| 18000 | 7 | 0.69 | 126000 | 0.93 | 1200 | 3:7 | 3 | 3600 |
| 19200 | 2 | 0.20 | 38400 | 0.28 | 1200 | 1:2 | 1 | 1200 |
| 20400 | 3 | 0.30 | 61200 | 0.45 | 1200 | 1:3 | 1 | 1200 |
| 21600 | 10 | 0.99 | 216000 | 1.60 | 1200 | 2:5 | 4 | 4800 |
| 22800 | 4 | 0.39 | 91200 | 0.68 | 1200 | 1:2 | 2 | 2400 |
| 24000 | 7 | 0.69 | 168000 | 1.25 | 1200 | 3:7 | 3 | 3600 |
| 25200 | 3 | 0.30 | 75600 | 0.56 | 1200 | 2:3 | 2 | 2400 |
| 27600 | 2 | 0.20 | 55200 | 0.41 | 1200 | 1:2 | 1 | 1200 |
| 28800 | 1 | 0.10 | 28800 | 0.21 | 1200 | 1:1 | 1 | 1200 |
| 30000 | 5 | 0.49 | 150000 | 1.11 | 1200 | 3:5 | 3 | 3600 |
| 31200 | 5 | 0.49 | 156000 | 1.16 | 1200 | 3:5 | 3 | 3600 |
| 32400 | 1 | 0.10 | 32400 | 0.24 | 1200 | 1:1 | 1 | 1200 |
| 36000 | 3 | 0.30 | 108000 | 0.80 | 1200 | 2:3 | 2 | 2400 |
| 39600 | 2 | 0.20 | 79200 | 0.59 | 1200 | 1:1 | 2 | 2400 |
| 44400 | 1 | 0.10 | 44400 | 0.33 | 1200 | 1:1 | 1 | 1200 |
| 49200 | 1 | 0.10 | 49200 | 0.36 | 1200 | 1:1 | 1 | 1200 |
| 50400 | 1 | 0.10 | 50400 | 0.37 | 1200 | 1:1 | 1 | 1200 |
| 51600 | 1 | 0.10 | 51600 | 0.38 | 1200 | 1:1 | 1 | 1200 |
| 52800 | 1 | 0.10 | 52800 | 0.39 | 1200 | 1:1 | 1 | 1200 |
| 54000 | 5 | 0.49 | 270000 | 2.00 | 1200 | 1:1 | 5 | 6000 |
| 56400 | 2 | 0.20 | 112800 | 0.84 | 1200 | 1:1 | 2 | 2400 |
| 58800 | 1 | 0.10 | 58800 | 0.44 | 1200 | 1:1 | 1 | 1200 |
| 60000 | 2 | 0.20 | 120000 | 0.89 | 1200 | 1:1 | 2 | 2400 |
| 68400 | 1 | 0.10 | 68400 | 0.51 | 1200 | 1:1 | 1 | 1200 |
| 72000 | 1 | 0.10 | 72000 | 0.53 | 1200 | 1:1 | 1 | 1200 |
| 106800 | 1 | 0.10 | 106800 | 0.79 | 2400 | 1:1 | 1 | 2400 |
| 120000 | 2 | 0.20 | 240000 | 1.78 | 2400 | 1:1 | 2 | 4800 |
| 123600 | 1 | 0.10 | 123600 | 0.92 | 3600 | 1:1 | 1 | 3600 |
| 134400 | 1 | 0.10 | 134400 | 1.00 | 3600 | 1:1 | 1 | 3600 |
| 146400 | 1 | 0.10 | 146400 | 1.09 | 3600 | 1:1 | 1 | 3600 |
| 160800 | 1 | 0.10 | 160800 | 1.19 | 3600 | 1:1 | 1 | 3600 |
| 171600 | 1 | 0.10 | 171600 | 1.27 | 4800 | 1:1 | 1 | 4800 |
| 240000 | 1 | 0.10 | 240000 | 1.78 | 6000 | 1:1 | 1 | 6000 |
| 242400 | 3 | 0.30 | 727200 | 5.39 | 6000 | 1:1 | 3 | 18000 |
| 270000 | 1 | 0.10 | 270000 | 2.00 | 6000 | 1:1 | 1 | 6000 |
| 360000 | 1 | 0.10 | 360000 | 2.67 | 8400 | 1:1 | 1 | 8400 |
| 364800 | 1 | 0.10 | 364800 | 2.71 | 8400 | 1:1 | 1 | 8400 |
| 652800 | 6 | 0.59 | 3916800 | 29.05 | 15600 | 1:1 | 6 | 93600 |

The Board of Directors of the Company at its meeting held on May 13, 2024 has taken on record the Basis of Allocation of Equity Shares approved by the Designated Stock Exchange viz. BSE Limited and has authorized the corporate action for allotment of the Equity Shares to various successful applicants.

The Refund/allotment intimation will be dispatched to the address of the Applicants as registered with the depositories on or about May 14, 2024. Further, the instructions to Self Certified Syndicate Banks for unblocking the funds have been shared on May 14, 2024. In case the same is not received within ten days, investors may contact Registrar at the address given below.

The Equity Shares allocated to successful applicants are being credited on May 14, 2024 to their beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Equity Shares admitted for trading on SME Platform of BSE Limited within three working days from the date of the closure of the Issue.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meaning assigned to them in the Prospectus dated April 30, 2024 (**"Prospectus"**).

In terms of Prospectus dated April 30, 2024 and as per Regulation 253(2) of SEBI (ICDR) Regulations, 2018 wherein a minimum of 50% of the Net Issue of shares to Public shall initially be made available for allotment to a) Retail Individual Investors as the case may be. The balance net offer of shares to the public shall be made available for allotment to b) individual applicants other than retail investors and other investors including corporate bodies / institutions irrespective of number of shares applied for. The unsubscribed portion of the net issue to any one of the categories specified in (a) or (b) shall/may be made available for allocation in any other category, if so required. Explanation: Chapter IX, part VIII (253) of SEBI (ICDR) Regulation, 2018. If the retail individual investor is entitled to more than fifty percent, on proportionate basis, the retail individual investors shall be allocated that higher percentage.

### INVESTORS, PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the Issue **Bigshare Services Private Limited** at www.bigshareonline.com.

All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole applicant ,Serial number of the ASBA form, number of Equity Shares applied for, Applicant DP ID, Client ID, PAN, date of submission of the Application Form, address of the Applicant, the name and address of the Designated Intermediary where the Application Form was submitted by the Applicant and copy of the Acknowledgment Slip received from the Designated Intermediary and payment details at the address given below:

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
**Address:** S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East) Mumbai – 400093, Maharashtra, India.
**Telephone:** +91 22 6263 8200; **Facsimile:** +91 22 6263 8299; **Email:** ipo@bigshareonline.com;
**Investor Grievance Email:** nvestor@bigshareonline.com ; **Website:** www.bigshareonline.com;
**Contact Person:** Babu Raphel; **SEBI Registration Number:** MB/INR000001385; **CIN:** U99999MH1994PTC076534

**Place: Ahmedabad, Gujarat**
**Date: May 14, 2024**

For and on behalf of the Board of Directors
**TGIF Agribusiness Limited**
Sd/-
Bharat Bhupendrakumar Thaker
Managing Director
DIN: 06960624

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF TGIF AGRIBUSINESS LIMITED.**

***Disclaimer:*** **TGIF AGRIBUSINESS LIMITED** *has filed the Prospectus with the RoC on April 30, 2024 and thereafter with SEBI and the Stock Exchanges. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in and on the websites of the LM, Hem Securities Limited at www.hemsecurities.com. Investors should note that investment in Equity Shares involves a high degree of risk and for details relating to the same, please see* ***"Risk Factors"*** *beginning on page 22 of the Prospectus.*

*The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and in accordance with any applicable U.S. state securities laws. The Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' in reliance on Regulation under the Securities Act and the applicable laws of each jurisdiction where such offers and sales are made. There will be no public offering in the United States.*

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-08**

# ચીન સાથે વેપારખાધ

ભારત અને ચીનનો સંબંધ બહુ જટિલ છે. સીમા વિવાદને કારણે અદાવત પણ છે અને ટ્રેડના મોરચે મોટું ભાગીદાર પણ છે. ભારત ચીનના જીડીપીમાં ભારે યોગદાન આપી રહ્યું છે, છતાં ચીન ભારતનું જ હરસંભવ નુક્સાન કરવાની કોશિશ કરતું રહે છે. ૨૦૨૦માં ગલવાનની હિંસક સૈન્ય ઘટના બાદ ભારતમાં ચીની સામાનના બહિષ્કારની હવા ચાલી. અનેક સંગઠનોએ ચીનથી આયાત નહિ કરવાના સોગંદ ખાધા, એ માનવામાં આવ્યું કે જો ભારત ચીનથી આયાત નહીં કરે તો તેનાથી ચીનને ઝાટકો લાગશે અને ચીન માટે ભારતની નારાજગી સહન કરવી આર્થિક રૂપે મોંઘી પડશે, પરંતુ ધરાતલ પર એવું કશું ખાસ ન થયું. ભારત ચીનથી આયાત કરે છે. આ આયત સમય સાથે વધતી જ ગઈ છે. ૨૦૨૩-૨૪માં ચીન ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. અમેરિકા સાથે વેપાર તેમ છતાં સંતુલિત છે, જેમાં ભારત વધુ નિકાસ કરી રહ્યું છે અને ઓછી આયાત કરી રહ્યું છે , પરંતુ ચીન સાથે વ્યાપક સ્તર પર વેપાર ખાધ જોવા મળે છે. ભારત બહુ વધુ પડતી આયાત ચીનથી કરી રહ્યું છે અને ચીનને બહુ ઓછી નિકાસ કરી રહ્યું છે. ગયા વર્ષે ભારત અને ચીન વચ્ચે ૧૧૮.૪ અબજ ડોલરનો પરસ્પર વેપાર થયો, જેમાં ચીનથી ભારતની આયાત ૩.૨૪ ટકા વધીને ૧૦૧.૭ અબજ ડોલર થઈ ગઈ. એટલેકે ચીન સાથે ભારતની વેપાર ખાધ લગભગ ૮૫ અબજ ડોલરની છે. આ બહુ મોટું અસંતુલન છે. આ અસંતુલનને ઠીક કરવાની જરૂર છે. કાં તો ભારત ચીનથી આયાત ઓછી કરે અને પોતાના પૂરવઠા માટે નવો વિકલ્પ શોધે અથવા તો ભારત ચીનને આયાત વધારવા માટે મજબૂરલ કરે. ભારત અને ચીન વચ્ચે વેપાર અસંતુલન કેટલાય દાયકાઓથી છે. ભારત સરકારે એના તરફ ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ. એ સાચું કે આજે દુનિયા ટ્રેડ જાળમાં પરસ્પર ગૂંથાયેલી છે, પરંતુ ભારતે પોતાના હિતોનું ધ્યાન રાખવું પડશે. ભારતે ચીન સાથે સીમા વિવાદ ઉકેલવા માટે ટ્રેડ કૂટનીતિનો ઉપયોગ કરવો જોઇએ. આજે હજારો ચીની કંપનીઓ ભારતમાં કામ કરી રહી છે. આ જ સ્થિતિ ભારતીય કંપનીઓ માટે પણ ચીનમાં હોવી જોઈએ. ભારતની ચીનને લોહ, સુતરાઉ દોરા-કપડાં, હાથશાળ, મસાલા, ફળ, શાકભાજી, પ્લાસ્ટિક અને લિનોલિયમ જેવા ક્ષેત્રોમાં નિકાસ વધી છે. ભારત ચીનથી ઈલેક્ટ્રોનિક સામાન, ન્યૂક્લિયર રિએક્ટર્સ, બોઈલર, ઓર્ગેનિક કેમિકલ, ફર્ટિલાઈઝર, ગાડીઓ સાથે જોડાયેલ સામાન અને એલ્યુમિનિયમ વગેરેની આયાત કરે છે. ભારતનું ચીન અને અમેરિકા સાથે વેપારના આંકડામાં મામૂલી અંતર છે. આર્થિક શોધ સંસ્થા ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના આંકડા અનુસાર, ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૨૦૨૩-૨૪માં ૧૧૮.૩ અબજ ડોલર રહી છે. ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં અમેરિકા, ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર હતું. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, ચીન ૨૦૧૩-૧૪થી ૨૦૧૭-૧૮ સુધી અને ૨૦૨૦-૨૧માં પણ ભારતનું શીર્ષ વેપારી ભાગીદાર હતું. અર્થવ્યવસ્થાની ગતિ માટે જરૂરી છે કે ભારતનો વૈશ્વિક વેપાર સતત વધતો રહે, પરંતુ ચીન સાથે આટલા મોટા વેપાર અસંતુલનને નિયંત્રિત કરવાની જરૂર છે.

## મંગળવારે સવારે બનેલી દુઃખદ ઘટનામાં ડેડીયાપાડા તાલુકાના

# દાભવણમાં વીજળી પડતાં 2 બાળકોનાં મોત

**■ બે બાળકો વીજળી પડવાથી દાઝ્યા**

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા સહિત સમગ્ર રાજ્ય ના અનેક તાલુકાઓ માં સોમવારે વીજળી અને વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડ્યો જેમાં ખેડૂતો ના પાકને મોટું નુકશાન થયું છે, જ્યારે વીજળી પડતા ભૂછાદ ગામમાં એક ઝાડ બળી જવા પામ્યું હતું જોકે સોમવારે જોરદાર વાવાઝોડા સાથે વીજળી ત્રાટકતા કોઈ જાનહાનિ કે કોઈને ઇજા થઇ નહિ હતી પરંતુ મંગળવારે સવારે બનેલી દુઃખદ ઘટના માં ડેડીયાપાડા તાલુકાના



દાભવણ ગામમાં અચાનક વીજળી પડતાં ત્યાં ઉભેલા બે બાળકો પર વીજળી પડતાં બંને નું મોત થયું હતું જ્યારે બે બહેનો વીજળી પડવાથી દાઝી ગયા હતાં.



દાભવણ (કરજણ વસાહત ) ગામે આકાશી વીજળી પડતા બે બાળકો ના મોત, અને બે બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા જેમાં જાણવા મળ્યા મુજબ (૧.) દિલશાનભાઈ જયંતિભાઈ વસાવા ઉંમર વર્ષ ૧૪ (૨.) નૈતિકભાઈ રાજેશભાઈ વસાવા ઉંમર વર્ષ આશરે ૧૧ નાઓ ના મોત થયા હતા, જ્યારે આકાશી વીજળી પડતા દાઝી ગયેલા ઈજાગ્રસ્ત માં (૧.) નિલમબેન જયંતિભાઈ વસાવા ઉંમર વર્ષ આશરે ૧૧ અને (૨.) અમિતભાઈ ગણપતભાઈ વસાવા ઉંમર વર્ષ આશરે ૧૧ નો સમાવેશ થાય છે.ડેડીયાપાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. માસૂમ બે બાળકો ના મોત થી ગામ માં ગમગીની ફેલાઈ હતી અને બાળકોના પરિવાર માં માતમ છવાયું હતું.

### કમોસમી વરસાદના લીધે લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી

ગુજરાતમાં કમોસમી વરસાદના લીધે લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી છે. કમોસમી વરસાદના લીધે લોકોને ગરમીમાંથી રાહત મળી છે. બીજી બાજુએ ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ છે. તેમને ઉનાળુ પાકને લઈને ચિંતા છે. બુધવારે પણ અનેક જિલ્લામાં વરસાદ પડી શકે છે. સુરત, ભરૂચ, આણંદ, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, રાજકોટ અને ગીરસોમનાથમાં વરસાદ પડી શકે છે.

## રાજપીપળા GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલમાં નર્સિસ ડે ની ઉજવણી કરાઇ



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળાની GMERS મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ રાજપીપળા ખાતે નર્સિસ ડે ની ઉજવણી કરવામાં આવી, સ્મિતા પટેલ, નાયબ નર્સિંગ અધિક્ષક અને નર્સિંગ સ્ટાફ દ્વારા આ ઉજવણી કરવામાં આવી, જેમાં ડો. દર્શનાબેન દેશમુખ, ધારાસભ્ય નાંદોદ, ડીન ,એડી. ડીન, ડો.હરેશ કોઠારી અને ડો.આરતી શર્મા ની ઉપસ્થિતિમાં નર્સિસ ડે ની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. જેમાં નર્સિંગ સ્ટાફ દ્વારા આદિવાસી નૃત્ય,ગરબા અને ફેશન શો રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત નર્સિસ વિક દરમિયાન યોજવામાં આવેલી હરીફાઇ ના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા.

## લોકસભાના ઉમેદવારોની પ્રદેશ નેતાગીરીને રજૂઆત પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે ભાજપ ત્રણ નેતાઓને સસ્પેન્ડ કરશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ચૂંટણીના ઉમેદવારોની પ્રદેશ નેતાગીરીને રજૂઆત પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે ભાજપ ત્રણ નેતાઓને સસ્પેન્ડ કરશે લોકસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા ત્રણ નેતાઓને પક્ષમાંથી હાંકી કાઢવા હાઇકમાન્ડ સમક્ષ પ્રદેશ નેતાગીરી એ રજુઆત કરી હોવાનું કહેવાય છે.

આ ત્રણ નેતાઓમાં અમરેલીના વર્તમાન સાંસદ નારણભાઇ કાછડીયા તથા બે ભૂતપૂર્વ મંત્રીઓ ધર્મેન્દ્ર સિંહ હકુભા જાડેજા અને જવાહર ચાવડાનો સમાવેશ થાય છે. પરિણામની જાહેરાત બાદ પગલાં લેવામાં આવે તેવી શક્યતા પ્રદેશ નેતાગીરી એ રજૂઆત થઈ છે. કે આ ત્રણેય નેતાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવા જોઈએ કે જેથી દાખલો બેસે જો કે ભાજપ હાઇકમાન્ડ લોકસભાની ચૂંટણીના પરિણામ સુધી રાહ જોવાના મૂડમાં છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે ભાજપ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો જીતશે તો આ ત્રણેય નેતાને કાઢી મૂકશે એવી હાઇકમાન્ડે પ્રદેશ નેતાગીરીને ખાતરી આપી છે.



નારણભાઇ કાછડીયા એ પોતાને હરાવવા માટે પ્રયત્નો કર્યા હોવાની ફરિયાદ અમરેલી બેઠકના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા એ કરી છે.

નારણભાઇ કાછડીયા એ ઈફકોના ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપના સતાવાર ઉમેદવાર બિપીનભાઈ પટેલ ને હરાવવામાં પણ દિલીપ સંઘાણી અને જયેશ રાદડીયાને મદદ કરી હતી આ કારણે પ્રદેશ નેતાગીરી તેમના પર ભડકેલી છે.

## ડેડીયાપાડા તાલુકામાં સગપણ બાદ આવતા વર્ષે લગ્ન કરવાનું નક્કી થતા યુવતીએ ઝેરી દવા પી આપઘાત કર્યો



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં સગપણ બાદ આવતા વર્ષે લગ્ન નું નક્કી કરતા યુવતી એ ઝેરી દવા પી આપઘાત કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર પરસોત્તમભાઇ હીરાભાઈ વસાવા,રહે.સોલીયા મંદિર ફળીયુ, તા.દેડીયાપાડા જી. નર્મદા નાઓ એ.પોલીસ ને જાણ કર્યા મુજબ કનબુડી આમે મરનાર હેતલબેન પરસોત્તમભાઇ વસાવા ઉ.વ.૨૨ રહે.સોલીયા મંદિર ફળીયુ તા. દેડીયાપાડા જી.નર્મદા નાઓનું નરેન્દ્રભાઇ ગોપાળભાઇ વસાવા રહે. કનબુડી તા.દેડીયાપાડા નાઓ સાથે સગપણ કરેલ જેથી તેઓ નરેન્દ્રભાઇ ના ઘરે રહેવા માટે ગયેલ ત્યાં આ બંને નું લગ્ન આવતા વર્ષે કરવાનું નક્કી થયું.જેને કારણે હેતલબેન ને મનમાં લાગી આવતા પોતે પોતાની જાતે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન હેતલબેન નું મોત થતા દેડિયાપાડા પોલીસે અકસ્માત મોત દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**હેતલબેનને મનમાં લાગી આવતા પોતે પોતાની જાતે ઝેરી દવા પી લીધી**

# વાવાઝોડા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડતાં રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં ખેતીવાડીને મોટું નુકશાન થયું : અનેક વૃક્ષો ધરશાઇ થયાં

**વરસાદના આંકડા પર નજર કરીએ તો નર્મદા જિલ્લામાં સોમવારે સવારે ૬ વાગ્યા થી મંગળવારે સવારે ૬ વાગ્યા સુધીમાં નાંદોદ તાલુકા -૨૪ મી.મી. , ડેડીયાપાડા તાલુકા માં.- ૦૭ મી.મી., સાગબારા તાલુકામાં .- ૦૦, તિલકવાડા તાલુકામાં - ૩૨ મી.મી. અને ગરુડેશ્વર તાલુકામાં - ૪૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.**



## ધરતીપુત્રોના ઉભા પાકને નુકશાન થતા સરકાર પાસે વળતરની અપેક્ષા


ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં સોમવારે ભારે વાવાઝોડા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ આવતા ઠેર ઠેર વૃક્ષ તૂટી પડ્યા હતા અને કેળા સહિતના ઊભા પાકને ભારે નુકશાન થયું છે,તેમજ કલાકો સુધી વીજ પુરવઠો પણ ખોરવાયો હતો.

સોમવારે સાંજે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં અચાનક વાતાવરણ માં પલટો આવતા ભારે વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા આ કમોસમી વરસાદ ના કારણે જનજીવન ખોરવાયું હતું સાથે સાથે નાંદોદ તાલુકા સહિત અનેક તાલુકાઓ માં કેળા અને અન્ય ઊભા પાક ને ભારે નુકશાન થતા ધરતી પુત્રો નિરાશ થયા હતા.અને સરકાર વળતર આપે તેવી આશા સેવી રહ્યા છે. બીજી બાજુ રાજપીપળા માં લાલ ટાવર,નવદુર્ગા હાઈસ્કૂલ સહિત ની અનેક જગ્યાઓ પર ઝાડ અને ડાળ પડવાની ઘટના બનતા કેટલાક વિસ્તારો માં ચાર પાંચ કલાક લાઈટ બંધ રહેતા લોકો કંટાળી ગયા હતા જ્યારે અમુક વિસ્તારો માં તો આખી રાત લાઈટ આવી ન હતી.જોકે અનેક જગ્યા પર ઝાડ તૂટતાં વીજ કંપની ના લાઇનમેનો

આખી રાત કામ કરતા હતા અને આજે સવારે પણ બાકી રહેલા કામ માં પોરવાયા હતા.સાથે સાથે મોડી રાત સુધી વીજ કંપની ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર એચ.ટી. પ્રજાપતિ પણ રાત્રી દરમિયાન કામ કરી રહેલા લાઈનમેનો સાથે સતત સંપર્ક માં રહી ફોલોપ લેતા રહ્યા અને ગ્રામજનો ને વહેલીતકે વીજ પુરવઠો મળે તે માટેના તમામ પ્રયાસો તેમણે કર્યા હતા.આ કમોસમી વરસાદ માં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી પરંતુ ભૂછાડ ગામમાં એક ઝાડ પર વીજળી પડી જેમાં આખું ઝાડ બળી ગયું હતું.

## ચાણસ્મા તાલુકા સહિત પાટણ જિલ્લાના મોટાભાગના રોડ પર દેશી બાવળોનું સામ્રાજ્ય



નીતિન ઠાકર | ચાણસ્મા

છેલ્લા કેટલાય સમયથી ચાણસ્મા શહેરની રૂપેશ્વર રોડથી હાઈવે રોડને જોડતા રોડ ની બંન્ને સાઈડો ઘરમોડાથી લક્ષ્મીપુરા બ્રાહ્મણવાડા રોડની બંન્ને સાઈડો ગ.વાસણાથી સેંઘા રોડ તેમજ સેંઘા રોડથી સેંઢાલ રોડની બંન્ને સાઈડો સહિત પાટણ જિલ્લાના હારીજ તાલુકાના જસોમાવથી જમણપુર અડિયા ચંદ્રુમાણા ચંદુ માણા તંબોળીયા રોડ ની બંન્ને સાઈડો ના બાવળો અને ઝાડી ઝાંખળાં રોડ પર આવી જતાં રોડ પરથી પસાર થતા વાહનો માટે સાઈડ લેવા માટે ખૂબ જ મુશ્કેલી ભરી સમસ્યા ઉદ્દભવીત થઈ છે. જ્યારે રોડની બંન્ને સાઇડના બાવળો અને ઝાડીઝાંખળાં ના કારણે સામે થી આવતું વાહન નહી દેખાવવા ના કારણે મોટો અકસ્માત થવાની દહેશત વાહન ચાલકો વ્યક્ત કરી રહ્યા છે. અને સંલગ્ન તંત્ર દ્વારા આવા રોડ પરની બાવળો ના ઝુંડ ઝાડીઝાંખળાં ની સફાઈ કરી રોડ ની સાઈડો પહોંળી કરવામા આવે તેવી વાહનચાલકો સહિત લોકમાંગ ઉઠવવા પામી છે.

**રોડની બંન્ને સાઇડો પર બાવળોના ઝૂંડના કારણે અકસ્માતની દહેશત**

## પીરાણામાં આવેલી સમાધિને તોડનારા તત્વો સામે કાર્યવાહી કરવા માછી સમાજનું કલેકટરને આવેદન



**તમામ સમાધિઓને ફરીથી બનાવી આપવાનો હુકમ કરવા નર્મદા કલેકટરને રજૂઆત કરવામાં આવી**

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા માછી સમાજ સહિત સમગ્ર માછી સમાજ ના આગેવાનો એ પીરાણામાં આવેલી સમાધિ ને તોડનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવા નર્મદા કલેકટર ને આવેદનપત્ર આપ્યું હતું આવેદનમાં જણાવ્યા મુજબ અમે સતપંથ સનાતન વૈદિક ધર્મને માનનારા સતપંથીઓ છીએ, અમદાવાદ જીલ્લા ના દસકોઈ ગામ પીરાણામાં આવેલ અમારી માતૃસંસ્થા ધી ઈમામશાહ બાવા સંસ્થામાં ગત તારીખ ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ સંસ્થાના હાલના વહીવટ કરતા સાધુ જ્ઞાનેશ્વરદાસ ( ગંગારામકાકા) ના મોળાપીપણામાં આજ સંસ્થા કેટલાક ટ્રસ્ટી (કમીટી સભ્યો) ભેગા મળી ૬૦૦ (છસ્સો) વર્ષ જુની પુરાતત્વ સમાધીઓ, સદગોર પાત્ર ઈમામશાહ બાવા, તેમજ તેમનાં પુત્ર, તેમજ તેમના પત્ની તેમજ હાજરબેગ મહારાજ તેમજ શકિતમાતા (મહાકાળી) તેમજ અન્ય સમાધીઓ તોડી માર્બલનું ફલોરીંગ કરીને સમાધી નેસ્ત નાબુદ કરેલ છે. જેના અમને સમાચાર મળતા અમે સંતપંથ સનાતન વૈદિક ધર્મને માનનારા હજાર હિન્દુ સતપંથીઓની શ્રધ્ધાને ઠેસ પહોચી છે. જેથી આ કૃત્ય કરનારો ટ્રસ્ટી હર્ષદ પટેલ તથા અમુક ટ્રસ્ટીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી તથા તપાસ કરી કડક માં કડક કાર્યવાહી કરવી અને આ તમામ સમાધિઓ ને ફરીથી બનાવી આપવાનો હુકમ કરવા નર્મદા કલેકટર ને રજૂઆત કરાઇ છે.

# નર્મદાના નાદોદ તાલુકાના રાજપરા ગામે દીપડા અને કપિરાજનો આતંક

## રાજપરા ગામમાંથી દીપડો વાછરડાનો મારણ કરી જતા ગ્રામજનોમાં ભારે ફફડાટ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાદોદ તાલુકાના રાજપરા ગામમાં છેલ્લા કેટલાક સમયથી લોકો ભય ના ઓથા હેઠળ જીવી રહયા છે, ગામ માં દિપડા સહિત કપિરાજ એ ભારે આતંક મચાવ્યો હોય લોકો માં ફફડાટ ફેલાયો છે.

રાજપરા ગામની વાત કરીએ તો ગામમાં અનેક સ્થળોએ હિંસક દિપડો દેખાતા ગ્રામજનો માં ભારે ફફડાટ ફેલાયો છે . દીપડો અગાઉ ગામની સીમમાં ફરતો હોવાથી ગામમાં પણ પ્રવેશતા લોકો ફફડી ઊઠ્યા છે, દીપડાએ એક વાછરડા નું મારણ પણ કર્યુ હતું અને તેને ફાડી ખાધો હોવાનું જાણવા મળ્યું છે. રાજપરા ગામની સીમ સહિત ગામના પાદર અને પ્રવેશદ્વારો ઉપર વન વિભાગ પાંજરા મૂકી દીપડાને ઝડપી પાડે તેવી લોકોમાં માંગ ઉઠી છે ત્યારે વન વિભાગ એ ત્વરિત જ લોકો ની





**કપિરાજનો આતંક : એક બાળક સહિત બે મહિલા ઉપર હુમલો કરી ઇજાગ્રસ્ત કર્યા**

માંગણીને ધ્યાનમાં રાખીને રાજપરા ગામમાં દીપડાને ઝડપી પાડવા માટે નો તખ્તો ગોઠવવો જોઈએ અને ગ્રામજનો ને દિપડા ના ભય માથી મુક્ત કરવા એ સમયની તાંતી જરૂરિયાત બની છે.

આ ઉપરાંત રાજપરા ગામમાં કપિરાજ એ પણ આતંક મચાવ્યો છે, આ કપિરાજ એ ગામના એક છોકરા સહિત ગામ ની બે મહિલાઓ ઉપર હિંસક હુમલા કર્યા હતા, જેથી ગામજનોમાં ભારે ભય જોવા મળી રહ્યો છે માટે આ સમગ્ર મામલાને નર્મદા જીલ્લા વન વિભાગ ગંભીરતાથી લઈ તાત્કાલિક દીપડા અને કપિરાજ ના આતંક થી રાજપરા ના ગ્રામવાસીઓને મુક્ત કરે એવી માંગ ઉઠી રહી છે.

## આકરી ગરમીમાં ડેડીયાપાડા મામલતદાર કચેરી માં કામ અર્થે ગયેલા આધેડ ને ચક્કર આવતા મોત


ભરત શાહ | રાજપીપળા




**ગરમીના કારણે હાર્ટએટેક આવ્યો હોવાનું પુત્રએ અનુમાન લગાવ્યું**

નર્મદા જિલ્લામાં ઘણા દિવસો થી ખતરનાક ગરમી પડે છે જોકે સોમવારે સાંજે અચાનક વરસાદ પાડ્યા આંશિક ઠંડક થઇ હતી પરંતુ સોમવારે બપોરે ડેડીયાપાડા મામલતદાર કચેરી ખાતે કામ અર્થે ગયેલા આધેડ ને અચાનક ચક્કર આવતા મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર સાજનભાઈ અરવિંદભાઈ તડવી રહે-ડાભવણ તળાવ ફળીયુ, તા.દેડીયાપાડાનાઓએ પોલીસમાં જાણ કર્યા મુજબ અરવિંદભાઇ તડવી ઉ.વ.આ.૫૫ રહે-ડાભવણ તળાવ ફળીયુ તા.દેડીયાપાડા જી-નર્મદાનાઓ સોમવારે તેમના કામ અર્થે દેડીયાપાડા મામલતદાર ઓફિસે આવેલ હતા અને તેમની તબીયત અચાનક ખરાબ થતા મામલતદાર ઓફિસના ગેટ પાસે ચક્કર આવવાથી જમીન ઉપર પડી જતા તેમને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમા બેસાડી સરકારી હોસ્પીટલ દેડીયાપાડા ખાતે લઇ ગયેલ તેમને ફરજ ઉપરના ડોક્ટરે તપાસી મૃત જાહેર કરતાં ડેડીયાપાડા પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.જોકે પોલીસ ને જાણ કરનાર તેમના પુત્ર સાજન ભાઈ ના જણાવ્યા મુજબ વધુ પડતી ગરમીના કારણે તેમને એટેક આવ્યો હોય માટે આવુ બન્યું છે તેવું અનુમાન તેમણે લગાવ્યું હતું.

# તિલકવાડામાં દીપડાઓનો આતંક યથાવત : એક રાતમાં બે પશુઓને બનાવ્યા શિકાર





ભરત શાહ | રાજપીપળા

પ્રાપ્ત વિગત અનુસાર તિલકવાડા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓનો આતંક જોવા મળી રહ્યો છે વારંવાર આ દીપડાઓ પશુઓને શિકાર બનાવી રહ્યા છે જાણે તિલકવાડા તાલુકામાં દીપડાઓની વસ્તીમાં ખૂબ જ વધારો થયો હોઈ તેમ લાગી રહ્યું છે ત્યારે ફરી એક ઘટના સામે આવી છે જે ઘટનામાં તિલકવાડા તાલુકાના ચિત્રાખાડી ગામ થી એક વાછરડા ને દીપડાએ શિકાર બનાવ્યો છે તો બીજી તરફ હિજડા મહુડી ગામેં એક બકરી તથા એક લવારા ને દીપડાએ શિકાર બનાવતા આ વિસ્તારમાં ભય જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે તિલકવાડા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓનો આતંક જોવા મળી રહ્યો છે રોજ રોજ આ દિપડાઓ પશુઓને શિકાર બનાવી રહ્યા છે હાલ થોડા દિવસ અગાઉ વંઢ નજીક 35 વર્ષીય યુવાન ને દીપડા એ શિકાર બનાવ્યો હતો ત્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા વિસ્તારમાં પીંજરા તથા કેમેરા લગાડી એક દિપડા ને રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો આ દીપડાને રેસ્ક્યુ કરવામાં હજુ એક જ દિવસ થયો છે ત્યાં ફરી પશુઓને શિકાર બનાવવાની ઘટનાઓ સામે આવી છે. આ ઘટના માં મળતી માહિતી અનુસાર તિલકવાડા તાલુકાના હીજડા મહુડી ગામે રહેતા ઈશ્વરભાઈ વસાવા જેવો ખેતી અને પશુપાલન કરીને પોતાનો જીવન નિર્વાહ કરે છે તેઓ ગત રોજ રાબેતા મુજબ સાંજના સમયે પોતાના ઘર પાસે બકરાઓને બાંધેલ ત્યારે મોડી રાત્રીના દીપડાએ હુમલો કરી બે વર્ષની બકરી તથા ચાર મહિનાના લવારા ને શિકાર બનાવ્યો, તો બીજી બાજુ ચિત્રાખાડી ગામે મુકેશભાઈ ભીલ ના ઘર નજીક બાંધેલી અંદાજીત બે વર્ષીય વાછરડી ને દીપડાએ શિકાર બનાવી છે. ઘટના ને પગલે આ વિસ્તારમાં ડર ફેલાયો છે, ત્યારે વહેલી તકે પાંજરા મૂકી આ દીપડાઓ ને પણરેસ્ક્યુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

**ન્યૂઝ ટ્રેક**

### એક કરોડ ઘરોમાં સૌર ઊર્જા પૂરી પાડવા કૌશલ્યપૂર્ણ

મુંબઈ | એક કરોડ ઘરોને સૌર ઉર્જા પૂરી પાડવાની પોતાની યોજનાને બળ આપવા સરકારે સોલાર પેનલ સ્થાપિત કરવા અને તેના સંચાલન માટે મજબૂત કૌશલ્યપૂર્ણ વર્કફોર્સ તૈયાર કરવાની દિશામાં કામગીરી હાથ ધરી છે. રિન્યૂએબલ એનર્જી, સ્કીલ ડેવલોપમેન્ટ અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કૌશલ્ય યોજના શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર કવાયત પીએમ સૂર્ય ઘર : મુફ્ત બીજલી યોજનાને બળ આપવા માટે હાથ ધરવામાં આવી છે. સરકારની રૂફટોપ સોલાર યોજનાનો હેતુ સોલાર પેનલ્સથી જોડાયેલ ગ્રીડ દ્વારા ઘરોને 300 યૂનિટ વીજળી ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં લાગુ કરવામાં આવી હતી.

### ઈ-કોમર્સ કંપનીઓ માટે સરકાર નિયમ બનાવશે

મુંબઈ | ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર પ્રોડક્ટ અને સર્વિસની નકલી સમીક્ષા હજી પણ સામે આવી રહી છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના સચિવ નિધિ ખરેએ આ અંગે જણાવ્યું કે ગ્રાહકોના હિતોની રક્ષા માટે હવે સરકાર માપદંડ બનાવશે. જેથી ગ્રાહકોને સારો એવો ફાયદો થાય. જો તમે ઓનલાઈન શોપિંગ કરો છો તો આ સમાચાર તમારા માટે છે. એક ટોચના અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે, સરકાર નકલી સમીક્ષાઓને અસરકારક રીતે કાબૂમાં લેવામાં સ્વૈચ્છિક પ્રયાસો નિષ્ફળ ગયા બાદ ઈ-કોમર્સ કંપનીઓ માટે ગ્રાહક સમીક્ષાઓ માટે ગુણવત્તાના ધોરણોનું પાલન કરવાનું ફરજિયાત બનાવવાનું વિચારી રહી છે.

### અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટનું બીજુ પ્રી-વેડિંગ સમુદ્રમાં યોજાશે

મુંબઈ | પ્રખ્યાત બિઝનેસ મેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના બીજા પ્રી-વેડિંગને લઈને એક નવું અપડેટ સામે આવ્યું છે. લેટેસ્ટ અપડેટમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફંક્શન ખૂબ જ મોટું હશે અને લગભગ 800 મહેમાનો તેમાં હાજરી આપવાના છે. ક્રુઝ શિપ ઈટાલીના સિટી બંદરથી રવાના થશે અને દક્ષિણ ફ્રાન્સમાં તેની યાત્રા સમાપ્ત કરશે. આ ક્રુઝ શિપ પર 600 સ્ટાફ હાજર રહેશે જે તે 800 મહેમાનોની રહેવાથી લઈને ભોજન સુધીની તમામ જરૂરિયાતોનું ધ્યાન રાખશે. નવી માહિતી સામે આવી છે તે મુજબ આ વખતે અનંત અને રાધિકાના પ્રી-વેડિંગ સમુદ્રની વચ્ચે એક ક્રુઝ શિપમાં થવા જઈ રહ્યા છે. આ જહાજ ઈટાલીના સિટી બંદરથી રવાના થશે અને દક્ષિણ ફ્રાન્સમાં રોકાશે.

**નિકાસ આ ગાળામાં 107.20 અબજ ડોલરથી વધી 122.72 અબજ ડોલર રહ્યાનું પણ પ્રાપ્ત આંકડા જણાવે છે**

# ભારતની ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પાર્ટનર દેશોમાંથી આયાત 38% વધી, નિકાસમાં પણ વધારો, GTRI રિપોર્ટ

(એજન્સી) મુંબઈ | તા.14



FTA: જે દેશો સાથે ભારતના મુકત વેપાર કરાર છે તેમની સાથે ભારતની નિકાસ કરતા છેલ્લા પાંચ વર્ષમાં આયાતમાં નોંધપાત્ર વધારો થયો છે. મુકત વેપાર કરાર સાથેના દેશો ખાતેથી ભારતની માલસામાનની આયાત છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે ૩૮ ટકા વધી ૧૮૭.૯૨ અબજ ડોલર રહી હોવાનું ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (જીટીઆરઆઈ) દ્વારા જણાવાયું હતું. આની સામે આજ ગાળામાં નિકાસ ૧૪.૪૮ ટકા વધી ૧૨૨.૭૨ અબજ ડોલર રહી હતી. મુકત વેપાર કરાર સાથેના દેશો ખાતેથી ૨૦૧૮-૧૯માં આયાત આંક જે ૧૩૬.૨૦ અબજ ડોલર રહ્યો હતો તે ૩૭.૯૭ ટકા વધી ૧૮૭.૯૨ અબજ ડોલર રહ્યો હતો. જ્યારે નિકાસ આ ગાળામાં ૧૦૭.૨૦ અબજ ડોલરથી વધી ૧૨૨.૭૨ અબજ ડોલર રહ્યાનું પણ પ્રાપ્ત આંકડા જણાવે છે.મુકત વેપાર કરારને કારણે ભારતના વિદેશ વેપારના ગણિતોમાં નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યાનું જીટીઆરઆઈના આંકડા પરથી કહી શકાય એમ છે. ૨૦૧૮-૧૯માં યુએઈ ખાતે ભારતની નિકાસ જે ૩૦.૧૩ અબજ ડોલર રહી હતી તે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮.૨૫ ટકા વધી ૩૫.૬૩ અબજ ડોલર રહી હતી જ્યારે આજ ગાળામાં આયાત ૨૯.૭૯ અબજ ડોલરથી ૬૧ ટકા વધી ૪૮.૦૨ અબજ ડોલર રહી હતી.ભારત તથા યુએઈ વચ્ચે મુકત વેપાર કરાર મે, ૨૦૨૨થી થયા હતા. ઓસ્ટ્રેલિયા ખાતે દેશની નિકાસ પાંચ વર્ષમાં બમણી થઈને નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે ૭.૯૪ અબજ ડોલર રહી છે જે નાણાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૩.૫૨ અબજ ડોલર રહી હતી. ઓસ્ટ્રેલિયા ખાતેથી ભારતની આયાત આ ગાળામાં ૧૩.૧૩ અબજ ડોલરથી ૨૩ ટકા વધી ૧૬.૧૬ અબજ ડોલર રહી હોવાનું પણ પ્રાપ્ત આંકડા જણાવે છે. દસ રાષ્ટ્રોના સમાવેશ સાથેના એસિઅન ખાતે ભારતની નિકાસ પાંચ વર્ષમાં દસ ટકા વધી ૪૧.૨૧ અબજ ડોલર રહી છે. આયાત ૩૪ ટકા વધી ૭૯.૬૭ ડોલર રહ્યાનું પણ આંકડા સૂચવે છે. વૈશ્વિક નિકાસમાં ભારતનો ક્રમ ૧૭મો રહ્યો છે. જ્યારે આયાત મોરચે ભારત આઠમાં ક્રમે છે.ગયા નાણાં વર્ષમાં ભારતની માલસામાનની નિકાસ ૩.૧૦ ટકા ઘટી ૪૩૭.૧૦ અબજ ડોલર રહી હતી જ્યારે આયાત ૫.૪૦ ટકા ઘટી ૬૭૭.૨૦ અબજ ડોલર રહ્યાનું તાજેતરમાં જાહેર થયેલા આંકડામાં જણાવાયું હતું.

## પાકિસ્તાનમાં આઈટીઆર ન ભરનારા વિરૂદ્ધ અલગ અંદાજમાં કાર્યવાહી

(એજન્સી) મુંબઈ | તા. 14

Punishment For Not Filling ITR: આર્થિક મંદીનો સામનો કરી રહેલા પાકિસ્તાને આઈટીઆર ફાઈલ ન કરનારા વિરૂદ્ધ કડક પગલાં લીધા છે. પાકિસ્તાને ઈનકમ ટેક્સ ફાઈલ ન કરવા બદલ 3500થી વધુ લોકોના સીમ કાર્ડ બ્લોક કરી દીધા છે. ટેલિકોમ ઓપરેટર્સે પાકિસ્તાનની ફેડરલ બોર્ડ ઓફ રેવેન્યૂ (FBR)ને આ મામલે વચન આપ્યું હતું કે, આઈટીઆર ફાઈલ કરનારા વિરૂદ્ધ કાર્યવાહીના ભાગરૂપે તેઓ સીમ કાર્ડ બ્લોક કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક્સપ્રેસ ટ્રિબ્યૂનનો હવાલો આપતાં જણાવ્યું છે કે, આ કાર્યવાહી પાછળનો ઉદ્દેશ 5,06,671 લોકોને 2023 માટે રિટર્ન ફાઈલ કરવા પ્રેરિત કરવાનો હતો. જે લોકોએ આઈટીઆર ફાઈલ નથી કર્યુ તેમના સીમ કાર્ડ બ્લોક કરવાની કાર્યવાહી શરૂ કરી છે. સીમ બ્લોક થયા બાદ નવુ સીમ કાર્ડ લેવા જશે તો તેણે 90 ટકા વધુ ટેક્સ ચૂકવવો પડશે. બાદમાં જ નવુ સીમ ચાલુ થશે. એફબીઆરએ લગભગ 5000 લોકોને સંદેશ મોકલી ચેતવણી આપી હતી કે, જો તેઓ પોતાનુ રિટર્ન ફાઈલ નહિ કરે તો તેમના સીમ બ્લોક કરી દેવામાં આવશે. ટેલિકોમ કંપનીઓને આઈટીઆર ફાઈલ ન કરનારાના નંબર મોકલી સીમ કાર્ડ મેન્યુઅલ બ્લોક કરવા નિર્દેશ કર્યો હતો. ટેલિકોમ કંપનીઓએ બ્લોક કરેલા સીમને વેરિફાઈ કરવા માટે એક ઓટોમેટિક સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે. પાકિસ્તાને વધુ એક નિર્દેશ પણ જારી કર્યો છે, જેમાં ઈનકમ ટેક્સ ન ભરનારા લોકોના મોબાઈલ બેલેન્સમાંથી ટેક્સ વસૂલવામાં આવશે. અર્થાત પ્રિ-પેઈડ અને પોસ્ટપેઈડ નોન-ફાઈલર્સ દ્વારા કરવામાં આવેલા મોબાઈલ બેલેન્સમાંથી એક ઓટોમેટિક સિસ્ટમના માધ્યમથી 90 ટકા રકમ ટેક્સ હેઠળ વસૂલાશે. જો પાકિસ્તાની ચલણમાં 100નું બેલેન્સ કરાવ્યુ હશે તો તેમાંથી 9PKR ટેક્સ હેઠળ કાપી લેવામાં આવશે.

## સોનું વધુ રૂ.500 ગબડયું : બે દિવસમાં રૂ.900 તૂટયું

(એજન્સી) નવી દિલ્હી | તા. 14




મુંબઈ ઝવેરીબજારમાં આજે સોના- ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. નવી માગ ધીમી હતી. વિશ્વબજારના સમાચાર નિરુત્સાહી હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૩૬૦થી ૨૩૬૧ વાળા ૨૩૬૪થી ૨૩૬૫ થયા પછી ઘટી ૨૩૪૬થી ૨૩૪૭ ડોલર રહ્યા હતા. વિશ્વબજાર પાછળ ઘરઆંગણાના ઝવેરીબજારોમાં પણ ઉંચેથી ઘટતી બજારે માનસ વેંચવાનું રહ્યું હતું. અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૫૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૭૪૪૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૪૬૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૮૪ હજારના મથાળે શાંત હતા. વિશ્વબજારમાં ચાંદીના ભાવ ઔંશદીઠ ૨૮.૧૯થી ૨૮.૨૦ વાળા ૨૭.૯૭ થયા પછી ફરી વધી ૨૮.૩૧થી ૨૮.૩૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપર આજે ૧.૦૫ ટકા વધતાં વૈશ્વિક ચાંદીના ભાવમાં ઘટાડે સ્પોર્ટ જોવા મળ્યો હતો. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ પણ આંચકા પચાવી આજે ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૮૨.૭૯ વાળા ઉંચામાં ૮૩.૩૯ થઈ ૮૩.૨૭ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૭૮.૨૬ વાળા ઉંચામાં ૭૮.૯૨ ડોલર થઈ ૭૮.૮૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશદીઠ ૯૯૭થી ૯૯૮ વાળા નીચામાં ૯૯૨ થયા પછી ફરી વધી ૧૦૦૬થી ૧૦૦૭ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઔંશના ૯૮૦થી ૯૮૧ વાળા ૯૭૨ થઈ ઉંચામાં ૯૯૩ ડોલર થઈ ૯૮૯થી ૯૯૦ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૨૪૫૦ વાળા ઘટી રૂ.૭૧૮૭૫ રહ્યા હતા. જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૭૨૭૫૦ વાળા રૂ.૭૨૧૬૫ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૮૩૬૦૦ વાળા રૂ.૮૩૨૬૫ થઈ રૂ.૮૩૪૯૪ રહ્યા હતા. મુંબઈ સોના- ચાદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. અમેરિકામા બુધવારે બહાર પડનારા ફુગાવાના ડેટા પર બજારની નજર રહી હતી.

## ક્રેડિટ કાર્ડનું બિલ ચૂકવવા પૈસા ન હોય તો પેનલ્ટીથી બચવા અપનાવો આ રસ્તો, મસમોટા વ્યાજથી બચી જશો!

(એજન્સી) ગુરૂગ્રામ | તા.14

ક્રેડિટ કાર્ડ એ તમને રોકડની ઝંઝટથી મુક્ત કરવા, ક્રેડિટ સ્કોર વધારવા અને અણધારી જરૂરિયાતોને પૂરી કરવા નાણાકીય સહાય પ્રદાન કરે છે. પરંતુ તેનું દરમહિને આવતા બિલની ચૂકવણી સમયસર કરવી પણ એટલી જ આવશ્યક છે. જો ચૂકવણી કરવાનું ચૂકી જાવ તો મોટી પેનલ્ટી અને અન્ય નુકસાનનો સામનો કરવો પડી શકે છે. આમ ન થાય તેના માટે ક્રેડિટ કાર્ડ ધારકોએ પોતાની કાર્ડ બિલિંગ સાયકલ અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટને સમજવુ અનિવાર્ય છે. આરબીઆઈએ તાજેતરમાં ફેરફાર કરેલા નિયમોના આધારે તમે ક્રેડિટ કાર્ડ બિલિંગ સાયકલને મેનેજ કરી શકો છો. માની લો કે, તમારૂ ક્રેડિટ કાર્ડ બિલ દર મહિને 25 તારીખે આવે છે, અને તેની ચૂકવણીની તારીખ આગામી મહિનાની 7 તારીખ છે. એટલે કે જો તમને 25 જાન્યુઆરીએ રૂ. 10 હજારનું ક્રેડિટ કાર્ડ બિલ મળે છે. તો તે 7 ફેબ્રુઆરી સુધી ચૂકવવાનું હોય છે. સંપૂર્ણ રકમની ચૂકવણી કરતાં તમારી ક્રેડિટ મર્યાદા વધી શકે છે. પરંતુ જો તમે ચૂકવણી કરવા સક્ષમ નથી, તો તમે ઓછામાં ઓછી રકમ (બિલના 5 ટકા) ચૂકવી શકો છો. પરંતુ યાદ રાખો, બાકીની રકમ પર વ્યાજ ચૂકવવુ પડશે, જેનાથી બોજો વધશે. આરબીઆઈ અનુસાર, હવે ક્રેડિટ કાર્ડ કંપનીઓને ઓછામાં ઓછું એક વખત પોતાની બિલિંગ સાયકલ બદલાવની મંજૂરી આપવી પડશે. જેનાથી તમે તમારા નાણાકીય સગવડોને અનુસાર ચૂકવણીની મુદત બદલી શકો છો. જેનાથી પેનલ્ટી ચાર્જમાંથી મુક્તિ મળે છે.

## દેશની રિટેલ મોંઘવારી એપ્રિલમાં 11 માસના તળિયે 4.83 ટકા, પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટ્યા



(એજન્સી) નવી દિલ્હી | તા. 14

દેશની રિટેલ મોંઘવારી એપ્રિલ માસમાં 11 માસના તળિયે પહોંચી છે. પેટ્રોલ-ડીઝલ સહિત ઈંધણના ભાવોમાં ઘટાડાના પગલે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) ફુગાવો એપ્રિલમાં 4.83 ટકા નોંધાયો છે. જે માર્ચમાં 4.85 ટકા હતો. અર્થશાસ્ત્રીઓના 4.80 ટકા અંદાજ સામે વધ્યો છે.

ખાદ્ય ચીજોના ભાવમાં વધારો નોંધાયો હોવા છતાં રિટેલ મોંઘવારી સ્થિર રહી છે. જેની પાછળનું કારણ પેટ્રોલ-ડીઝલ સહિત ઈંધણના ભાવોમાં ઘટાડો છે. ફૂડ એન્ડ બેવરેજીસની કિંમતો માર્ચમાં 7.68 ટકા સામે વધી એપ્રિલમાં 7.87 ટકા થઈ છે.

ઈંધણ અને વીજનો મોંઘવારી દર ઘટી એપ્રિલમાં 4.24 ટકા નોંધાતા રિટેલ ફુગાવો સતત આઠમા મહિને આરબીઆઈની 2-6 ટકાની મર્યાદા હેઠળ નોંધાયો છે. એપ્રિલમાં ખાદ્ય ચીજોનો ફુગાવો વધી 8.70 ટકા થયો છે. જે માર્ચમાં 8.52 ટકા હતો. ફળોની કિંમતો માર્ચમાં 3.07 ટકા સામે વધી એપ્રિલમાં 5.22 ટકા થઈ છે.

જો કે, શાકભાજી અને દાળોમાં મોંઘવારી ઘટી છે. વાર્ષિક ધોરણે સીપીઆઈ ફુગાવો 4.83 ટકાની અપેક્ષા મુજબ નોંધાવો છે. ખાદ્ય ચીજો સિવાય તમામ સેગમેન્ટમાં મોંઘવારી ઘટી છે. જેથી આગામી સમયમાં વ્યાજદરોમાં કોઈ વૃદ્ધિ જોવા નહિ મળે તેવુ ટાટા એસેટ મેનેજમેન્ટના ફિક્સ્ડ ઈનકમ ફંડ મેનેજર અખિલ મિત્તલે જણાવ્યું છે.



## વર્તમાન સીઝનમાં દેશની રૂ નિકાસમાં 27 ટકા વધારો જોવા મળશે

(એજન્સી) નવી દિલ્હી | તા. 14

સપ્ટેમ્બરના અંતે સમાપ્ત થનારા ૨૦૨૩-૨૪ના ક્રોપ યરમાં દેશની રૂ નિકાસ ૨૭ ટકા વધી ૧૮ લાખ ગાંસડી રહેવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. ૨૦૨૨-૨૩ (ઓકટોબરથી સપ્ટેમ્બર)ના ક્રોપ યરમાં દેશની રૂ નિકાસ ૨૨ લાખ ગાંસડી રહી હતી એમ કોટન એસોસિએશન ઓફ ઈન્ડિયા (સીએઆઈ)ના સુત્રોએ જણાવ્યું હતું. ડિસેમ્બર, ૨૦૨૩થી માર્ચ, ૨૦૨૪ના ગાળામાં ભારતના રૂના ભાવ આંતરરાષ્ટ્રીય ભાવ કરતા ૮થી ૧૦ ટકા ડીસ્કાઉન્ટે બોલાતા હતા જેને પરિણામે ભારતની રૂની માગમાં વધારો જોવા મળ્યો હતો. ભારતના કપાસની નિકાસ વિયેતનામ, બંગલાદેશ તથા ચીન જેવા દેશોમાં થાય છે. ૨૦૨૩-૨૪ની મોસમ માટે એપ્રિલના અંદાજમાં સીએઆઈએ રૂનો ઉત્પાદન આંક ૩૦૯.૭૦ લાખ ગાંસડી રહેવા ધારણાં મૂકી છે. ગઈ મોસમમાં દેશનું રૂ ઉત્પાદન ૩૧૮.૯૦ લાખ ગાંસડી રહ્યું હતું.

## હવે સ્પેમ કૉલ અને ફ્રોડ મેસેજની ઝંઝટમાંથી મળશે છુટકારો, સરકાર ટૂંક સમયમાં માર્ગદર્શિકા જાહેર કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા. 14




Avoid Unwanted Banking-Finance calls: મોટાભાગના લોકોની સમસ્યા સમાન લોન, ક્રેડિટ કાર્ડ અન્ય ફાઈનાન્સ સંબંધિત આવતા અનિચ્છનીય કોલ્સ પર હવે લગામ લાગશે. કેન્દ્ર સરકાર આ મામલે ટૂંકસમયમાં માર્ગદર્શિકા જારી કરી શકે છે. ટેલિકોમ ડિપાર્ટમેન્ટ અને TRAIએ આ અંગે ડ્રાફ્ટ તૈયાર કરી દીધો છે. જે ઝડપથી રજૂ કરવામાં આવશે. પ્રિવેન્શન એન્ડ રેગ્યુલેશન ઓફ અનસોલિસિટેડ એન્ડ અનવોરન્ટેડ બિઝનેસ કોમ્યુનિકેશન, 2024 નામ હેઠળ નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. જે મામલે ગ્રાહક બાબતોના વિભાગે 10 મેના રોજ બેઠક યોજી હતી. ગ્રાહક બાબતોના વિભાગ (DoCA) દ્વારા આયોજિત આ બેઠકનું નેતૃત્વ નિધિ ખરેએ કર્યુ હતું. તેમાં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT), ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI), સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન (COAI) અને તમામ ટેલિકોમ કંપનીઓના પ્રતિનિધિઓ સામેલ હતા. BSNL, Jio, Airtel, Viના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ માર્ગદર્શિકામાં, TRAI અને DoT દ્વારા ઘણા પાસાઓ પર વિચાર કરવામાં આવ્યો છે જેથી કરીને નકલી કોલને રોકી શકાય. અગાઉ ટ્રાઈએ તમામ ટેલિકોમ કંપનીઓને કોલરનું નામ એક્ટિવેટ કરવાની સલાહ આપી હતી. ઉપરાંત, સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગ કંપનીઓને આ સુવિધાને સક્ષમ કરવા માટે સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં સામેલ અધિકારીઓનું કહેવું છે કે ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન કન્ઝ્યુમર પ્રેફરન્સ રેગ્યુલેશન 2018માં મુખ્ય સંસ્થાઓ જેમ કે બેન્કો, નાણાકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ અને ટ્રેડિંગ કંપનીઓને ડિજિટલ કન્સેન્ટ એક્વિઝિશન (DCA) સિસ્ટમ લાગુ કરવા માટે કહેવામાં આવ્યું હતું. DCA સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ એક એકીકૃત પ્લેટફોર્મ બનાવવાનો છે જ્યાં ગ્રાહકો તેમની ડિજિટલ સંમતિ આપી શકે.

### શું છે નવી માર્ગદર્શિકામાં?

રિપોર્ટ અનુસાર, આ પ્રસ્તાવિત માર્ગદર્શિકામાં ઘણા મહત્વપૂર્ણ પાસાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા છે, જેથી કરીને અન્ય કોઈ કાયદાની અવગણના ન કરી શકાય. અનિચ્છનીય અથવા અયોગ્ય કોમ્યુનિકેશન્સની યાદી જારી કરવામાં આવી છે. જેના માટે સમિતિના સભ્યો દ્વારા અનેક સૂચનો આપવામાં આવ્યા છે. તેમના દ્વારા આપવામાં આવેલા સૂચનોના આધારે, DoCA ટૂંક સમયમાં આ માર્ગદર્શિકાને અંતિમ સ્વરૂપ આપશે. આ વર્ષે ફેબ્રુઆરીમાં DoCA દ્વારા સ્થપાયેલી સમિતિના કેટલાક પેટાજૂથો દ્વારા અનસોલિસીટેડ એન્ડ અનવોરન્ટેડ બિઝનેસ કોમ્યુનિકેશન, 2024ના નિવારણ અને નિયમન પરના ડ્રાફ્ટ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ માટે ઘણી બેઠકો યોજવામાં આવી હતી.

# વિદેશી આઈસ્ક્રીમ એ પ્રત્યેક ભારતીયના જીભનો ઠંડો અહેસાસ

ભારતીય મસાલા અને અથાણાં જેમ દેશવિદેશ માં પ્રખ્યાત છે એજ રીતે વિદેશી આઈસ્ક્રીમ એ પ્રત્યેક ભારતીય ના જીભનો ઠંડો અહેસાસ સમજો.નાનકડું બાળક ને માંડ માંડ ભાંગ્યું તૂટ્યું બોલતાં શીખ્યું હોય ને પૂછો કે બેટા,શું વધારે ભાવે? તો એ એની કાલી ઘેલી ભાષા માં બોલશે "આઈકલીમ" ભરપુર ડાયાબિટીસ ધરાવતા બુઝુર્ગ આઈસ્ક્રીમ માટે બીમારી ને કલાક ભૂલી જાય છે. લાલ,લીલા,પીળા રંગ બેરંગી કલર ના આઈસ્ક્રીમ સામે આવતા પૃથ્વી વાસીઓ અપ્સરા ને પણ ભૂલી જતા હોય છે.મોટાભાગ ના લોકોની પહેલી પસંદ આઈસ્ક્રીમ હોવાની. આ આઈસ્ક્રીમ એ ભારત ની પ્રોડક્ટ નથી એ વિદેશી રેસિપી છે.અંગ્રેજો ભારત માં પ્રવેશ્યા એ સાથે એવું ઘણું ઘણું લાવ્યા છે જે અત્યારે ભારત ની થાળી નું મુખ્ય મેનુ બની ગયું છે. વિચારો કે બટેટા ના હોત તો? તમારું શું થયું હોત? વેફર વગર ચાલે નહિ ને જમવામાં બટેટા નું શાક તો જોઈએ. અન્ય શાકભાજી ની સાથે બટેટા ના ભળે તો મજા ના આવે. રોટલી ભાખરી તો ભારતીય લોકો ની સામ્રાજ્ઞી બની ને પહેલી પસંદ સમજો..ગાંધીજી ભારત માંથી અંગ્રેજો ને હાંકી કાઢવા સક્ષમ રહિયા પણ એની લાવેલી બટેટા,ઘઉં અને આઈસ્ક્રીમ વગેરે ફૂડ આઈટમ એ અંગદ ની જેમ ભારત માં પગ જમાવી ને મોટું માર્કેટ ઉભુ કર્યું છે..

સામન્ય રીતે આઈસ્ક્રીમ એ દૂધ,મલાઈ અને ખાંડ ને બરફ માં જમાવી ને બનાવવા મા આવે છે.દૂધ એ પ્રોટીન થી ભરપુર હોવાના લીધે આઈસ્ક્રીમ ખાવો એ એટલું બધું પણ નુકશાન કારક નથી. શાકાહારી લોકોના નિયમિત ફૂડ માં "દૂધ" એક જ એવો ખાદ્ય પદાર્થ છે જેની ગણતરી નોન વેજ ફૂડ માં થાય છે એમાં વિટામિન b ૧૨ અને પ્રોટીન નો મોટો સોર્સ છે. દૂધ માંથી બનતા ચીઝ,પનીર,ઘી એ કુદરતી રીતે સ્વાથ્ય કારક છે.દૂધ નિયમિત પીવાની સલાહ ડોક્ટર આપતા હોય છે પરંતુ મોટાભાગ ના બાળકો ને દૂધ ભાવતું હોતું નથી.દૂધ ગાય કે ભેંસ નું એ બાળક નો પૂર્ણ વિકાસ માં ઉપયોગી થાય છે. શરીર ના હાડકા ની મજબૂતી વધારે છે અને ચયાપચય ની ક્રિયા માં મદદ રૂપ થાય છે. શરીર માં એસીડ કે અપચ રહેતી હોય એ લોકોએ નિયમિત દૂધ પીવું જરૂરી છે. આઈસ્ક્રીમ એ મુખ્ય પદાર્થ દૂધ થી બનતો હોવાથી એ ફાયદાકારી હોય છે.

દૂધ, મલાઈ અને ખાંડ ના મિક્ષચર ને બરફ મા જમાવી ને ખાવાથી નુકશાન કારક નથી પરંતુ આઈસ્ક્રીમ ને લીસો,સોફ્ટ અને બરફ વગર નો બનાવવા માટે વપરાતા પ્રિઝર્વેટીવ અને એનિમલ ફેટ નુકશાન કારક હોય છે.



આઈસ્ક્રીમ

- રુપાલી દવે

આજકાલ બઝાર માં બે પ્રકારે આઈસ્ક્રીમ વેચાય છે. કેટલાય લોકો ને માટલા ગુલ્ફી અને થીજેલી મીઠાઈઓ ભાવતી હોય છે. બન્ને માંથી શું સારું એમ પૂછશો તો જવાબ મળશે માટલા ગલ્ફી એ જોખમ વધાર નાર છે. આઈસ્ક્રીમ, જીલોટિસ અને ફ્રોઝન ડેઝર્ટ એ ગરમી થી બચવાનો પર્યાય છે.ફ્રોઝન ડેઝર્ટ બનાવવા માં વપરાતા નુકશાન કારક સમજવું. જ્યારે ઉનાળા માં અસહ્ય ગરમી માં આઈસ્ક્રીમ ખાવા નું મન થાય તો ત્રણ વસ્તુઓ પર ખાસ વાચવાની. સૈપ્રથમ આઈસ્ક્રીમ ના પેક પ્રની લેબલ ચકાસી.પ્રોડક્શન ની પહેલી ત્રણ સામગ્રીઓ છેલ્લે ઉલેખીયત સામગ્રીઓ ઓછા માં ઓછી પ્રમાણ હાજર છે. પામ ઓઇલનની વપરાશ કેટલા અંશે સ્વાસ્થ્ય માટે નુકશાન કારક છે પામ ઓઈલ ટ્રાન્સ ફેટ કરતા ૧ ટકા સારું છે.તેમાં ઘણી બધી સંતૃપ્ત ચરબી હોવાના કારણે સ્વસ્થ્ય બગડે છે. જે ધીમે ધીમે શરીર ની અંદર રહેલું એસ ડી એલ કેલોસ્ત્રોળ લેવલ વધારે છે.જે ધમની સંપૂર્ણ પણે બંધ કરવા પર્યાપ્ત છે. ફ્રોઝન ડેઝર્ટ માં ૧૦.૨ વેજીટેબલ પામ ઓઇલ અને વેજીટેબલ પ્રોટીન હોય છે. ફ્રોઝન ડેઝર્ટ માં પ્યોર મિલ્ક નથી હોતું આખા પાવડર ના દૂધ માં ઓકસીડાઈઝ કેલો સ્ત્રોલ હોય છે જે રક્તવાહિનીઓ ને બ્લોક કરી શકે છે. ફ્રોઝન ડેઝર્ટ આઈસ્ક્રીમ માં કુત્રિમ વેનીલા પાવડર, સિંથેટીક ફૂડ કલર નો મોટા પ્રમાણ માં ઉપયોગ થતો હોય છે. મીઠાઈઓ માં અને આઈસ્ક્રીમ માં વપરાતા સિંથેટીક ફૂડ કલર એ શરીર ની અંદર પ્રવેશતા જ લિવર ની આસપાસ ચોંટી જતા હોય છે.જેના કારણે અમુક વર્ષો,દિવસો કે મહિનાઓ બાદ લિવર ની સમસ્યા શરૂ થઈ જાય છે.મોટાભાગ ના લિવર ફેલ થયેલ દર્દીઓ ના કેસ ચકાસસો તો એ લોકો આઈસ્ક્રીમ લવર વધારે હશે. વર્તમાન સમય માં વધતા જતાં બી.પી, હાઈ કેલેસ્ટ્રોલ ,લિવર સોરાયસીસ,કિડની ડેમેજ વગેરે રોગ પાછળ જવાબદાર એ બઝાર માં વેચતા રંગ બેરંગી આઈસ્ક્રીમ, જામ,કોલ્ડ ડ્રીંક, પેસ્ટ્રી,ઠંડા પીણા,વિવિધ સોસ વગેરે ના લીધે વધારે અસર થાય છે.

કુત્રિમ કલર થી પ્રોડક્ટ ને વધારે આકર્ષક બનાવી ને સસ્તા ભાવે વેચવાની હોડ મચી ગઈ છે. તો શું આ બધી પ્રોડક્ટ ને અવગણવી જોઈએ? કોઈપણ પ્રોડક્ટ ખરીદો એ પહેલા એની અંદર વપરાતા પદાર્થો નું અધ્યયન અચૂક કરો.એનું કારણ છે કે મોંઘા સસ્તા ના ચક્કર માં ભયાનક ને જટિલ બીમારીઓ ના શિકાર બની શકો છો.વર્તમાન સમયમાં બઝાર માં મોટી મોટી બ્રાન્ડ એ આઈસ્ક્રીમ ના બદલે ફ્રોઝન ડેઝર્ટ વધારે વેચે છે એનું કારણ એ છે કે લોકો મોંઘા આઈસ્ક્રીમ ના બદલે સસ્તા વ્યાજબી ભાવના આઈસ્ક્રીમ ખાવાનું વધારે પસંદ કરે છે. મોટાભાગ નો છૂટક વેચતો વેનીલા આઈસ્ક્રીમ માં સીરપ ભેળવી ને વેચતો આઈસ્ક્રીમ એ શુધ્ધ નથી હોતો ફ્રોઝન ડેઝર્ટ હોય છે.આ આઈસ્ક્રીમ કુત્રિમ દૂધ પાવડર, કુત્રિમ વેનીલા ફ્લેવર્સ થી બનેલો હોય છે ને એના પર રેડતા સીરપ એ કુત્રિમ કલર થી બનતા હોય છે.

મિત્રો,જ્યારે પણ આઈસ્ક્રીમ ખાવા આઈસ્ક્રીમ પાર્લર માં જાવ ત્યારે એમાં વપરાતા પદાર્થો વિશે દુકાનદાર સાથે અવશ્ય ચર્ચા કરજો. ઘરે આઈસ્ક્રીમ પેક લાવતા પહેલા પેક પર આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ બન્ને માંથી શું લખ્યું છે એ ચકાસો. અચાનક લિવર ની સમસ્યા શરૂ થાય છે ત્યારે વિચારીએ છીએ કે લાઈફ માં ડ્રીંક ક્યારેય કર્યું નથી તો અચાનક લિવર સોરાયસીસ કે કિડની ડેમેજ કેમ થઈ ગઈ? તો એની પાછળ તમારો વધારે આઈસ્ક્રીમ પ્રત્યે નો મોહ જવાબદાર સમજો. એનો મતલબ એ નથી કે આઈસ્ક્રીમ ના ખવાય અવશ્ય ખવાય પરંતુ એ ભેળસેળ વગર નો શુધ્ધ આઈસ્ક્રીમ હોવો જોઈએ. જૂના જમાના માં આઈસ્ક્રીમ કોઠી કે સંચા માં બનેલો દૂધ,સાકર અને દૂધની મલાઈ ભેળવી બનતો આઈસ્ક્રીમ શુધ્ધ હોય છે. બ્રાન્ડ માં ફસાયા વગર ખુદની પરવા કરીને સંચા નો તાજો આઈસ્ક્રીમ ખાવા ની આદત પાડો.તમારી તંદુરસ્તી ની ચાવી તમારા પાસે છે તો જીભ પર કાબૂ ને આંખ ખુલી રાખવાની સમજો ને અન્ય ને પણ સમજવી..

# ફલોપ અક્ષય સાથે ફિલ્મ માટે પણ આલિયા-કિયારા હોડમાં



## સાઉથની કીર્તિ સુરેશનું પણ નામ ચર્ચામાં, પ્રિયદર્શનની હોરર કોમેડી ફિલ્મમાં કામ કરવા માટે હિરોઈનો વચ્ચે પડાપડી

(એજન્સી) મુંબઇ | છેલ્લાં બે વર્ષમાં બોલીવૂડનો સૌથી મોટો ફલોપ કલાકાર પુરવાર થયેલો અક્ષય કુમાર હવે નવેસરથી કારકિર્દી સેટ કરવા ફાંફા મારી રહ્યો છે. આ માટે તેણે તેને અનેક કોમેડી ફિલ્મો આપનારા પ્રિય દર્શન સાથે હાથ મિલાવ્યા છે. પ્રિયદર્શન અક્ષય કુમારને લઈ એક હોરર કોમેડી બનાવી રહ્યો છે. તેમાં હિરોઈન બનવા માટે આલિયા ભટ્ટ, કિયારા અડવાણી ઉપરાંત સાઉથની કીર્તિ સુરેશ પણ હોડમાં હોવાનું કહેવાય છે. આ હોડમાં હાલ આલિયા સૌથી મોખરે હોવાનું મનાય છે. અક્ષય અને પ્રિયદર્શન બંનેને લાગે છે કે કોમેડી માટે આલિય ભટ્ટ સૌથી યોગ્ય કલાકાર રહેશે. જોકે, કરારની શરતો અનુકૂળ હશે તો આલિયાને કાસ્ટ કરવામાં આવશે.

આ ઉપરાંત કિયારા અડવાણી અગાઉ અક્ષય સાથે ‘લક્ષ્મી’ ફિલ્મમાં કામ કરી ચૂકી હોવાથી તથા પ્રિયદર્શન સાઉથની ‘કીર્તિ સુરેશ’ના સારા પરિચયમાં હોવાથી તેમના નામોની વિચારણા પણ થઈ રહી છે.

અક્ષય છેલ્લાં બે-ત્રણ વર્ષથી કોમેડી ફિલ્મો છોડીને એક્શન ફિલ્મો તરફ વળી ગયો હતો. પરંતુ, ત્યાં તેની દાળ બહુ ગળી નથી. આથી તે હાલમાં જુદા જુદા પ્રકારના રોલ ધરાવતી ફિલ્મ શોધી રહ્યો છે. તેની વધુ એક કોમેડી ફિલ્મ ‘જોલી એલએલબી થ્રી’નું શૂટિંગ પણ શરુ થઈ ચૂક્યું છે.

# અર્જુન કપૂરે 12 વર્ષ પછી ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની બદલી



(એજન્સી) મુંબઇ |અર્જુન કપૂરે ૧૨ વર્ષ પછી તેની ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની બદલી છે. તેમે યશરાજ ફિલ્મ્સ ગ્રૂપની ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની છોડી અન્ય એક ખાનગી કંપની સાથે કરાર કર્યા છે. એવો દાવો થઈ રહ્યો છે કે અર્જુન અને યશરાજ ટેલેન્ટ બંનેએ આપસી સમજૂતીથી આ નિર્ણય કર્યો છે. અર્જૂનને આટલાં વર્ષોમાં તેની કેરિયર નિર્ધારિત રીતે આગળ વધી હોય તેમ લાગતું ન હોવાથી તેણે આ નિર્ણય લીધો હોવાનું મનાય છે. અક્ષય જે નવી ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીમાં જોડાયો છે તે જ કંપની શાહિદ કપૂર, રામ ચરણ, અક્ષય કુમાર, અભિષેક બચ્ચન, પ્રિયંકા ચોપરા,આલિયા ભટ્ટ, ફરહાન અખ્તર,. વરુણ ધવન, કેટરિના કૈફ, માધુરી દિક્ષિત, વિક્કી કોશલ નું કામ પણ સંભાળે છે. બોલીવૂડમાં દરેક ફિલ્મ તથા દરેક પ્રોડક્શન હાઉસ પોતાની અલાયદી પીઆર કંપની હાયર કરે છે. તે સિવાય દરેક નાના મોટા કલાકારો કોઈને કોઈ પીઆર કે ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની સાથે જોડાયેલા હોય છે. આ કંપનીઓ તેમનું રુટિન પીઆર વર્ક ઉપરાંત ફિલ્મો અને અન્ય એન્ડોર્સમેન્ટના કરાર, ઈવેન્ટસમાં હાજરી વગેરે બાબતો સંભાળતી હોય છે.

# ભણસાલીએ મને વારંવાર કિસ કરી, ઈમોશનલ થયા હીરામંડીના ઉસ્તાદજી



(એજન્સી) મુંબઇ | સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ ‘હીરામંડી’ હાલ ઓટીટી પ્લેટફોર્મ પર ધૂમ મચાવી રહી છે. મનીષા કોઈરાલા, સોનાક્ષી સિંહા અને અદિતિ રાવ હૈદરી અભિનીત આ સિરીઝમાં ‘ઉસ્તાદજી’ નામનું પાત્ર ભજવનાર એક્ટર ઈન્દ્રેશ મલિકની પણ ઘણી પ્રશંસા થઈ રહી છે. ઈન્દ્રેશ મલિકની એક્ટિંગની ઓડીયન્સ તો દીવાની છે જ પણ નિર્દેશક ભણસાલી પણ તેમના કામની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. આ બાબતે મલિકે જણાવ્યું કે પ્રીમિયર શોમાં ભણસાલીએ તેને એક ગળે લગાડીને એક કે બે નહીં પરંતુ એક પછી એક એમ ઘણી કિસ કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ પણ કર્યો છે. ઈન્દ્રેશ મલિકે કહ્યું, “પ્રીમિયર વખતે મને ખૂબ પરસેવો હતો અને પછી મારી આંખોમાં આંસુ આવી ગયા કારણ કે મને લાગતું ન હતું કે ભણસાલી મને ગળે લગાવશે. મેં તેમને હેલો કહ્યું અને હું તેમને પગે લાગવા જઈ રહ્યો હતો. પરંતુ તેમણે મને ગળે લગાવી લીધો અને ઘણી વખત કિસ કરી. મને ખૂબ જ પરસેવો હતો આથી લાગ્યું કે પરસેવો તેમના મોઢામાં ગયો હશે, મે એમનું મોઢું નમકીન કરી દીધું.”ઈન્દ્રેશ મલિકે એક ઈન્ટરવ્યૂમાં પ્રખ્યાત નથ સીન વિશે પણ વાત કરી અને જણાવ્યું કે તેઓ ફિલ્મ નિર્માતાના વિઝનને કેવી રીતે સમજી શક્યા હતા. તેણે કહ્યું, “નથડીવાળો સીન ખૂબ ડીપ હતો. તેણે મને ખૂબ જ વિગતવાર સમજાવ્યું કારણ કે તેની પાસે એક દૃષ્ટિકોણ હતો જે હું સમજી શકતો ન હતો.” ઈન્દ્રેશ મલિકે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સિરીઝના શૂટિંગ અને પોસ્ટરો સહિત ઘણી મહત્વપૂર્ણ પોસ્ટ શેર કરી છે.

# સાઉથના આ એક્ટરની ફિલ્મે રિલીઝ પહેલા 240 કરોડની કમાણી કરી લીધી; શું છે સ્ટોરી

(એજન્સી) મુંબઇ | ભારતના બોલીવૂડને કુબેરનો ભંડાર કહેવામાં આવે છે પરંતુ છેલ્લા એક દાયકામાં સાઉથની મૂવીએ સ્ટોરી, ફેમ, કલેક્શન મામલે બોલીવૂડને ભારે ધોબી પછાડ આપી છે. હવે સાઉથની મૂવીની આતુરતાથી રાહ જોવાતી હોય છે અને ત્યાંના ડાયરેક્ટર હવે હિન્દી વર્ઝન પણ શરૂઆતી ધોરણે જ રીલિઝ કરે છે. અહેવાલ અનુસાર સાઉથની એક મૂવીએ રીલિઝ પહેલાં જ 240 કરોડની કમાણી કરી લીધી છે અને આ મૂવી છે સાઉથ સુપર સ્ટાર થલાપતિની.

થલાપતિ વિજયે તાજેતરમાં જ રાજકારણમાં પ્રવેશ કર્યો છે અને પોતાના રાજકીય પક્ષની પણ જાહેરાત કરી છે. વિજય આગામી એકાદ વર્ષમાં પોતાની જાતને સંપૂર્ણપણે રાજકારણમાં સમર્પિત કરશે અને અભિનયમાંથી નિવૃત્તિ લેશે. આ મક્કમ માર્ગ પહેલા તે માત્ર બે જ ફિલ્મો કરવાના છે. થલાપતિ 69 (Thalapathy 69) તેમની છેલ્લી ફિલ્મ હશે. ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ એટલેકે GOAT તેમની છેલ્લેથી બીજી ફિલ્મ હોઈ શકે છે.



સપ્ટેમ્બરમાં આ મૂવી રિલીઝ કરવાનું આયોજન થઈ રહ્યું છે. જોકે હજુ આ અંતિમ ડેડલાઈન નથી. તેને આગળ ખસેડી પણ શકાય છે. વિજયે વેંકટ પ્રભુની આ ફિલ્મનું શૂટિંગ ચેન્નાઈ, થાઈલેન્ડ, હૈદરાબાદ અને શ્રીલંકામાં કર્યું છે. આ ફિલ્મને લઈને જોરદાર હાઈપ બનાવવામાં આવ્યો છે. અહેવાલ અનુસાર ઝી નેટવર્ક્સે આ મૂવીની તમામ ભાષાઓના સેટેલાઈટ રાઈટ્સ 90 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. એક તરફ જ્યાં અનેક કલાકારોની ફિલ્મો 100 કરોડ રૂપિયા કમાવવા માટે ધમપછાડા કરતી હોય છે ત્યારે વિજયની ફિલ્મે માત્ર ટીવી રાઈટ્સમાંથી 90 કરોડ રૂપિયાની કમાણી કરી તે ખરેખર મોટી વાત છે.

**આ ફિલ્મને OTTએ 150 કરોડમાં ખરીદી :** આ સિવાય એવા પણ સમાચાર છે કે તેના OTT રાઈટ્સ ટીવી રાઈટ્સ કરતા વધારે કિંમતે વેચાયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, Netflixએ GOATના OTT રાઈટ્સ 125 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે પરંતુ આ માત્ર તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષાઓના રાઈટ્સ છે. નેટફ્લિક્સે હિન્દી માટે વિજયની ફિલ્મને અલગથી 25 કરોડ રૂપિયા આપ્યા છે. જો આ તમામને જોડવામાં આવે તો GOAT એ રિલીઝ પહેલા જ 240 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે.રિપોર્ટ્સ અનુસાર વિજય તેમાં ડબલ રોલ નિભાવવાનો છે. થોડા સમય પહેલા તેનું પણ પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું જેમાં ખબર પડી હતી કે આ એક ડબલ રોલ ફિલ્મ હશે. આ પોસ્ટરમાં તે એક લુકમાં જુવાન અને બીજા લુકમાં વૃદ્ધ દેખાઈ રહ્યો છે.

# મધર્સ ડે : પ્રિયંકાનો છબરડો અન્ય બાળકીની તસવીર પોસ્ટ કરી



(એજન્સી) મુંબઇ | પ્રિયંકા ચોપરાએ મધર્સ ડેના દિવસે તેની દીકરી માલતીને બદલે અન્ય બાળકીની તસવીર પોસ્ટ કરી આ બાળકીએ મને માતા બનાવી તે મતલબની પોસ્ટ કરી દેતાં ચાહકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે, થોડી મિનીટોમાં જ પ્રિયંકાએ આ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. ચાહકોએ આ બાળકી કોણ હોઈ શકે તે અંગે અનેક અટકળો વ્યક્ત કરી હતી. કેટલાકેના મતે આ બાળકી કદાચ જો જોનાસ અને સોફી ટર્નરની દીકરી હોઈ શકે છે. પ્રિયંકાએ ભૂલથી માલતીને બદલે ભત્રીજીની તસવીર પોસ્ટ કરી દીધી છે. જોકે, કેટલાક યૂઝર્સના મતે પ્રિયંકા જેવી સ્ટાર પોતે સોશિયલ મીડિયા પોસ્ટ કરતી હોય તેવું ન બને આથી આ ભૂલ પ્રિયંકા નહીં પરંતુ તેની સોશિયલ મીડિયા ટીમ દ્વારા થઈ હોવાનું અનુમાન વ્યક્ત કર્યુ હતું. પ્રિયંકાએ ખુદ આ અંગે કોઈ સ્પષ્ટતા જાહેર કરી ન હતી. તેણે થોડી મિનીટો માટે જ આ તસવીર એકથી વધુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરી હતી. પરંતુ, તેને છબરડાનો ખ્યાલ આવી જતાં થોડી મિનીટોમાં ડિલીટ કરી દીધી હતી. પરંતુ, તે પહેલાં તો કેટલાય ચાહકોએ તેનો સ્ક્રીન શોટ લઈ લીધો હતો જે બાદમાં ઈન્ટરનેટ પર વાયરલ થયો હતો.

# ‘તારક મહેતાની સોનુ’ દરિયા કિનારે રોમેન્ટિક બની, ઘૂંટણિયે બેસી લગ્ન માટે કર્યું પ્રપોઝ,





(એજન્સી) મુંબઇ | ટીવીની ફેમસ સીરિયલ કે, જે દરેક ઘરમાં ફેમસ છે. તેનું નામ છે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં સૌથી પહેલા સોનું એટલે કે, ઝીલ મહેતા ટુંક સમયમાં લગ્ન કરવા જઈ રહી છે. તેમણે પોતાના મંગેતરને ઘૂંટણિયે બેસી પ્રપોઝ કર્યું છે.તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુંના પાત્ર માટે પ્રસિદ્ધ ઝીલ મહેતા પોતાની લાઈફમાં એક નવું ચેપ્ટર શરુ કરી રહી છે. ઝીલ મહેતાની સોશિયલ મીડિયા પોસ્ટથી એવી જાણ થઈ રહી છે કે, આ સ્ટાર ટુંક સમયમાં જ લગ્ન કરશે. ઝીલે આદિત્યને દરિયા કિનારે ઘૂંટણિયે બેસી પ્રપોઝ કર્યું છે. તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા ફોટો ચાહકોને ખુબ પસંદ આવી રહ્યા છે. બંન્નેને શુભકામના પણ પાઠવી રહ્યા છે.તમને જણાવી દઈએ કે, સોનુ ઉર્ફ ઝીલ મહેતાએ પોતાના બોયફ્રેન્ડ આદિત્ય દુબે સાથે સગાઈ કરી લીધી છે. સગાઈના ફોટો પણ ઝીલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા છે. હાલમાં એવું લાગી રહ્યું છે કે, બંન્ને પ્રી વેડિંગ શૂટ કરી રહ્યા છે. બંન્ને સફેદ કપડામાં ખુબ જ રોમાન્ટિક જોવા મળી રહ્યા છે. આ ફોટોમાં ઝીલ દરિયા કિનારે ઘૂંટણિયે બેસી આદિત્યને પ્રપોઝ કરી રહ્યો છે. ચાહકોને આ ફોટો પસંદ પણ આવી રહ્યા છે,તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુના પાત્રમાં ઝિલ મહેતાને ખૂબ જ પસંદ કરવામાં આવી હતી.તમને જણાવી દઈએ કે, આદિત્ય અને ઝીલ એકબીજાને બાળપણથી ઓળખે છે. જ્યારે ધોરણ 10માં હતા તે દરમિયાન બંન્ને વચ્ચે મિત્રતા વધી હતી અને ત્યારબાદ વાત આગળ વધી.હવે બંન્ને સગાઈ કરી લીધી છે.

# વટ, વચન અને વેર દર્શાવતી આવનારી ગુજરાતી ફિલ્મ "સમંદર" 17મી મેના રોજ થશે રિલીઝ

(એજન્સી) અમદાવાદ । તા. 14




ગુજરાતી ફિલ્મોની વ્યાખ્યા બદલવા માટે આવી ગઈ છે ફિલ્મ ‘સમંદર‘. ગુજરાતી ફિલ્મના ઇતિહાસમાં પ્રથમવાર હટકે એવા ‘અંડરવર્લ્ડ‘ વિષય પર બનેલ આ ફિલ્મનું દિર્ગદર્શન વિશાલ વડાવાળાએ કર્યું છે. કેપી એન્ડ યુડી મોશન પિક્ચર પ્રોડક્શન હાઉસના બેનર હેઠળ બનેલ આ અદભૂત અને રોમાંચિત કરી દે તેવી ફિલ્મનું નિર્માણ પ્રોડ્યુસર કલ્પેશ પલાણ અને ઉદય શેખવા દ્વારા કરવામાં આવ્યું છે. ટીઝર અને ટ્રેલર રિલીઝ કર્યા બાદ દર્શકોની અપેક્ષાઓ વધી આ ફિલ્મ 17મી મે, 2024ના રોજ રિલીઝ થઇ રહી છે. 2 મિત્રોની આસપાસ ગૂંથાયેલી કહાની દર્શાવે છે ફિલ્મ સમંદર. આ 2 મિત્રો એટલે અત્યંત પ્રભાવશાળી અભિનેતાઓ મયુર ચૌહાણ માઈકલ અને જગજીતસિંહ વાઢેર. ‘સમંદર‘ ફિલ્મ એ ડિરેક્ટર વિશાલ વડાવાળાનો ડ્રીમ પ્રોજેક્ટ છે.

આ ફિલ્મનો વિષય કાંઈક અલગ છે કે જેની ગુજરાતી ફિલ્મ ઓડિયન્સમાં ખૂબ જ ડિમાન્ડ હતી. ગુજરાતના ગૅન્ગસ્ટરની વાત છે, માફિયાગીરીમાં બે ભાઈબંધ કેવી રીતે દાખલ થાય છે અને કેવી રીતે બન્ને ભાઈ બને છે એની વાત ફિલ્મમાં કરવામાં આવી છે. ફિલ્મને સંગીત પીરસ્યું છે જાણીતા સંગીતકાર કેદાર ભાર્ગવે અને ફિલ્મની સુંદર વાર્તા સ્વપ્નીલ મહેતા દ્વારા લખવામાં આવી છે. ચૌહાણ અને જગજીતસિંહ વાઢેર ઉપરાંત ચેતન ધનાણી, મમતા સોની, ધર્મેન્દ્ર ગોહિલ, કલ્પના ગગડેકર અને મયુર સોનેજી જેવાં પ્રતિભાશાળી કલાકારો પણ મુખ્ય ભૂમિકાઓમાં નજરે પડશે. ફિલ્મના પ્રોડ્યુસર્સ કલ્પેશ પલાણ અને ઉદય શેખવાએ સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, ‘આ ફિલ્મમાં દરિયાની સાથે દોસ્તીની વાર્તા છે.

# દાદા પીએમ રહી ચૂક્યા છે, પિતા મંત્રી, રાજકીય પરિવારમાંથી આવે છે મનીષા કોઈરાલા



(એજન્સી) મુંબઇ | મનીષા કોઈરાલાએ સુભાષ ઘાઈની ફિલ્મ સૌદાગરથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. મનીષા પહેલી જ ફિલ્મથી દરેક ઘરમાં પોપ્યુલર થઈ ગઈ હતી. તેની આ અદા આજે પણ ચાહકોને પસંદ છે. તો આજે આપણે હિરામંડીમાં જોવા મળનારી મનીષા કોઈરાલાના પરિવાર વિશે વાત કરીશું.આપણે એક એવી બોલિવુડ સ્ટાર વિશે વાત કરીશું, જેમણે ભયંકર રોગને પણ માત આપી છે અને સ્વસ્થ થયા બાદ તેના પર પુસ્તક પણ લખી ચુકી છે. આજે પણ તેની એક્ટિંગને અન્ય કોઈ સ્ટાર પહોંચી શકે નહિ, તો આજે આપણે મનીષા કોઈરાલાના પરિવારના સભ્યો વિશે જાણીશું


મનીષા કોઈરાલાનો જન્મ 16 ઓગસ્ટ 1970 રોજ થયો છે. જે એક નેપાળી અભિનેત્રી છે જે બોલિવુડની ફિલ્મોમાં કામ કરે છે,તેમણે ત્રણ ફિલ્મફેર પુરસ્કારો અને એક ફિલ્મફેર પુરસ્કાર સાઉથ સહિત અનેક એવોર્ડ મેળવ્યા છે. મનીષા કોઈરાલાના માતા-પિતાનું નામ પ્રકાશ કોઈરાલા અને સુષ્મા કોઈરાલા છે. આ દંપતીને બે બાળકો છે. સિદ્ધાર્થ કોઈરાલા અને મનીષા કોઈરાલાએ સમ્રાટ દહલ સાથે લગ્ન કર્યા હતા પરંતુ આ લગ્ન થોડા જ મહિના ચાલ્યા હતા.તે પ્રકાશ કોઈરાલાની પુત્રી અને નેપાળના ભૂતપૂર્વ વડા પ્રધાન બિશ્વેશ્વર પ્રસાદ કોઈરાલાની પૌત્રી છે. મનીષા વિશે કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે કે અભિનેત્રી પણ કેન્સરનો શિકાર બની છે. કેન્સર જેવી ખતરનાક બિમારી સામે લડતી વખતે તેમણે ક્યારેય હાર ન માની અને આ રોગને પણ હરાવ્યો. મનીષા કોઈરાલા કેન્સરને હરાવીને ફરી એકવાર ફિલ્મોમાં સક્રિય થઈ છે. નેપાળના પરિવારમાંથી આવતી મનીષા કોઈરાલાએ પોતાના જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે.મનીષા કોઈરાલા નેપાળના રાજવી પરિવાર સાથે સંબંધ ધરાવે છે પરંતુ તેમનું બાળપણ ખૂબ જ સામાન્ય વાતાવરણમાં વીત્યું હતું.મનીષાના દાદાએ તેના પિતાને નેપાળના રાજકીય આંદોલનમાં ઉતાર્યા હતા અને મનીષાને બનારસમાં દાદી પાસે મોકલી હતી. તેની દાદી ભરતનાટ્યમની મણિપુરી ડાન્સર હતી. જ્યારે તેની માતા કથક ડાન્સર છે,

શાસ્ત્રીય ગીત-સંગીત સાથે શાનદાર માહૌલ જોવા મળ્યો હતો અને 3 વર્ષની ઉંમરથી જ તેમણે અલગ અલગ નૃત્યો શીખવાના શરુ કર્યા હતા. મનીષાએ જણાવ્યું કે, શાસ્ત્રીય સંગીત,નૃત્ય, પુસ્તક, સાહિત્ય, દર્શનશાસ્ત્ર આ તમામ તેના ઉછેરનો એક ભાગ હતો.

મનીષા છે નેપાળની પરંતુ તેનું બાળપણ ઉત્તરપ્રદેશમાં વીત્યું છે. તેના પિતા પ્રકાશ કોઈરાલા નેપાળ સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે અને પૂર્વ પર્યાવરણ મંત્રી પણ રહી ચુક્યા છે. જ્યારે દાદા બીપી ઉર્ફે બિશ્વેશર પ્રસાદ કોઈરાલા 1950 અને 60ના દાયકામાં નેપાળના વડાપ્રધાન રહી ચૂક્યા છે. બીપી કોઈરાલાના પરિવારનો બનારસ સાથે ખાસ સંબંધ હતો.

મનીષા કોઈરાલા 90ના દાયકાની હિટ અભિનેત્રી હતી. તેમણે 2010માં નેપાળના ઉદ્યોગપતિ સમ્રાટ દહલ સાથે લગ્ન કર્યા હતા. બંન્નેના આ લવ મેરેજ હતા. આ લગ્નમાં બોલિવુડથી લઈ અનેક સ્ટાર પહોંચ્યા હતા. પરંતુ લગ્નના 2 વર્ષ બાદ 2012માં બંન્ને છુટાછેડા લઈ લીધા હતા.

તમને જણાવી દઈએ કે, મનીષાને 2012માં કેન્સર થયું હતુ. જેની સર્જરી ન્યુયોર્કમાં કરાવી હતી. અનેક સર્જરી અને કીમોથેરેપી બાદ આ તમામમાંથી બહાર આવી હતી. ત્યારબાદ તેમણે કેન્સર સાથે જોડાયેલા અનુભવ પર એક પુસ્તક લખ્યું છે. જેનું નામ છે હીલ્ડ,મનીષા કોઈરાલાએ ‘હીરામંડી’માં મલ્લિકાજનની ભૂમિકા ભજવી છે. લોકોએ તેની એક્ટિંગને ખૂબ પસંદ કરી છે. વેબ સિરીઝને પણ



દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મનીષાએ આ સિરીઝમાં મલ્લિકાજનની ભૂમિકા ભજવી હશે. પરંતુ તેના વાસ્તવિક જીવનમાં તે માતા બની શકી નથી. તેનું દુખ પણ અભિનેત્રી વ્યક્ત કરી ચુકી છે.

# અમદાવાદના વરસાદે GTના પ્લેઑફની આશા પર પાણી ફેરવી દીધું






## IPL-2024માં ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા વચ્ચેની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી છે. બંન્નેને 1 - 1 પોઇન્ડ આપવામાં આવ્યા

(એજન્સી) અમદાવાદ | તા 14

IPL-2024માં ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી છે. આ સાથે ગુજરાતની ટીમ ચાલુ સિઝનની પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. બીજી તરફ કોલકાતાનું ટોપ-2માં સ્થાન નિશ્ચિત થઈ ગયું છે. અમદાવાદમાં સોમવારે સાંજથી રાત સુધી વરસાદ પડ્યો હતો. આવી સ્થિતિમાં અમ્પાયરોએ બંને કેપ્ટન સાથે ચર્ચા કર્યા બાદ મેચ રદ કરવાનો નિર્ણય લીધો હતો. બંને ટીમને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો હતો. આ મેચમાંથી એક પોઈન્ટ સાથે KKR 19 પોઈન્ટ પર પહોંચી ગઈ છે, જ્યારે ગુજરાતના માત્ર 11 પોઈન્ટ છે અને ટીમ 16મી મેના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે જીત્યા બાદ પણ માત્ર 13 પોઈન્ટ સુધી પહોંચી શકી છે. જે ક્વોલિફિકેશન માટે પૂરતું નથી. બીજી તરફ કોલકાતાએ ટોપ-2માં રહેવાની પુષ્ટિ કરી છે. કારણ કે પોઈન્ટ ટેબલમાં કોઈપણ બે ટીમ હવે 19 કે તેથી વધુ પોઈન્ટ મેળવી શકશે નહીં. અત્યારે રાજસ્થાન પાસે 20 પોઈન્ટ સુધી પહોંચવાની તક છે. ગુજરાત-કોલકાતા મેચ વરસાદના કારણે રદ અમદાવાદમાં ઝરમર વરસાદ ચાલુ છે, પરંતુ કવર હટાવવામાં આવી રહ્યા છે અમદાવાદમાં વરસાદ ઓછો થયો છે, પરંતુ ઝરમર વરસાદ ચાલુ છે. બીજી તરફ ગ્રાઉન્ડ સ્ટાફે મેદાનમાંથી કવર હટાવવાનું શરૂ કરી દીધું છે. આવી સ્થિતિમાં 5-5 ઓવરની મેચની શક્યતા નકારી શકાય તેમ નથી, જોકે સત્તાવાર માહિતી હજુ આવી નથી. અમદાવાદમાં છેલ્લા 2 કલાકથી વરસાદ ચાલુ, ચાહકો પરત ફરવા લાગ્યા

અમદાવાદમાં છેલ્લા 2 કલાકથી વરસાદ પડી રહ્યો છે. આવી સ્થિતિમાં ચાહકો નિરાશ થઈને પરત ફરવા લાગ્યા છે. વરસાદ વચ્ચે ચાહકો સ્ટેડિયમમાં પહોંચી રહ્યા છે. ચાહકોને આશા છે કે મેચ બંધ થઈ જશે, પરંતુ અમદાવાદમાં વરસાદ ચાલુ છે. હવામાન વિભાગે આગામી 3 કલાક સુધી વરસાદ અને 40 કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. આવી સ્થિતિમાં મેચ રદ થઈ શકે છે. જો મેચ રદ થશે તો ગુજરાત પ્લેઓફની રેસમાંથી બહાર થઈ જશે. કોલકાતાનું ટોપ-2માં રહેવાનું નિશ્ચિત થશે. પ્લેઓફ માટે ક્વોલિફાય થનારી 17મી સિઝનમાં KKR એકમાત્ર ટીમ છે. ગુજરાત ઉપરાંત મુંબઈ અને પંજાબ પ્લેઓફની રેસમાંથી બહાર છે. ખરાબ હવામાનને કારણે ટૉસમાં વિલંબ, હવામાન વિભાગે પણ એલર્ટ જાહેર કર્યું અમદાવાદમાં ખરાબ હવામાનને કારણે મેચના ટૉસમાં વિલંબ થઈ રહ્યો છે. મેચ પહેલા ગુજરાત હવામાન વિભાગે સોમવારે અમદાવાદમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સોમવારે અને મંગળવારે અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. બપોર બાદ પણ અહીં વરસાદ પડ્યો છે. આમ છતાં મોટી સંખ્યામાં ચાહકો સ્ટેડિયમમાં પહોંચી ગયા છે. વરસાદ પડતો હોવા છતાં મોટી સંખ્યામાં લોકો મેચ જોવા પહોંચ્યા બન્ને ટીમ ચોથી વખત આમને-સામને રમશે IPLમાં ટાઇટન્સ અને નાઈટ રાઈડર્સ ચોથી વખત સામસામે ટકરાશે. બંને વચ્ચે અત્યાર સુધી 3 મેચ રમાઈ છે. ગુજરાતે 2 અને કોલકાતાએ 1 જીતી હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બંને ટીમ એક વખત આમને સામને થઈ હતી, તે મેચમાં KKR 3 વિકેટે જીતી હતી.

# PBKS ખેલાડી લિયામ લિવિંગસ્ટન ઇંગ્લેન્ડ પરત ફર્યો:સોશિયલ મીડિયા પર જાણ કરી

(એજન્સી) ચંદીગઢ | તા 14



પંજાબ કિંગ્સ અને ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટન PBKS કેમ્પમાંથી ઈંગ્લેન્ડ પરત ફર્યો છે. તેણે જૂનમાં યોજાનારા T20 વર્લ્ડ કપ પહેલા ઘૂંટણની ઈજાને ઠીક કરવા માટે આ નિર્ણય લીધો હતો. લિવિંગસ્ટોને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'IPLની બીજી સિઝન રમવાની તક મળી. આગામી વર્લ્ડ કપ માટે મારે મારા ઘૂંટણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. પંજાબ કિંગ્સના ચાહકોને તેમના પ્રેમ અને સમર્થન માટે ફરીથી આભાર. એક ટીમ અને નિરાશાજનક સિઝન. અમને અંગત રીતે, પરંતુ હંમેશની જેમ મેં આ સિઝનની દરેક ક્ષણનો આનંદ માણ્યો.' લિવિંગ્સ્ટનની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ... ઈજાના કારણે પ્રારંભિક મેચ ચૂકી ગયો લિવિંગ્સ્ટનને છેલ્લા બે વર્ષમાં ઘણી સ્નાયુબદ્ધ ઈજાઓ થઈ છે. તે જ સમયે, ગયા મહિને તે IPL સિઝનની પ્રથમ બે મેચ રમી શક્યો ન હતો. બાદમાં, તેને પંજાબે પ્લેઇંગ-11માં સામેલ કર્યો ન હતો, પરંતુ ગુરુવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની હાર બાદ તે ટીમમાં પરત ફર્યો હતો. આ સિઝનમાં લિવિંગ્સ્ટન પંજાબ માટે અસર કરવામાં નિષ્ફળ રહ્યો. તેણે 7 ઈનિંગ્સમાં 22.20ની એવરેજથી 111 રન બનાવ્યા અને કુલ 12 ઓવરમાં ત્રણ વિકેટ લીધી. પંજાબ પ્લેઑફની રેસમાંથી બહાર પંજાબ કિંગ્સ પ્લેઑફની રેસમાંથી બહાર છે. 12 મેચ બાદ ટીમના 4 જીત અને 8 હાર સાથે 8 પોઈન્ટ છે. પંજાબની બે લીગ મેચ બાકી છે, જેમાં ટીમ 15 મેના રોજ RR સામે અને 19 મેના રોજ SRH સામે ટકરાશે. લિવિંગસ્ટન પાકિસ્તાન સામે T20 સિરીઝ રમી શકે છે લિયામ લિવિંગ્સ્ટનની ઈજા ગંભીર નથી. તેથી, તે આ મહિને પાકિસ્તાન સામે 4 T20 મેચની શ્રેણીમાં ભાગ લઈ શકે છે. 22 મેથી ઈંગ્લેન્ડને પાકિસ્તાન સામે 4 T20 મેચની શ્રેણી રમવાની છે.

આ ઈંગ્લિશ ખેલાડીઓ IPL પ્લેઑફ ચૂકી જશે સાત ઈંગ્લિશ ખેલાડીઓ IPL પ્લેઑફ પહેલા પાકિસ્તાન સામેની શ્રેણી રમવા માટે સ્વદેશ પરત ફરશે. તેમાં જોસ બટલર (રાજસ્થાન રોયલ્સ), મોઈન અલી (ચેન્નઈ સુપર કિંગ્સ), જોની બેયરસ્ટો, સેમ કરન (બંને પંજાબ કિંગ્સ), વિલ જેક્સ, રીસ ટોપ્લી (બંને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ) અને ફિલ સોલ્ટ (કોલકાતા નાઈટ રાઈડર્સ)નો સમાવેશ થાય છે. આ તમામ ખેલાડીઓ IPLના પ્લેઑફમાં ચૂકી જશે.

# BCCI સેક્રેટરીએ ડોમેસ્ટિક ક્રિકેટ માટે ત્રણ ભલામણો કરી: રણજી ટ્રોફી મેચ વચ્ચે ચાર દિવસનું અંતર

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ડોમેસ્ટિક ક્રિકેટમાં સુધારો કરવા માટે બે તબક્કામાં રણજી ટ્રોફી યોજવાની સાથે ત્રણ ફેરફારો કરવા જઈ રહ્યું છે.

BCCI સેક્રેટરી જય શાહે 2024-2025ની ડોમેસ્ટિક સિઝન માટે એપેક્સ કાઉન્સિલને ત્રણ મુખ્ય ભલામણો મોકલી છે. જેમાં રણજી ટ્રોફીને બે તબક્કામાં વિભાજીત કરવી, અંડર-23 સીકે નાયડુ ટ્રોફીમાં ટોસને નાબૂદ કરવો અને રાષ્ટ્રીય પસંદગી સમિતિ દ્વારા દુલીપ ટ્રોફી માટે ઝોન ટીમની પસંદગીનો સમાવેશ થાય છે.



હવે ચાલો જાણીએ BCCI સેક્રેટરી દ્વારા કરવામાં આવેલી ત્રણ ભલામણો. 1. રણજી ટ્રોફી મેચ વચ્ચે ત્રણને બદલે ચાર દિવસનો ગેપ રણજી ટ્રોફીની મેચ વચ્ચે હવે ત્રણને બદલે ચાર દિવસનું અંતર રહેશે. હકીકતમાં, ગયા વર્ષે શાર્દૂલ ઠાકુરે કહ્યું હતું કે રણજી ટ્રોફીની મેચ વચ્ચેનું અંતર ઓછું છે, અગાઉ ગ્રુપ મેચ વચ્ચે 4 દિવસ અને નોક આઉટ મેચ વચ્ચે 5 દિવસનું અંતર હતું. જો બે-ત્રણ વર્ષ સુધી મેચનું આ પ્રકારનું શેડ્યુલ રહ્યું તો દેશના ઘણા યુવા ખેલાડીઓ ઈજાઓથી ઝઝૂમતા જોવા મળશે. BCCIએ શાર્દૂલની વાતને ગંભીરતાથી લીધી હતી. BCCIએ હવે રણજી ટ્રોફી બે તબક્કામાં યોજવાની યોજના તૈયાર કરી છે. રણજી ટ્રોફી હવે જાન્યુઆરીના બદલે સપ્ટેમ્બરના અંતમાં અથવા ઓક્ટોબરની શરૂઆતમાં યોજાશે. પ્રારંભિક તબક્કામાં 5 રાઉન્ડની મેચ બાદ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફીની મેચ રમાશે. તે પછી, રણજી રાઉન્ડના બીજા તબક્કામાં ત્રણ રાઉન્ડ અને નોકઆઉટ મેચ થશે. 2023-2024 સિઝનમાં રણજી મેચ જાન્યુઆરીમાં યોજાઈ હતી. આ દરમિયાન ખરાબ હવામાનને કારણે ઘણી મેચ ખોરવાઈ ગઈ હતી. તેથી, તે હવે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં કરવામાં આવશે. BCCI સેક્રેટરીએ સર્વોચ્ચ સમિતિને કરેલી બીજી ભલામણમાં અંડર-23 સીકે નાયડુ ટ્રોફીમાં ટોસને નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આમાં, મુલાકાતી ટીમને પહેલા બોલિંગ અથવા બેટિંગ પસંદ કરવાનો અધિકાર હશે. એટલું જ નહીં, નવું પોઈન્ટ ટેબલ પણ રજૂ કરવામાં આવશે. જો આ પ્રયોગ સફળ થશે તો સિનિયર લેવલે પણ આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. જય શાહે ડોમેસ્ટિક સિઝન માટે આપેલા પ્રસ્તાવોમાંથી એક એ છે કે દુલીપ ટ્રોફી ટીમની પસંદગી પ્રાદેશિક પસંદગીકારોને બદલે રાષ્ટ્રીય પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. આ ફાયદાકારક રહેશે કે પસંદગીમાં પારદર્શિતા રહેશે.

# UAE માટે પહેલીવાર આ ખેલાડીએ જીત્યો ICC એવોર્ડ, આફ્રિદી સાથે હતી ટક્કર

દુંબઈ તા 14



આઈસીસીએ એપ્રિલ મહિના માટે પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડના વિજેતાની જાહેરાત કરી છે. UAEના ઓપનર મુહમ્મદ વસીમે ACC પ્રીમિયર કપમાં શાનદાર બેટિંગ કરી હતી અને પોતાના પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા હતા. હવે તેને 2024માં એપ્રિલ મહિના માટે પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ મળ્યો છે. UAE માટે પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીતનાર તે પ્રથમ ખેલાડી બની ગયો છે. તેણે પાકિસ્તાનના શાહીન આફ્રિદી અને નામીબિયાના ગેરહાર્ડ ઈરાસ્મસને હરાવીને આ એવોર્ડ જીત્યો છે.મુહમ્મદ વસીમે એવોર્ડ જીત્યા બાદ જાણો શું કહ્યું મુહમ્મદ વસીમે કહ્યું કે આઈસીસી મેન્સ પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીતવો એ એક મહાન સન્માન છે. વિશ્વભરના પુરસ્કાર વિજેતાઓની આ પ્રતિષ્ઠિત યાદીમાં જોડાઈને હું રોમાંચિત છું. આ એવોર્ડ ખેલાડીઓ માટે એક મોટી પ્રેરણા છે, ખાસ કરીને UAE જેવી ઉભરતી ક્રિકેટ ટીમના ખેલાડીઓ માટે. ગયા મહિને ઓમાનમાં ACC પ્રીમિયર કપમાં અમારો ઉદ્દેશ્ય આવતા વર્ષના એશિયા કપ માટે ક્વોલિફાય કરવાનો હતો અને મને અમારી ટીમ અને ટૂર્નામેન્ટમાં તેમના પ્રદર્શન પર ગર્વ છે. વ્યક્તિગત સ્તરે હું ખુશ છું કે મેં સામેથી ટીમનું નેતૃત્વ કર્યું છે અને તે પણ ખાસ કરીને ફાઈનલમાં. મુહમ્મદ વસીમ છેલ્લા કેટલાક સમયથી શાનદાર ફોર્મમાં છે. એપ્રિલમાં એસીસી મેન્સ પ્રીમિયર કપમાં તેણે શાનદાર પ્રદર્શન કર્યું હતું. વસીમ કુવૈત સામે પહેલા જ બોલ પર શૂન્ય રને આઉટ થયો હતો. પરંતુ પછીની ત્રણ મેચમાં તેણે 65, 45 અને 48 રનની ઈનિંગ્સ રમી. તેણે ACC મેન્સ પ્રીમિયર કપની ફાઈનલમાં સદી ફટકારી હતી. વસીમને તેના શાનદાર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# ટીમ ઈન્ડિયાને મળશે નવા હેડકોચ, BCCIએ માંગી અરજીઓ

(એજન્સી) નવી દિલ્હી | તા 14



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટી20 વિશ્વકપ 2024 પહેલા ટીમ ઈન્ડિયાના નવા હેડકોચ પદ માટે અરજીઓ માંગી છે. ટીમ ઈન્ડિયાને જલ્દી નવા હેડકોચ મળી શકે છે. ટીમ ઈન્ડિયાના હાલના કોચ રાહુલ દ્રવિડની પાસે ફરી અરજી કરવાનો અવસર છે. તે તેમના કાર્યકાળને વધારી શકે છે. ટી20 વિશ્વકપ 2024માં રાહુલ દ્રવિડ ટીમ ઈન્ડિયાના હેડકોચ રહેવાના છે પણ સાથે આ ટૂર્નામેન્ટ બાદ ભારતીય ટીમના હેડકોચ બદલાઈ શકે છે. બીસીસીઆઈના અનુસાર ટીમ ઈન્ડિયાના હેડકોચના પદ માટે અરજી 27મે સાંજે 6 વાગ્યા સુધી જમા કરી શકાશે. હેડકોચ માટે કરાયેલી અરજી પર સમીક્ષા કરાશે. આ પછી શોર્ટલિસ્ટ કરાયેલા ઉમેદવારોનું મૂલ્યાંકન કરાશે. બીસીસીઆઈએ ટી20 વિશ્વકપ માટે પહેલાથી ટીમ ઈન્ડિયાના નવા હેડકોચની શોધ શરૂ કરી છે કેમકે જૂનમાં જ રાહુલ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થશે. તો અન્ય તરફ બીસીસીઆઈએ રાહુલ દ્રવિડ માટે પણ પસંદગી કાયમ રાખી છે. ટીમ ઈન્ડિયાના હાલના હેડકોચ રાહુલ દ્રવિડ જો ટીમ ઈન્ડિયાની સાથે તેમનો કાર્યકાળ વધારવા ઈચ્છે છે તો તે ફરીથી પદ માટે અરજી કરી શકે છે. બીસીસીઆઈ 3 વર્ષ માટે નવા કોચ શોધી રહી છે. આ સિવાય 3 અલગ અગ ફોર્મેટ માટે કોઈ અલગ કોચ રહેશે નહીં. વનડે વિશ્વકપ 2023 બાદ રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થયો હતો પરંતુ ટી20 વિશ્વકપને માટે તેને વધારવામાં આવ્યો હતો. ભલે દ્રવિડના કાર્યકાળમાં ટીમ ઈન્ડિયા કોઈ પણ આઈસીસી ટ્રોફી ન જીતી હોય પણ ટીમ ઈન્ડિયાના દ્વિપક્ષીય સીરીઝમાં રેકોર્ડ શાનદાર રહ્યો છે. ટીમ ઈન્ડિયાના હાલના કોચ રાહુલ દ્રવિડની પાસે ફરી અરજી કરવાનો અવસર છે. તે તેમના ટીમ ઈન્ડિયાના હેડકોચ રહેવાના છે પણ સાથે આ ટૂર્નામેન્ટ બાદ ભારતીય ટીમના હેડકોચ બદલાઈ શકે છે.

# વર્લ્ડ કપ બાદ રોહિત શર્મા ક્રિકેટના સૌથી નાના ફોર્મેટને અલવિદા કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા 14



બીસીસીઆઇ હાર્દિક પંડયાને ટી20નો સુકાની બનાવે તેવા સંકેત ભારતીય ટીમ રોહિતની કેપ્ટનશિપ હેઠળ ટી20 વર્લ્ડ કપમાં જે છેલ્લી મેચ રમશે રોહિત પાસે પણ પોતાને શોર્ટેસ્ટ ફોર્મેટમાં સાબિત કરવા માટેની છેલ્લી તક અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝની યજમાની હેઠળ જૂન મહિનામાં ટી20 વર્લ્ડ કપ રમાશે અને વિશ્વની 20 ટીમો ક્રિકેટની મેજર ઈવેન્ટ માટે તૈયાર થઇ ચૂકી છે. ભારતીય ટીમનું નેતૃત્વ રોહિત શર્મા કરશે અને સંભવિત તે ટી20 ઈન્ટરનેશનલ ફોર્મેટને અલવિદા કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે ભારતીય ટીમ રોહિતની કેપ્ટનશિપ હેઠળ ટી20 વર્લ્ડ કપમાં જે છેલ્લી મેચ રમશે તે રોહિતની અંતિમ ટી20 ઈન્ટરનેશનલ મેચ રમશે. આ બાબતનું મુખ્ય કારણ હાર્દિક પંડયા માનવામાં આવી રહ્યું છે. બીસીસીઆઇ રોહિત બાદ હાર્દિકને ટી20નો સુકાની બનાવવા માગે છે. ઓલરાઉન્ડર હોવાના કારણે હાર્દિકને ટી20 વર્લ્ડ કપમાં ટીમનો ઉપસુકાની બનાવવામાં આવ્યો છે. રોહિત પાસે પણ પોતાને શોર્ટેસ્ટ ફોર્મેટમાં સાબિત કરવા માટેની છેલ્લી તક રહેશે. રોહિત ભલે ભારતીય ટીમનો સુકાની હોય પરંતુ તે હાર્દિકની કેપ્ટનશિપ હેઠળ મુંબઇ ઇન્ડિયન્સ માટે રમી રહ્યો છે જે વર્તમાન લીગના પ્લે ઓફ રેસમાંથી બહાર થઇ ગઇ છે. વય ફેક્ટર પણ રોહિતની નિવૃત્તિનું બીજું મુખ્ય કારણ છે. રોહિત 37 વર્ષ પાર કરી ચૂક્યો છે અને હાર્દિક હજુ 30 વર્ષની નજીક છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને હાર્દિકને બીસીસીઆઇ ઓછામાં ઓછી ટી20 ટીમનો સુકાની બનાવવા માગે છે.

# ઝી એન્ટરટેઇનમેન્ટ ડીપી વર્લ્ડ ILT20 સિઝન 3નું ટીવી અને ZEE5ના ઓટીટી પ્લેટફોર્મ પર લાઇવ પ્રસારણ

(એજન્સી) મુંબઇ । તા. 14

ડીપી વર્લ્ડ ઈન્ટરનેશનલ લીગ T20ની સિઝન 3ની શરૂઆત 11 જાન્યુઆરી, 2025ના રોજ થવાની છે. જેમાં 34 મેચ ટુર્નામેન્ટ એક મહિના સુધી ચાલશે, 9 ફેબ્રુઆરી, 2025ના રોજ ફાઈનલ મેચ યોજાશે. ડીપી વર્લ્ડ ઈન્ટરનેશનલ લીગ T20 (ILT20)ની સિઝન 2 એ વિશ્વભરમાં 348 મિલિયન યુનિક પ્રેક્ષકો સાથે સૌથી વધુ જોવાતી બીજી T20 ક્રિકેટ લીગ બની હતી. ભારત તથા વિશ્વભરમાંથી ક્રિકેટના ચાહકો અને રસિયાઓએ ઝીના લિનિઅર ટીવી ચેનલ્સ, ઓટીટી પ્લેટફોર્મ ZEE5 અને તેની સિન્ડિકેટ પાર્ટનર્સ ટીવી તથા ડિજિટલ નેટવર્ક મારફત લાઈવ એક્શન માણ્યા હતા. સિઝન-2ની સફળતાને અનુસરતા સિઝન-3ની તાડામાર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. સિઝન-2નું સમાપન દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં MI અમીરાત દ્વારા આઈકોનિક ડીપી વર્લ્ડ ILT20 ટ્રોફી હાંસલ કરવાની સાથે થયુ હતું. સિઝન-3માં 34 મેચોની ટુર્નામેન્ટ યુએઈના અબુ ધાબી, દુબઈ, અને શારજહાં સ્થિત ત્રણ આઈકોનિક ક્રિકેટ સ્ટેડિયમ ખાતે 11 જાન્યુઆરી, 2025થી 9 ફેબ્રુઆરી, 2025 દરમિયાન યોજાશે.

# 19મીથી 6 ટીમ વચ્ચે ફ્રેન્ચાઇઝી બેઝ ક્રિકેટ પ્રીમિયર લીગ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

રણજી ટ્રોફી, સૈયદ મુસ્તાક અલી ટ્રોફીની ટીમ પસંદગી માટે આ ટૂર્ના. મહત્ત્વની બનશે ગુજરાતનો ભૂતપૂર્વ રણજી ટ્રોફી સુકાની કિરીટ દામાણી આયોજન સમિતિનો હિસ્સો બન્યો બીસીસીઆઇના ભૂતપૂર્વ સભ્ય હિતેશ પટેલની ટૂર્નામેન્ટ ડાયરેક્ટર તરીકે વરણી ગુજરાતના યુવા ક્રિકેટ ટેલેન્ટને પ્રમોટ કરવા માટે ચિરીપાલ ફઉન્ડેશનના ઉપક્રમે એસજીવીપી ખાતે પ્રથમ વખત છ ટીમો વચ્ચે ફ્રેન્ચાઈઝી બેઝ ક્રિકેટ પ્રીમિયર લીગ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. છ ટીમોમાં સાબરમતી સ્ટ્રાઈકર્સ, અમદાવાદ એરોઝ, કર્ણાવતી કિંગ્સ, હેરિટેજ



સિટી ટાઇટન્સ, નર્મદા નેવિગેટર્સ તથા ગાંધીનગર લાયન્સનો સમાવેશ થાય છે. ગુજરાતનો ભૂતપૂર્વ રણજી ટ્રોફી સુકાની કિરીટ દામાણી આયોજન સમિતિનો હિસ્સો બન્યો છે. જીસીએના ભૂતપૂર્વ જોઈન્ટ સેક્રેટરી તથા બીસીસીઆઇના ભૂતપૂર્વ સભ્ય હિતેશ પટેલ (પોચી)ની ટૂર્નામેન્ટ ડાયરેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે. જીસીએના ભૂતપૂર્વ પ્રમુખ તથા સંસદ સભ્ય નરહરિ અમીને જણાવ્યું હતું કે રોનક ચિરીપાલે યુવા માટે જે ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડયું છે તેનો મને આનંદ છે. વિજેતા ટીમને પાંચ લાખ, રનર્સ-અપને 2.5 લાખ, મેન ઓફ્ ધ સિરીઝને 51 હજાર તથા મેન્સ ઓફ્ મે મેચને દસ હજાર રૂપિયાનો પુરસ્કાર અપાશે. ટૂર્નામેન્ટ દરમિયાન હાઈએસ્ટ વિકેટ, રન તથા કેચ કરનાર ખેલાડીને 25 -25 હજાર રૂપિયાનું ઈનામ અપાશે. આ ટૂર્નામેન્ટમાં સારો દેખાવ કરનાર ખેલાડીઓ ઉપર રણજી ટ્રોફી, સૈયદ મુસ્તાક અલી ટ્રોફી સહિત વિવિધ નેશનલ ટૂર્નામેન્ટમાટે રાજ્યની ડીમની પસંદ માટે સિલેક્ટર્સની નજર પણ રહેશે. ચિરીપાલ સ્પોર્ટ્સ વેન્ચર્સ અને ફાઉન્ડેશનના ડાયરેક્ટર રોનક ચિરીપાલે જણાવ્યું હતું કે પ્રત્યેક ગુજરાતીમાં ચેમ્પિયનનું ગુજરાતનો ભૂતપૂર્વ રણજી ટ્રોફી સુકાની કિરીટ દામાણી આયોજન સમિતિનો હિસ્સો બન્યો છે. જીસીએના ભૂતપૂર્વ જોઈન્ટ સેક્રેટરી તથા બીસીસીઆઇના ભૂતપૂર્વ સભ્ય હિતેશ પટેલ (પોચી)ની ટૂર્નામેન્ટ ડાયરેક્ટર તરીકે વરણી કરવામાં આવી છે.

# કોણ છે આભા ખાટુઆ? ખેડૂતપુત્રીએ ગોળા ફેંકમાં બનાવ્યો નેશનલ રેકોર્ડ

(એજન્સી) ચેન્નાઇ | તા 14




આભા ખટુઆએ સોમવારે ફેડરેશન કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ચેન્નાઈમાં આયોજિત નેશનલ ઈન્ટરસ્ટેટ સિનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2024માં આભાએ ગોળા ફેંકમાં મનપ્રીત કૌરનો રેકોર્ડ તોડી નાખ્યો. મનપ્રીતે 18.06 મીટરનો રેકોર્ડ બનાવ્યો હતો. ખટુઆએ તેના પાંચમા પ્રયાસમાં 18.41 મીટર ફેંકીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ પ્રદર્શન સાથે તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

કોણ છે આભા ખટુઆ? આભા ખટુઆનો પરિવાર પશ્ચિમ બંગાળના પશ્ચિમ મિદનાપુરના ખુરશી ગામમાં રહે છે. તેના પિતા ખેડૂત છે. તે ગામમાં ખેતમજુર તરીકે કામ કરે છે. તેની પાસે પોતાની કોઈ જમીન નથી. ખટુઆ વારંવાર તેના પિતાને મદદ કરતી. ખટુઆના ભાગ્યની ચાવી 2018માં મળી હતી. જ્યારે તેને કોલકાતામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની હોસ્ટેલમાં પ્રવેશ મળ્યો.

# કંગાળ પાકિસ્તાન હવે બધી જ સરકારી કંપનીઓ વેચી દેશે

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 14

આર્થિક સંકટ અને IMFની કડક શરતોનો સામનો કરી રહેલા પાકિસ્તાને તમામ સરકારી કંપનીઓને વેચવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે મંગળવારે ઈસ્લામાબાદમાં પ્રાઈવેટાઈઝેશન કમિશનની મિટિંગમાં મંગળવારે તેની જાહેરાત કરી છે. તેમણે કહ્યું, 'વેપાર કરવો એ સરકારનું કામ નથી, સરકારનું કામ દેશમાં વેપાર અને રોકાણ માટે સારું વાતાવરણ પૂરું પાડવાનું છે.' ટીવી પર લાઈવ બતાવાશે શાહબાઝ શરીફે 12 મેના રોજ IMF એડવાન્સ ટીમની પાકિસ્તાનની મુલાકાત બાદ કંપનીઓના વેચાણની જાહેરાત કરી છે. શરીફે કહ્યું કે તમામ સરકારી કંપનીઓને વેચી દેવામાં આવશે, પછી



ભલે તે નફો કરતી હોય કે ન કરતી હોય. મીડિયા રિપોર્ટ્સ અનુસાર સરકાર ફક્ત તે જ કંપનીઓને જાળવી રાખશે જે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે. વડાપ્રધાને તમામ મંત્રીઓને પ્રક્રિયાને સરળ બનાવવા માટે પ્રાઈવેટાઈઝેશન કમિશનને સહકાર આપવા અપીલ કરી છે. પાકિસ્તાનના નાણાં મંત્રાલયના ડિસેમ્બર 2023ના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનમાં 88 સરકારી કંપનીઓ છે. PM શાહબાઝ શરીફ પાકિસ્તાનના પ્રાઈવેટાઈઝેશન કમિશન સાથે મુલાકાત કરી રહ્યા છે. પાકિસ્તાનમાં કંપનીઓની બોલી લાગશે, ટીવી પર લાઈવ બતાવાશે શાહબાઝ શરીફે 12 મેના રોજ IMF એડવાન્સ ટીમની પાકિસ્તાનની મુલાકાત બાદ કંપનીઓના વેચાણની જાહેરાત કરી છે. IMF અધિકારીઓ સાથેની બેઠકમાં પાકિસ્તાને લાંબા સમયથી મોટી લોનની માગ કરી હતી. વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું છે કે કંપનીઓને વેચવાની પ્રક્રિયા પારદર્શિતા સાથે પૂર્ણ કરવામાં આવશે.

સૌથી પહેલા પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ કંપની લિમિટેડનું ખાનગીકરણ કરવામાં આવશે. બિડિંગ થશે અને તેનું ટીવી પર લાઈવ ટેલિકાસ્ટ બતાવવામાં આવશે. પાકિસ્તાનમાં કંપનીઓને વેચવાના કાર્યક્રમને 'પ્રાઈવેટાઈઝેશન પ્રોગ્રામ 2024-2029' નામ આપવામાં આવ્યું છે. આમાં પાકિસ્તાનની પાવર કંપનીઓ પણ સામેલ છે. સૌથી પહેલા જે કંપનીઓ ખોટમાં છે તેને વેચવામાં આવશે. તે પછી તેમને નફો કરતી સરકારી કંપનીઓને વેચવામાં આવશે.

## ન્યૂઝ ફ્લેશ

### UN સાથે કામ કરનાર ભારતીય સેનાના પૂર્વ જવાનનું મોત

જેરુસલેમ | ગાઝામાં સંયુક્ત રાષ્ટ્ર સાથે કામ કરતા એક ભારતીય ભૂતપૂર્વ સૈનિકનું મોત થયું હતું. તેઓ યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ સેફ્ટી એન્ડ સિક્યુરિટીના સ્ટાફ મેમ્બર હતા. પીડિતની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી સૂત્રોએ પીટીઆઈને પુષ્ટિ આપી છે કે તે ભારતના હતા અને ભારતીય સેનાના ભૂતપૂર્વ સૈનિક હતા. રફાહમાં માર્યા ગયેલા ભારતીય ભૂતપૂર્વ સૈનિક ગાઝામાં આંતરરાષ્ટ્રીય યુએન સ્ટાફમાં પ્રથમ જાનહાનિ છે. એક ભારતીય ભૂતપૂર્વ સૈનિકનું સોમવારે ગાઝામાં મૃત્યુ થયું હતું સંયુક્ત રાષ્ટ્ર સાથે કામ કરતા એક ભારતીય ભૂતપૂર્વ સૈનિકનું સોમવારે ગાઝામાં મૃત્યુ થયું હતું. હકીકતમાં, તે જે વાહનમાં મુસાફરી કરી રહ્યા હતા રાફામાં હુમલો થયો હતો. આ ઇઝરાયેલ-હમાસ સંઘર્ષની શરૂઆત પછી સંસ્થાની 'પ્રથમ આંતરરાષ્ટ્રીય' નુકસાન ગણાવાય છે. મૃતક ભારતીય યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ એન્ડ સિક્યુરિટી (DSS)ના સ્ટાફ મેમ્બર હતા. જો કે હજુ સુધી પીડિતની ઓળખ જાહેર કરવામાં આવી નથી. પીટીઆઈને પુષ્ટિ આપી કે તે મૃતક ભારતીય સેનાના ભૂતપૂર્વ સૈનિક હતા. યુરોપિયન હોસ્પિટલને રફાહ લઈ જતું યુએનનું વાહન અથડાયું હતું, જેમાં અન્ય DSS કર્મચારીને ઈજા થઈ હતી. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ યુએન ડિપાર્ટમેન્ટ ઓફ સેફ્ટી એન્ડ સિક્યુરિટી (ડીએસએસ) કર્મચારીના મૃત્યુ અને અન્ય ડીએસએસ કર્મચારીની ઈજા વિશે જાણીને દુઃખની લાગણી અનુભવી છે.

### પાકિસ્તાનમાં બિલાવલ ભુટ્ટો સંકટમોચક બનશે

કરાંચી | પાકિસ્તાનમાં લોકો મોંઘવારી, બેરોજગારી અને ગરીબીથી પરેશાન છે. આ ઉપરાંત, આતંકવાદ પણ દેશ અને લોકો માટે એક મુદ્દો છે,' ભૂતપૂર્વ વિદેશ પ્રધાને અહીં 'ભુટ્ટો સંદર્ભ અને ઈતિહાસ' પર એક સેમિનારને સંબોધિત કરતી વખતે જણાવ્યું હતું. 'જો રાજકારણીઓ એકબીજા સાથે વાત કરતા નથી, તો આ મુદ્દાઓ કેવી રીતે ઉકેલી શકાય,' 35 વર્ષીય નેતાએ પૂછ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે પીપીપી અધ્યક્ષ દિવંગત પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોના પુત્ર છે. આ દરમિયાન તેમણે કહ્યું કે તેમના પિતા રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ગયા મહિને સંયુક્ત સંસદ સત્રમાં તેમના સંબોધનમાં સમાધાનનો સંદેશ આપ્યો હતો. જો કે, તેમણે કહ્યું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે જે લોકો સમાધાન ઈચ્છતા ન હતા તેઓએ હંગામો મચાવ્યો, જીઓ ન્યૂઝે અહેવાલ આપ્યો. બિલાવલે કહ્યું કે તેમની પાર્ટીને પૂર્વ વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો અને બેનઝીર ભુટ્ટો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. બિલાવલે કહ્યું, 'અમારું પાત્ર તેમની તાલીમ સાથે મેળ ખાતું હોવું જોઈએ અને આપણે તે મહાન નેતાઓનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ.' પૂર્વ વિદેશ મંત્રીએ દેશમાં પ્રવર્તી રહેલી રાજકીય સંસ્કૃતિ પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું, 'હાલમાં આપણા સમાજમાં નફરતની રાજનીતિ ચાલી રહી છે. રાજનીતિ વ્યક્તિગત દુશ્મનીમાં ફેરવાઈ ગઈ છે.' બિલાવલે કહ્યું, 'અમે અમારા સમાજમાં મતભેદોનું સન્માન કરતા નથી.' પીપીપી અધ્યક્ષે કહ્યું કે આ બધું હોવા છતાં પીપીપી હંમેશા રાજકીય સંવાદ અને સમાધાનમાં વિશ્વાસ રાખે છે. બિલાવલના દાદા ઝુલ્ફીકાર અલી ભુટ્ટો 1971 થી 1973 સુધી પાકિસ્તાનના રાષ્ટ્રપતિ હતા.

## પાકિસ્તાની રૂપિયા (718 કરોડ ભારતીય રૂપિયા)ના પેકેજની જાહેરાત કરી

# PoKમાં પેરામિલિટરી રેન્જર્સ પર પથ્થરોથી હુમલો: 718 કરોડના પેકેજ બાદ પણ વિરોધીઓ રાજી ન થયા

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 14

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં 4 દિવસથી મોંઘવારી અને વીજળીના ભાવ સામે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. વડા પ્રધાન શેહબાઝ શરીફે સોમવારે PoK માટે 23 અબજ પાકિસ્તાની રૂપિયા (718 કરોડ ભારતીય રૂપિયા)ના પેકેજની જાહેરાત કરી હતી.

આમ છતાં વિરોધીઓ પાછળ હટવા તૈયાર નથી. પાકિસ્તાની મીડિયા ડોન ન્યૂઝ અનુસાર, રાહત પેકેજની જાહેરાતના થોડા સમય પછી, પાકિસ્તાની અર્ધ લશ્કરી રેન્જર્સે ટીયર ગેસના શેલ છોડ્યા અને વિરોધીઓ પર ગોળીબાર કર્યો. આ દરમિયાન 3 લોકોનાં મોત થયા હતા, જ્યારે 6 લોકો ઘાયલ થયા હતા.

વાસ્તવમાં પીએમ શરીફની જાહેરાત બાદ અર્ધલશ્કરી રેન્જર્સને PoK છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પછી રેન્જર્સના 19 વાહનોનો કાફલો મુઝફ્ફરાબાદ થઈને નીકળી રહ્યો હતો, ત્યારે શોરન દા નાકા ગામમાં તેમના પર પથ્થરોથી હુમલો કરવામાં આવ્યો. આ દરમિયાન અર્ધલશ્કરી દળોના ત્રણ વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. હુમલાના જવાબમાં રેન્જર્સે ગોળીબાર કર્યો હતો. તસવીર પીઓકેના મુઝફ્ફરાબાદ શહેરની છે, જ્યાં પાકિસ્તાની અર્ધલશ્કરી રેન્જર્સ તૈનાત જોવા મળ્યા હતા.



**આંદોલનકારીઓએ કહ્યું- સરકારની જાહેરાત પર કાયદેસરની તપાસ કરાવશે :** બીજી તરફ, PoKમાં વિરોધનું નેતૃત્વ કરી રહેલી જમ્મુ કાશ્મીર અવામી એક્શન કમિટી (JAAC)એ કહ્યું છે કે તે સરકારના નોટિફિકેશનની કાયદેસર રીતે તપાસ કરાવશે, ત્યારબાદ જ વિરોધ પાછું ખેંચવા અંગે નિર્ણય લેવામાં આવશે. JAACએ કહ્યું કે PoK સરકાર અત્યાર સુધી આ મામલે બેજવાબદાર વલણ અપનાવી રહી છે. આ કારણોસર તેઓ હવે આ રાહત પેકેજ પર વિશ્વાસ કરવા સક્ષમ નથી. પ્રદર્શનોને જોતા પીઓકેના રાજકીય કાર્યકર્તા અમજદ અયુબ મિર્ઝાએ ભારત સરકારને પાકિસ્તાની રાજદૂતને બોલાવવાની અપીલ કરી છે. મિર્ઝાએ કહ્યું કે પાકિસ્તાનમાં રેન્જર્સે પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો છે. ત્યાં લોકો રોજબરોજની ચીજવસ્તુઓના ભાવમાં રાહતની માગ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, વિશ્વભરના સમુદાયોએ સાથે આવવું જોઈએ અને પીઓકેને સમર્થન આપવું જોઈએ. પાકિસ્તાનમાં રાજકીય અસ્થિરતા વચ્ચે દેશની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. અહીં મોંઘવારી દરમાં સતત વધારો નોંધવામાં આવ્યો છે. પાકિસ્તાનના લોકો ભૂખમરો અને બેરોજગારીથી પરેશાન છે. પાકિસ્તાનની જીડીપી 2024માં માત્ર 2.1%ના દરે વધવાની સંભાવના છે.

## 'પીઓકેના લોકોની માગણીઓ કાયદેસર છે'

અગાઉ, શાહબાઝની જાહેરાત પછી પીઓકેના વડા પ્રધાન અનવારુલ હકે કહ્યું હતું કે લોકો અહીં સસ્તા ભાવે બ્રેડની માગ કરી રહ્યા છે. આ એક મૂળભૂત માગ છે જેને નકારી શકાય તેમ નથી. વીજળી અને લોટના ભાવનો આ મુદ્દો ઘણા સમયથી પેન્ડિંગ હતો, જેને કેન્દ્ર સરકાર જ ઉકેલી શકે છે. શાહબાઝ સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાતને પાકિસ્તાનના આગામી બજેટમાં સામેલ કરવામાં આવશે. રાહત પેકેજ હેઠળ, PoKમાં લોટની કિંમત 77 રૂપિયા/કિલોથી ઘટાડીને 50 રૂપિયા/કિલો કરવામાં આવી છે. વીજળીના ભાવમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. ડોન ન્યૂઝ અનુસાર, PoKમાં 100 યુનિટ સુધીની વીજળીની કિંમત 3 રૂપિયા હશે, 300 યુનિટ સુધીની કિંમત 5 રૂપિયા/યુનિટ હશે અને જો 300 યુનિટથી વધુ વીજળી ખર્ચવામાં આવે તો 6 રૂપિયા પ્રતિ યુનિટ હશે., PoKમાં વિરોધનું નેતૃત્વ કરી રહેલી જમ્મુ કાશ્મીર અવામી એક્શન કમિટી (JAAC)એ કહ્યું છે કે તે સરકારના નોટિફિકેશનની કાયદેસર રીતે તપાસ કરાવશે, ત્યારબાદ જ વિરોધ પાછું ખેંચવા અંગે નિર્ણય લેવામાં આવશે. JAACએ કહ્યું કે PoK સરકાર અત્યાર સુધી આ મામલે બેજવાબદાર વલણ અપનાવી રહી છે. આ કારણોસર તેઓ હવે આ રાહત પેકેજ પર વિશ્વાસ કરવા સક્ષમ નથી. કાર્યકર્તા અમજદ અયુબ મિર્ઝાએ ભારત સરકારને પાકિસ્તાની રાજદૂતને બોલાવવાની અપીલ કરી છે.

## પીઓકેમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોની માગ...

પીઓકેના લોકોને ઉત્પાદનના ખર્ચે વીજળી મળવી જોઈએ. પાકિસ્તાન સરકાર પીઓકેમાંથી પ્રતિ યુનિટ રૂ. 2ના ભાવે વીજળી લે છે અને અહીંના લોકોને ઊંચા દરે પાછી આપે છે. પાકિસ્તાન સરકારે લોટ પરની સબસિડી ખતમ કરી દીધી છે, જ્યારે યુએનના નિર્દેશ છે કે PoKના લોકોને લોટ સહિત 30 વસ્તુઓ પર સબસિડી મળવી જોઈએ. PoK નોકરશાહી અને 53 મંત્રીઓને આપવામાં આવતી લક્ઝરી સુવિધાઓ નાબૂદ કરવી જોઈએ. તેમને આપવામાં આવતી લક્ઝરી કાર, મોંઘા મકાનો અને TA-DA નાબૂદ કરવામાં આવે. ઘણા અધિકારીઓ પાસે એટલી મોંઘી કાર છે કે ઘણા દેશોના પીએમ તેનો ઉપયોગ કરતા નથી. તેમના આસિસ્ટન્ટ પાસે 10-15 લાખ રૂપિયાની કાર છે.

## અમેરિકામાં દર મહિને લોહીની તપાસ, બાયોડેટાના આધારે ખાસ ફિટનેસ પ્રોગ્રામ તૈયાર કરાશે

(એજન્સી) વોશિંગ્ટન | તા 14

ઘણાં ટેસ્ટના માધ્યમથી હૃદય, લિવર, કિડની, થાઈરોઈડ સહિત અન્ય બાબતોનું આકલન સ્વાસ્થ્ય પ્રત્યે છેલ્લા કેટલાક વર્ષોમાં જાગૃતતા વધતી જઈ રહી છે. આ કારણે લોકોને સ્વસ્થ અને ફિટ રાખવા માટે જિમ નવી-નવી તકનીકોનો ઉપયોગ કરી રહ્યા છે. હાલમાં જ અમેરિકાની જિમ શૃંખલા ઈક્વિનોક્સે 100 વર્ષ સુધી સ્વસ્થ જીવન જીવવા માટે એક પ્રોગ્રામની શરૂઆત કરી છે.

આ પ્રોગ્રામ લેબ ટેસ્ટ સ્ટાર્ટઅપ ફંક્શન હેલ્થ સાથે ભાગીદારીમાં ચલાવાય છે. તેની સભ્યપદ માટે લગભગ 35 લાખ રૂપિયા વાર્ષિક આપવા પડશે. ઓપ્ટિમાઇઝ નામના આ પ્રોગ્રામનો હેતુ લોકોની ક્ષમતાઓને મહત્તમ સ્તર સુધી વધારવાનો છે. દરેક વ્યક્તિ માટે તેના બાયોડેટા (અંગત જાણકારી)ના આધારે ખાસ ફિટનેસ કોચિંગ, સ્લીપ શેડ્યુલ, ન્યુટ્રિશન ટેબલ તૈયાર કરાશે. દર મહિને લોહીની તપાસ કરાશે. 100 ટેસ્ટના માધ્યમથી હૃદય, મેટાબોલિઝમ, લિવર, કિડની, થાયરોઈડ સહિત શરીર સાથે જોડાયેલી અન્ય બાબતોનું આકલન થશે. તેનો ખર્ચ આશરે 41500 રૂપિયા છે. ત્યારે, ઈક્વિનોક્સના સભ્યપદ માટે 3 લાખ થી 5 લાખ રૂપિયા સુધી આપવા પડશે. વિશેષ રીતે પ્રશિક્ષિત ઈક્વિનોક્સના કોચ લોહીની તપાસના નિષ્કર્ષોના આધારે સભ્યોના વર્કઆઉટ અને ફિટનેસ પ્રોગ્રામમાં પરિવર્તન લાવતા રહેશે. ઓપ્ટિમાઇઝના સભ્યપદનો મોટા ભાગનો ખર્ચ દર મહિને થનારી 16 કલાકનું ખાનગી કોચિંગ કરે છે. જેમાં દર અઠવાડિયે ખાનગી ટ્રેનિંગ સેશન, દર મહિને ઊંઘ અને પોષણ નિષ્ણાતો સાથે અડધા-અડધા કલાકની બે મીટિંગ તેમજ માસિક મસાજ સામેલ છે. ઈક્વિનોક્સના એક ખાનગી ટ્રેનિંગ સેશનની સરેરાશ કિંમત આશરે 13 હજાર રૂપિયા છે. દરેક સભ્યોના ઊંઘના આકલન માટે તેને લગભગ 25 હજાર રૂપિયાની સ્માર્ટ રિંગ પણ અપાશે.દુનિયાનું સૌથી મોંઘું જિમ કોન્ટિનમ ક્લબ મેનહટનમાં ખોલવામાં આવી રહ્યું છે.

## પીઓકેમાં રેન્જર્સ તહેનાત: દેખાવકારોએ કહ્યું- પાકિસ્તાન થી આઝાદી ઈચ્છીએ છીએ

(એજન્સી) ઈસ્લામાબાદ | તા 14

ચોથા દિવસે પણ લોન્ગ માર્ચ જારી, મુઝફ્ફરાબાદમાં વિધાનસભા ઘેરાબંધીની તૈયારી પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીર(પીઓકે)માં ચોથા દિવસે સમોવારે પણ તણાવભર્યો માહોલ રહ્યો હતો. જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમિટી (એએએસી) ના નેતૃત્વ હેઠળ લાખો દેખાવકારોએ રાજધાની મુજફ્ફરાબાદ તરફ લોન્ગ માર્ચ ચાલુ રાખી હતી. લોન્ગ માર્ચમાં સામેલ લોકો મુઝફ્ફરાબાદ શહેરમાં વિધાનસભાનો ઘેરાવ કરશે અને ત્યાં ધરણાં કરશે. રવિવારે સાંજે અર્ધલશ્કરી દળના પાકિસ્તાની રેન્જર્સને પીઓકેના વિવિધ શહેરોમાં તહેનાત કરાયા હતા. રેન્જર્સને મોકલવા બદલ દેખાવકારો નારાજ થયા હતા અને ઘણી જગ્યાએ રેન્જર્સને માર મારી ભગાડી મૂક્યા હતા. સમગ્ર પીઓકેમાં ચોથા દિવસે પણ ઈન્ટરનેટ અને મોબાઈલ સેવા બંધ રહી હતી. દેખાવકારોનું કહેવું છે કે પાક સરકાર અહીંના લોકોને આતંકવાદ ગણાવે છે. પીઓકેના લોકોનું કહેવું છે કે તેઓ પાકિસ્તાન સરકારની ભ્રષ્ટ વ્યવસ્થાથી કંટાળી ગયા છે, અમે શરૂ થયું હતું. લોન્ગ માર્ચ મીરપુર, કોટલી, પૂંછ, સુધાનોતી, બાદ જિલ્લાના લોકોએ વિરોધમાં ભાગ લીધો છે. આંદોલન માટે જોઈન્ટ બનાવવામાં આવ્યું છે. આંદોલન સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે અમારું આંદોલન શાંતિપૂર્ણ છે, અમે કોઈને નુકસાન પહોંચાડવા માગતા નથી. તેમનું કહેવું છે કે જો એક પણ માગ અધૂરી રહેશે તો અમે પાછળ હટીશું નહીં.

## તાપમાન 1.5 ડિગ્રી વધશે તો ઘણા શહેરો તારાજ થશે

પેરિસ તા 14

દુનિયાના ઘણા વિસ્તારોમાં તોફાનોની સંખ્યા વધી છે... જ્યાં દુષ્કાળ પડતો હતો, ત્યાં પૂર આવે છે, જ્યાં પૂરથી મુશ્કેલી પડતી હતી, ત્યાં દુષ્કાળ છે. પર્યાવરણીય પરિવર્તનના પરિણામો દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં જો પૃથ્વીનું સરેરાશ તાપમાન વધે તો શું ફરક પડશે તે અંગે વિશ્વના પર્યાવરણ નિષ્ણાતોએ આકલન કર્યું છે. આ માટે તેમણે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાના તાપમાનને માપદંડ માની છે. બ્રિટનની યુનિવર્સિટી ઓફ એક્સેટરના પ્રોફેસર પીટર કોક્સ કહે છે - એવું નથી કે વધતા તાપમાનની અસર ત્યારે જ દેખાશે જ્યારે તે 1.5 ડિગ્રી વધે. તેની અસર શરૂ થઈ ગઈ છે. ફ્રાન્સની આઈડીડીઆરઆઈ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડો. હેનરી વેઈઝમેન કહે છે - પર્યાવરણીય પરિવર્તનને એકપક્ષીય રીતે બ્લેક કે વ્હાઇટમાં વહેંચી શકાય નહીં. ડિગ્રી સેલ્સિયસના દસમા ભાગના વધારા સાથે પણ તેની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. વધતા તાપમાનની અસર: પૂરથી નુકસાન બમણું થશે 2 ડિગ્રી સેલ્સિયસ | વિશ્વમાં હીટવેવ વિસ્તારોમાં ઝડપથી વધારો થશે. જે વિસ્તારોમાં ગરમીના મોજા પહેલાથી જ આવી રહ્યા છે, તે 200 ગણા સુધી વધશે. વિશ્વભરમાં પૂરને કારણે થયેલ નુકસાન બમણું થશે. 2.7 ડિગ્રી સેલ્સિયસ | વિશ્વના 200 કરોડ લોકોએ તેમના ઘર છોડવા પડશે. ઘણા વિસ્તારો જ્યાં છેલ્લા 10 હજાર વર્ષોમાં સંસ્કૃતિનો વિકાસ થયો છે તે વેરાન બની જશે. અમુક વિસ્તારોમાં વસ્તી બોજ બની જશે.

# બ્રિટનમાં ગ્રેજ્યુએટ રૂટ વિઝા બંધ થશે, 91 હજાર ભારતીયને પ્રવેશ નહીં મળે

(એજન્સી) લંડન | તા 14

બ્રિટનની ઋષિ સુનક સરકાર ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપવાની તૈયારી કરી રહી છે. સરકારની માઈગ્રેશન એડવાઈઝરી કમિટી (MAK) એ ગ્રેજ્યુએટ વિઝા રૂટ બંધ કરવા માટે સત્તાધારી કન્ઝર્વેટિવ પાર્ટી થિંક ટેન્ક ઓનવર્ડ સાથે એક અહેવાલ સહ-લેખિત કર્યો છે. સૂત્રો પાસેથી ભાસ્કરને મળેલી માહિતી મુજબ મંગળવારે સુનક કેબિનેટમાં અહેવાલ રજૂ કરવામાં આવશે. એની જોગવાઈઓ અનુસાર, દર વર્ષે લગભગ 91 હજાર ભારતીય વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન રૂટ દ્વારા વિઝા પ્રવેશ મેળવી શકશે નહીં. હાલમાં દર વર્ષે લગભગ 1 લાખ 30 હજાર ભારતીય વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન વિઝા રૂટ દ્વારા બ્રિટનમાં પ્રવેશ મેળવે છે. 39 હજાર ભારતીય વિદ્યાર્થીઓને જ વિઝા આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે 2021 માં શરૂ થયેલ ગ્રેજ્યુએશન વિઝા રૂટ ભારતીય અને અન્ય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમના માસ્ટર્સનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી બે વર્ષ સુધી બ્રિટનમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે. નિર્ણય કેમ: સ્કીલ્ડ વર્કર કેટેગરી પર રોક, યુકેના મંત્રીએ કહ્યું- વિઝાનો ઉપયોગ ઈમિગ્રેશન માટે ગ્રેજ્યુએશન વિઝા મેળવતા વિદ્યાર્થીઓ તેમના ઈમિગ્રેશનના દાવાને મજબૂત બનાવે છે. કારણ કે અભ્યાસ બાદ બે વર્ષના રોકાણની છૂટ મેળવીને આ વિદ્યાર્થીઓને સ્કીલ્ડ વર્કરની કેટેગરી મેળવે છે. લગભગ 80% ભારતીય વિદ્યાર્થીઓ અહીં મેડિસિન, એન્જિનિયરિંગ અથવા કાયદાનો અભ્યાસ કરવા આવે છે. અભ્યાસ પછી, તેઓ વિસ્તૃત રોકાણ દરમિયાન એક સ્કીલ્ડ વર્કર જેટલો જ પગાર મેળવે છે. બ્રિટનના ગૃહમંત્રી જેમ્સ ક્લેવરલીનું કહેવું છે કે એવું જોવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ આ વિઝાનો ઉપયોગ ઈમિગ્રેશન મેળવવા માટે કરે છે.

# સા. કોરિયામાં ગ્રીન કોંક્રીટ બૉક્સમાં મરીન સિટી વિકસાવાશે



(એજન્સી) સિઓલ | તા 14

દક્ષિણ કોરિયાના બુસાનમાં વિશ્વનું પ્રથમ તરતું શહેર ઓશનિક્સ બનાવવાની તૈયારીઓ થઈ રહી છે. તેનું બાંધકામ આ વર્ષના અંત સુધીમાં શરૂ થશે. આ અંતર્ગત ગ્રીન કોંક્રીટ બોક્સ પર બની રહેલા પ્લેટફોર્મને દરિયામાં લઈ જઈને જોડવામાં આવશે. વર્ષ 2028 સુધીમાં લગભગ 6.3 હેક્ટરમાં ફેલાયેલું મરીન સ્માર્ટ સિટી તૈયાર થઈ જશે. અહીં 12 હજાર લોકો રહી શકશે. બાદમાં તેને 1 લાખ લોકોને સમાવવા માટે અપગ્રેડ કરી શકાય છે. વિશ્વના લગભગ 90% દરિયાકાંઠાના શહેરો પર દરિયાની સપાટી વધવાથી સંકટ સર્જાયું છે. આવી સ્થિતિમાં યુએન-હેબિટેટના સહયોગથી બનાવવામાં આવી રહેલા શહેરને ભવિષ્યના શહેરોના પ્રોટોટાઈપ તરીકે ગણવામાં આવે છે. ષટ્કોણ આકાર અને ગ્રીન કોંક્રીટના કારણે આ પ્લેટફોર્મ મજબૂત મોજામાં પણ સુરક્ષિત રહેશે. ગ્રીન કોંક્રીટ વેસ્ટ મટીરીયલમાંથી બનાવવામાં આવે છે અને તે સામાન્ય કોંક્રીટ કરતા વધુ ટકાઉ હોય છે. આ શહેરો જૈવવિવિધતાના સંદર્ભમાં તમામ માપદંડો પર પણ સુરક્ષિત રહેશે. આ સિવાય અહીં વીજળી અને અન્ય જરૂરિયાતો સૌર ઉર્જા દ્વારા પૂરી કરવામાં આવશે. વધુમાં, પ્લેટફોર્મની નીચે નેટ લગાવવામાં આવશે, જેનો ઉપયોગ સીફૂડ સ્ટોર કરવા માટે કરવામાં આવશે. મોટાભાગની ઈમારતોની છત પર સોલર પેનલ લગાવવામાં આવશે. શહેરમાં રહેવા, રમવા અને મનોરંજન માટે પ્લેટફોર્મ હશે. ઈમારતો સાત માળથી ઓછી ઉંચી હશે જેથી ભારે પવનને કારણે કોઈ મુશ્કેલી ન પડે. આ 250 કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડાનો સામનો કરવામાં સક્ષમ હશે. અહીં 12 હજાર લોકો રહી શકશે. બાદમાં તેને 1 લાખ લોકોને સમાવવા માટે અપગ્રેડ કરી શકાય છે. વિશ્વના લગભગ 90% દરિયાકાંઠાના શહેરો પર દરિયાની સપાટી વધવાથી સંકટ સર્જાયું છે. આવી સ્થિતિમાં યુએન-હેબિટેટના સહયોગથી બનાવવામાં આવી રહેલા શહેરને ભવિષ્યના શહેરોના પ્રોટોટાઈપ તરીકે ગણવામાં આવે છે. ષટ્કોણ આકાર અને ગ્રીન કોંક્રીટના કારણે આ પ્લેટફોર્મ મજબૂત મોજામાં પણ સુરક્ષિત રહેશે. ગ્રીન કોંક્રીટ વેસ્ટ મટીરીયલમાંથી બનાવવામાં આવે છે અને તે સામાન્ય કોંક્રીટ કરતા વધુ ટકાઉ હોય છે. આ શહેરો જૈવવિવિધતાના સંદર્ભમાં તમામ માપદંડો પર પણ સુરક્ષિત રહેશે

## ઈન્ડોનેશિયામાં જ્વાળામુખીમાંથી નીકળતા ઠંડા લાવાથી 41 લોકોના મોત

(એજન્સી) જર્કાતા | તા 14

ઈન્ડોનેશિયાના સુમાત્રા આઈલેન્ડમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે અનેક વિસ્તારોમાં ભૂસ્ખલન થયું હતું. ખડકો, પહાડોના પથ્થરો, કાટમાળની સાથે જ્વાળામુખીનો ઠંડો લાવા પણ રહેણાંક વિસ્તારોમાં પહોંચીને તબાહી મચાવી રહ્યો છે. અત્યાર સુધીમાં 41 લોકોના મોત થયા છે. 17થી વધુ લોકો ગુમ છે. બીબીસીના અહેવાલ મુજબ સુમાત્રા દ્વીપના અગમ અને તનાહ દાતાર જિલ્લામાં સૌથી વધુ તબાહી થઈ છે. અહીં ઘણા શહેરોમાં રસ્તાઓને નુકસાન થયું છે, 100થી વધુ ઘરો અને મસ્જિદો નાશ પામી છે. સુમાત્રા ડિઝાસ્ટર મિટિગેશન એજન્સીના અધિકારી ઈલ્હામ વહાબે જણાવ્યું- રવિવારે મોડી રાત્રે (12 મે) 37 લોકોના મૃતદેહ મળી આવ્યા હતા, સોમવારે (13 મે) સવાર સુધીમાં આ આંકડો વધીને 41 થયો હતો. તેમાં 2 બાળકો છે. ઠંડા લાવાનું તાપમાન 50C કરતા ઓછું હોય છે ંડો લાવા લહર તરીકે પણ ભારે વરસાદથી જ્વાળામુખીના ઢોળાવ પરથી નીચે આવે છે. કેટલાક શૈક્ષણિક અહેવાલો અનુસાર, ઠંડા લાવાનું તાપમાન 0C થી 100C સુધી હોઈ શકે છે. સામાન્ય રીતે તે 50 સે કરતા ઓછું હોય છે. યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે વહેતા ઠંડા લાવાના કારણે ઘણા વિસ્તારોમાં કાદવ સર્જાયો છે.

### 2019માં PM બનવાનું સપનું જોતાં નેતા હવે ભાજપને ફળશે?

# દક્ષિણના આ રાજ્યમાં સુપરસ્ટારના કારણે બદલાયા રાજકીય સમીકરણ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં આજે દેશના 10 રાજ્યોની 96 બેઠકોની સાથે આંધ્રપ્રદેશની તમામ 25 લોકસભા બેઠકો અને વિધાનસભાની 175 બેઠકો માટે મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું છે. આંધ્રપ્રદેશની વાત કરીએ તો અહીં YSR કોંગ્રેસ પાર્ટી અને વિપક્ષી તેલુગુ દેશમ પાર્ટી વચ્ચે વર્ષોથી વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે.

ભારતીય જનતા પાર્ટી રાજ્યમાં ત્રણ વખત મુખ્યમંત્રી બનેલા ચંદ્રબાબુ નાયડુની પાર્ટી ટીડીપી અને જન સેના પાર્ટી સાથે મળીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે. જન સેના પાર્ટીની કમાન સુપરસ્ટાર રાજનેતા પવન કલ્યાણના હાથમાં છે. રાજ્યમાં દબદબો બનાવીને બેઠેલા જગન મોહન રેડ્ડીની પાર્ટી વાયએસઆરસીપી એકલા હાથે ચૂંટણી લડી રહી છે. હાલ રાજ્યમાં જગન મોહન રેડ્ડીની સરકાર છે. કોંગ્રેસની સાથે સીપીઆઈ અને સીપીઆઈ(એમ) ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ હોવાથી ત્રણેય પક્ષો બેઠક વહેંચણીની સમજૂતી મુજબ રાજ્યના ચૂંટણીમાં દમ દેખાડી રહી છે. 2019ની આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં જગન રેડ્ડીની વાઈએસઆર કોંગ્રેસ પાર્ટીએ 175 બેઠકોમાંથી 151 બેઠકો જીતી મોટો વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત 2019ની લોકસભા ચૂંટણીમાં પણ જગન રેડ્ડીની પાર્ટીએ 25 લોકસભા બેઠકોમાંથી 22 બેઠકો જીતી હતી.

### જગન મોહને સૌને ચોંકાવી દીધા



વર્તમાન મુખ્યમંત્રી જગન મોહનના પિતા રાજશેખર રેડ્ડી તે સમયે કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. એવું કહેવાય છે કે, તેમણે વર્ષ 2004 અને 2009માં કોંગ્રેસને જીત અપાવી હતી. તેમનું 2009માં નિધન થયું હતું. ત્યારબાદ જગન મોહન અને કોંગ્રેસ વચ્ચે રાગ બેસ્યો નહીં અને જગને માર્ચ-2011માં વાઈએસઆર કોંગ્રેસ નામથી પોતાની જુદી પાર્ટી બનાવી લીધી.

### એક સમયે આંધ્રપ્રદેશ કોંગ્રેસને ગઢ હતો

એક સમયે સંયુક્ત આંધ્રપ્રદેશની મજબૂત રાજકીય પાર્ટીઓમાં કોંગ્રેસનું વર્ચસ્વ હતું. કોંગ્રેસે લગભગ છ દાયકા સુધી રાજ્યમાં રાજ કર્યું હતું. વર્ષ 2009 સુધી યોજાયેલી 12 વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે આઠ વખત સંપૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવી હતી. પરંતુ 2014માં આંધ્રપ્રદેશમાંથી તેલંગણાના અલગ રાજ્ય જાહેર કરાતા કોંગ્રેસનું વર્ચસ્વ સમાપ્ત થઈ ગયું હતું. વર્ષ 2014ની ચૂંટણીમાં કોંગ્રેસને 11.71 ટકા મત મળ્યા હતા, પરંતુ વર્ષ 2019માં ઘટીને 1.17 ટકા પર પહોંચી ગયું.

### 2019ની વિધાનસભા ચૂંટણીમાં પણ YSR કોંગ્રેસનો દબદબો

વર્ષ 2019માં 175 બેઠકો પર વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી, જેમાં વાએસઆર કોંગ્રેસ પાર્ટીએ 151, તેલુગુ દેશમ પાર્ટીએ 23, જન સેના પાર્ટીએ એક, બેઠક જીતી હતી, જ્યારે સીપીઆઈ(એમ), બહુજન સમાજ પાર્ટી, સીપીઆઈ, કોંગ્રેસ, ભાજપ અને અપક્ષો પોતાનું ખાતુ પણ ખોલાવી શક્યા ન હતા. વોટ શેરિંગની વાત કરીએ તો વાએસઆર કોંગ્રેસને 15,688,569 (49.95 ટકા) મતદારોએ મત આપ્યા હતા, જ્યારે તેલુગુ દેશમ પાર્ટીને 12,304,668 (39.17 ટકા), જન સેનાને 1,736,811 (5.53 ટકા), સીપીઆઈ(એમ)ને 101,071 (0.32 ટકા), બહુજન સમાજ પાર્ટીને 88,264 (0.28 ટકા), સીપીઆઈને 34,746 (0.11 ટકા), કોંગ્રેસને 368,810 (1.17 ટકા), ભાજપને 263,849 (0.84 ટકા) જ્યારે અપક્ષને 286,859 (0.91 ટકા) મતદારોના મત મળ્યા હતા. આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાઈએસ રાજશેખર રેડ્ડીની પુત્રી શર્મિલા પોતાના જ ભાઈ જગન મોહન વિરુદ્ધ ચૂંટણી લડી રહી છે. વર્ષ 2021માં શર્મિલાએ YSR તેલંગણા પાર્ટીની સ્થાપના કરી હતી, પરંતુ વર્ષ 2024માં તેમની પાર્ટીનું કોંગ્રેસમાં વિલય થયું હતું. ત્યારબાદ કોંગ્રેસે શર્મિલાને રાજ્યની કોંગ્રેસ અધ્યક્ષ બનાવી છે. કોંગ્રેસે તેમને કડાપા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. આ બેઠક પર તેમના પિતરાઈ ભાઈ અવિનાશ રેડ્ડી વર્તમાન સાંસદ છે. YSRCPએ શર્મિલા વિરુદ્ધ અવિનાશને જ ટિકિટ આપી છે. આવી સ્થિતિમાં શર્મિલા પોતાના બે ભાઈઓ વિરુદ્ધ ચૂંટણી મેદાનમાં છે.

### યાત્રા રૂટ પર પહેલીવાર શ્રીનગર મેડિકલ કોલેજમાં કેથ લેબ શરૂ થઈ

# ચારધામ યાત્રાએ આવનાર 50 વર્ષથી વધુ ઉંમરના લોકોના આરોગ્ય તપાસ પર વિશેષ ધ્યાન અપાશે



- પબ્લિક રિલેશન સોસાયટી ઓફ ઈન્ડિયાના દેહરાદૂન ચેપ્ટરના અધિકારીઓ આરોગ્ય સચિવને મળ્યા
- ચાર ધામ પર આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલ એડવાઈઝરીના રાષ્ટ્રવ્યાપી પ્રચારમાં PRSI મદદરૂપ બની

(એજન્સી) દેહરાદૂન | તા 14

પબ્લિક રિલેશન સોસાયટી ઑફ ઈન્ડિયાના દેહરાદૂન ચેપ્ટરના અધિકારીઓ અને સભ્યો મંગળવારે સચિવાલયમાં આરોગ્ય સચિવ ડૉ. આર. રાજેશ કુમારને મળ્યા હતા. આ દરમિયાન PSRI દેહરાદૂન ચેપ્ટરના પ્રમુખ રવિ બિજાર્નિયાએ તેમને શાલ અને સ્મૃતિ ચિહ્ન આપીને સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે આરોગ્ય સચિવે જણાવ્યું હતું કે હાલમાં ગતિશીલ ચારધામ યાત્રામાં યાત્રાળુઓની વધતી સંખ્યા એક પડકાર બનીને ઉભરી આવી છે. આવી સ્થિતિમાં આરોગ્ય વિભાગ દ્વારા શ્રદ્ધાળુઓને આરોગ્ય તપાસ સહિતની વિવિધ સુવિધાઓ આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે ગયા વર્ષે યાત્રા દરમિયાન 55 વર્ષથી વધુ ઉંમરના લગભગ સાડા સાત લાખ લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આ વખતે અમારો ઉદ્દેશ્ય 50 વર્ષથી વધુ ઉંમરના લોકોનું વધુમાં વધુ આરોગ્ય તપાસ કરાવવાનો છે. તેમણે માહિતી આપી કે આ વખતે યાત્રાના રૂટ પર 184 ડોક્ટરો તૈનાત કરવામાં આવ્યા છે. ગયા વર્ષે 140 તબીબોની તૈનાત કરવામાં આવી હતી. જેમાં 44 નિષ્ણાત તબીબોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, ગયા વર્ષે પ્રથમ વખત NHM દ્વારા યાત્રામાં તૈનાત ડોકટરો તેમજ પેરા મેડિકલ સ્ટાફ માટે માનદ વેતનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વખતે પણ આ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવી રહી છે. આરોગ્ય સચિવે કહ્યું કે ચારધામ યાત્રા રૂટ પર હંમેશા સુપર સ્પેશિયાલિટી સેન્ટરનો અભાવ રહ્યો છે. તેને જોતા આ વખતે શ્રીનગર મેડિકલ કોલેજમાં કેથ લેબ શરૂ કરવામાં આવી છે. ઉપરાંત, નવી સુપર સ્પેશિયાલિટીઓને 'યુ ક્વોટ વી પે' સ્કીમ દ્વારા તેમની સેવાઓ પ્રદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે યાત્રા સંબંધિત એસઓપી કુલ 11 ભાષાઓમાં જારી કરવામાં આવી છે, આ એસઓપી તમામ રાજ્યોના સચિવોને મોકલવાની સાથે સાથે કર્મચારીઓ દ્વારા યાત્રા પર આવતા શ્રદ્ધાળુઓને તેમની પોતાની ભાષામાં પણ વહેંચવામાં આવી રહી છે જેથી કરીને તેઓ આ એસઓપી ન કરે. કોઈપણ પ્રકારની માહિતી મેળવો ત્યાં કોઈ સમસ્યા હોવી જોઈએ નહીં. આ SOPમાં પ્રવાસ દરમિયાન શું કરવું અને શું ન કરવું તેની માહિતી આપવામાં આવી છે. આરોગ્ય સચિવે જણાવ્યું કે, જાનકી ચટ્ટીમાં પહેલીવાર મેડિકલ પોઈન્ટ બનાવવામાં આવ્યું છે.

## ન્યૂઝ કોર્નર

### ફ્લાઇટમાં કો-પેસેન્જર્સનાં ઘરેણાં ચોરનાર વ્યક્તિ અરેસ્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

દિલ્હી પોલીસે એક 40 વર્ષીય વ્યક્તિની ફ્લાઈટમાં તેના સહ-યાત્રીઓ પાસેથી ઘરેણાં અને અન્ય કિંમતી વસ્તુઓની ચોરી કરવા બદલ ધરપકડ કરી છે. છેલ્લા એક વર્ષમાં આરોપીએ 110 દિવસમાં 200થી વધુ ફ્લાઈટમાં મુસાફરી કરી હતી અને ચોરીના અનેક બનાવોને અંજામ આપ્યો હતો. પોલીસે સોમવારે ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાણકારી આપી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ઉષા રંગનાનીના જણાવ્યા અનુસાર આરોપીનું નામ રાજેશ કપૂર છે. તેની દિલ્હીના પહાડગંજમાંથી ધરપકડ કરવામાં આવી છે જ્યાં તેણે ચોરીના દાગીના રાખ્યા હતા.

### આગામી પાંચ દિવસ આ રાજ્યોમાં હીટવેવને લઈને એલર્ટ જારી

નવી દિલ્હી | ગુજરાતમાં ભારે તોફાન સાથે વરસાદ થયો હતો. આ સાથે જ તમિલનાડુ, તેલંગાણા, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થયો. ત્યારે બુધવારથી ઉત્તર-પશ્ચિમી ભારતમાં ગરમીનો વધુ રાઉન્ડ શરૂ થવાનો છે. દિલ્હી સહિત કેટલાક રાજ્યોમાં આગામી એક અઠવાડિયા સુધી ગરમી પરેશાન કરશે.હવામાન વિભાગે આગામી પાંચ દિવસ હીટવેવને લઈને એલર્ટ જારી કર્યું છે. આ દરમિયાન દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના પૂર્વી ભાગમાં તાપમાન 40-44 ડિગ્રીની વચ્ચે રહી શકે છે. 15-17 મે વચ્ચે હીટવેવની સંભાવના છે.

# સિનેપોલિસ ઇન્ડિયાએ ડેમોક્રેસી ડિલિવર્સ ઇનિશિયેટિવની શરૂઆત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 14

સિનેપોલિસ, ભારતમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય સિનેમા પ્રદર્શક, એક વિશેષ ઑફરની જાહેરાત કરવા માટે રોમાંચિત છે કારણ કે આ ચૂંટણીની મોસમ દરમિયાન આપણું રાષ્ટ્ર લોકશાહીની લય સાથે ધબકતું હોય છે. સમુદાય સાથે જોડાવા અને નાગરિક જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ બ્રાન્ડ તરીકે, સિનેપોલિસને મતદારોને પ્રોત્સાહિત કરવા અને પુરસ્કાર આપવા માટે તેની ડેમોક્રેસી ડિલિવર્સ પહેલ શરૂ કરવામાં ગર્વ છે. ભારત ગર્વથી વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માળખું ધરાવે છે, સિનેપોલિસને નાગરિકોની સાથે ઊભા રહેવાનો અને લોકશાહીની સુંદરતાનું સન્માન કરતી વખતે સિનેમાના જાદુમાં આનંદ માણવા માટે આમંત્રિત કરવાનો વિશેષાધિકાર છે.આ ઓફરમાં ફ્લેટ 20% ડિસ્કાઉન્ટ, રૂ. 120 સુધી, સિનેમા પોઈન્ટ્સ ઓફ સેલ (PoS) પર કરવામાં આવેલી તમામ ટિકિટ બુકિંગ પર જ્યારે ગ્રાહકો તેમના વોટિંગ માર્ક રજૂ કરે છે. આ વિશિષ્ટ ડિસ્કાઉન્ટ તમામ મૂવીઝ પર લાગુ છે અને 9મી મેથી 6મી જૂન, 2024 સુધી સમગ્ર દેશમાં તમામ સિનેપોલિસ પ્રોપર્ટી પર માન્ય રહેશે. 'ભારતમાં, વિશ્વની સૌથી મોટી લોકશાહી, મતદાનમાં અપાર શક્તિ છે, જે આપણા સામૂહિક ભવિષ્યના માર્ગને આકાર આપે છે.

# મુંબઇ એરપોર્ટ પરથી 13 કરોડથી વધુનું સોનું જપ્ત, 11 મુસાફરોની ધરપકડ



કસ્ટમ વિભાગે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરી દ્વારા ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલ રૂ. 13.56 કરોડની કિંમતનું 22.14 કિલો સોનું જપ્ત કર્યું છે. આ સોનું વિવિધ પ્રવાસીઓ દ્વારા ગેરકાયદેસર રીતે લાવવામાં આવ્યું હતું. માહિતી આપતા કસ્ટમ વિભાગના અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે શુક્રવાર અને રવિવાર વચ્ચે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન સોનાની દાણચોરીના 20 કેસ નોંધાયા હતા અને 11 મુસાફરોની ધરપકડ કરવામાં આવી હતી. વધુ માહિતી આપતા કસ્ટમ અધિકારીએ જણાવ્યું કે કિંમતી ધાતુને મુસાફરોએ તેમના ગુદામાર્ગમાં, અન્ડરગાર્મેન્ટમાં, તેમના શરીર પર અને કાર્ડબોર્ડની શીટમાં છુપાવી હતી.

### 2024માં વૈશ્વિક બજારોમાં 50 ભારતીય સ્ટાર્ટઅપ્સ લોન્ચ કરવાનું લક્ષ્ય

# એમેઝોને સ્ટાર્ટઅપ્સ માટે ગ્લોબલ બિઝનેસ એક્સીલરેટર પ્રોપેલની ચોથી સિઝન જાહેર કરી

(એજન્સી) બેંગ્લુરુ | તા 14

એમેઝોન ઈન્ડિયાએ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ક્ષેત્રે સ્ટાર્ટઅપ્સ માટે ગ્લોબલ બિઝનેસ એક્સીલરેટર પ્રોપેલની ચોથી સિઝનના લોન્ચિંગની આજે જાહેરાત કરી હતી. આ અનોખો પ્રોગ્રામ ઊભરતી ભારતીય બ્રાન્ડ્સ અને સ્ટાર્ટઅપ્સને ઈકોમર્સ એક્સપોર્ટ્સનો ઉપયોગ કરીને વિશ્વભરના ગ્રાહકો સુધી પહોંચાડવા માટે સમર્પિત ટેકો પૂરો પાડવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રોપેલ એસ4 આંતરરાષ્ટ્રીય બજારોમાં 50 જેટલા સ્ટાર્ટઅપ્સને લોન્ચ માટે અને ભારતથી ગ્લોબલ બ્રાન્ડ્સ ઊભી કરવા માટે ટેકો પૂરો પાડશે. ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સને એડબ્લ્યુએસ એક્ટિવેટ ક્રેડિટ્સ, છ મહિનાની ફ્રી લોજિસ્ટિક્સ અને અકાઉન્ટ મેનેજમેન્ટ સપોર્ટ ઉપરાંત ટોચના 3 વિજેતાઓ માટે એમેઝોન તરફથી 1 લાખ ડોલરની સંયુક્ત ગ્રાન્ટ સહિત 1.5 મિલિયન ડોલરથી વધુના કુલ રિવાર્ડ્સ જીતવાની તક મળશે. ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સને એમેઝોન ક્લબ, વેલોસિટી અને ગેટવેન્ટેજ નામની ભારતીય આવક આધારિત ધિરાણ કંપનીઓ સાથે કનેક્ટ કરવામાં પણ મદદ કરશે જેઓ તેમના બિઝનેસને વધારવા માટે ભાગ લેનાર સ્ટાર્ટઅપ્સને વિશેષ ઓફર્સ પૂરી પાડશે. પ્રોગ્રામ માટેની અરજીઓ આજથી ખૂલે છે અને 9 જૂન, 2024ના રોજ બંધ થશે. તે એક ડેમો-ડેમાં પરિણમશે જ્યાં સહભાગીઓને અગ્રણી વીસી કંપનીઓ તરફથી પોતાના બિઝનેસ પ્રપોઝિશનને પીચ કરવાની અને તેમની કામગીરી વધારવા માટે ફંડિંગ મેળવવાની તક મળશે. પ્રોપેલ એસ4ના ભાગરૂપે એમેઝોને એમેઝોન લીડર્સ, વીસી પાર્ટનર્સ અને ઉદ્યોગના સિનિયર લીડર્સને સમાવતું મેન્ટરશિપ બોર્ડ બનાવ્યું છે.

# દેશના ડોક્ટરોએ એલન સમાનયનમાં કહ્યું... સફળતાની સફર કોટા દ્વારા શક્ય બની

(એજન્સી) કોટા | તા 14

કોટામાં એલેન કેરિયર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બે દિવસીય એલેન એલ્યુમની મીટ-2024 કોન્વોકેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દેશભરમાંથી ડોક્ટરો કોટા આવ્યા હતા. આ કાર્યક્રમમાં એક હજારથી વધુ મહેમાનોએ હાજરી આપી હતી. કોટાના એલન ખાતે અભ્યાસ કરીને અલગ-અલગ વર્ષોમાં પોતાની કારકિર્દી બનાવનારા આ વિદ્યાર્થીઓ માટે બે દિવસમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તેઓ તેમના શિક્ષકોને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા. અમે મિત્રોને મળતા ત્યારે અમે એકબીજાને ગળે લગાડતા અને પૂછપરછ કરતા. આ વિદ્યાર્થીઓએ કોટા અને એલનનું બદલાયેલું સ્વરૂપ જોયું. કોટામાં નવનિર્મિત ચંબલ રિવર ફ્રન્ટ અને સિટી પાર્કની મુલાકાત લીધી. આ સાથે તેમણે કોટામાં એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટના વિવિધ વિસ્તારોમાં બનેલા ક્લાસરૂમ કેમ્પસની પણ મુલાકાત લીધી હતી. મુખ્ય કાર્યક્રમ રવિવારે એલન સન્માન




કેમ્પસના સમરસ ઓડિટોરિયમમાં યોજાયો હતો. અહીં તમામ જૂના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા મુખ્ય અતિથિ હતા. કાર્યક્રમમાં એલન પરિવારના માતા શ્રી કૃષ્ણાદેવી મંધાના, ડાયરેક્ટર ડો. ગોવિંદ મહેશ્વરી, રાજેશ મહેશ્વરી, નવીન મહેશ્વરી અને ડો. બ્રિજેશ મહેશ્વરી, એચઓડી કેજી વૈષ્ણવ અને પીબી સક્સેના સર હાજર હતા. કાર્યક્રમમાં રાજ્યના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શાંતિ ધારીવાલનો વીડિયો સંદેશ પણ વગાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે એલને એલન વિદ્યાર્થીઓ માટે એલન ફેમિલી સ્કોલરશીપ સ્કીમની જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે હું કોટા આવેલા તમામ ડોક્ટરોનું સ્વાગત કરું છું. મને પણ ગર્વ છે કે હું કોટાનો છું. જ્યારે આપણે બીજા શહેર, દિલ્હી કે વિદેશમાં જઈએ છીએ ત્યારે આ ગૌરવની લાગણી વધારે હોય છે. ત્યાં અમે એલનના વિદ્યાર્થીઓને મળીએ છીએ. કોટાની તમારી યાદો અમારી સાથે શેર કરો. મારો અનુભવ છે કે અભ્યાસ માટે કોટા જેવું કોઈ શહેર નથી.

**બ્રેકિંગ ન્યૂઝ**

### ઝાડુ પર બટન દબાવશો તો મારે ફરી જેલ જવું નહીં પડે, કેજરીવાલે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાંથી વચગાળાના જમીન પર છુટયા પછી પૂરા જોશથી લોકસભા ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. કેજરીવાલે રવિવારે નવી દિલ્હી લોકસભા બેઠક પર આપના ઉમેદવાર સોમનાથ ભારતીના સમર્થનમાં મોતીનગરમાં રોડ શો કર્યો હતો. આ સમયે તેમણે લોકોને અપીલ કરી કે 25 મેના રોજ તમે ઝાડુનું બટન દબાવશો તો મારે ફરી જેલ જવું નહીં પડે.

### ભારતીય સૈનિકોની ઘરવાપસી બાદ માલદીવ મુશ્કેલીમાં, હવે થઈ રહ્યો છે પસ્તાવો

ફાંકા ફોજદારી કસ્નારા માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુની તેમના જ દેશના લોકોએ પોલ ખોલી નાખી છે. માલદીવના સંરક્ષણમંત્રી ઘાસન મૌમુને સ્વીકાર્યું હતું કે ભારતીય સૈનિકોના વતન પરત ફરી જવાના કારણે માલદીવ હવે ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. માલદીવના ચીન તરફી રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુના આદેશ પર 76 ભારતીય સુરક્ષા કર્મચારીઓએ માલદીવ છોડી દીધાના થોડાક જ દિવસો બાદ ત્યાંના સંરક્ષણમંત્રી ઘાસન મૌમુને સ્વીકાર્યું કે માલદીવની સેના પાસે ભારત દ્વારા દાનમાં મળેલા 3 વિમાનને ઉડાડવા માટે સક્ષમ પાઈલટ પણ નથી.

### મહિલાઓના બુરખા ઉઠાવીને ચેક કરનાર ભાજપ ઉમેદવાર સામે FIR

તેલંગણાની હૈદરાબાદ લોકસભા બેઠક પરની BJP ઉમેદવાર માધવી લતા (Maadhavi Latha)એ મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓના બુરખા ઉઠાવી ચેક કરવું ભારે પડ્યું છે. આ મામલે તેમની સામે માલકપેટ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ છે. લતા સામે આઈપીસીની કલમ 171સી, 186, 505(1)(સી) અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 132 હેઠળ કેસ નોંધાયો છે. હાલ માધવી લતાનો સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓની ઓળખ પત્રની તપાસ કરતા જોવા મળી રહ્યા છે.

**નવી આશા..** વર્ષમા 2023ની તુલનામાં વધુ સારા પરિણામો મળવાની આશા

# લેન્ક્સેસ સમગ્ર 2024ના વર્ષમાં 10થી 20 ટકાની આવક વૃદ્ધિની આશા રાખે છે

(એજન્સી) મુંબઇ | તા 14

સ્પેસિયાલિટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસ કેમિકલ ઉદ્યોગમાં નબળા વૈશ્વિક આર્થિક પર્યાવરણની પ્રથમ ક્વાર્ટરના પરિણામો પર માઠી અસર થવા છતા પણ ચાલુ નાણાંકીય વર્ષે 10થી 20 ટકાની વચ્ચે કમાણી વધે તેવી આશા રાખે છે. પ્રથમ ક્વાર્ટરમાં વેચાણમાં પાછલા વર્ષના સમાન ગાળાની તુલનામાં 1.899 અબજ યૂરોની તુલનામાં 15.4 ટકાનો ઘટાડો થતા 1.607 અબજ યૂરો પર પહોંચ્યુ હતું. અપવાદરૂપ ચીજો પહેલાની ઈબીઆઈટીડીએ 101 મિલીયન યૂરો હતી અને તેથી પાછલા વર્ષના 189 મિલીયન યૂરોના આંક કરતા 46.6 ટકા નીચે રહી હતી. કમાણીમાં થયેલા ઘટાડા પાછળનું મુખ્ય કારણ ઓછી વેચાણ કિંમત અને અસંખ્ય ગ્રાહક ઉદ્યોગોમાં સતત નરમ માંગ રહી હતી. આમ છતાં, 2023ના ચતુર્થ ક્વાર્ટરની તુલનામાં અંશતઃ વધારાતરફી પ્રવાહના સંકેતો જોવા મળ્યા છે - જે મુખ્યત્વે વેચાયેલા વોલ્યુમ્સમાં થયેલા વધારાને આભારી છે.

પાછલા વર્ષની તુલનામાં, વેચાણ 11.9 ટકા વધીને 1.436 અબજ યૂરોથી વધીને 1.607 અબજ યૂરો થયું હતુ, જ્યારે અપવાદ ચીજો પહેલાની ઈબીઆઈટીડીએ 4.1 ટકા વધીને 101 મિલીયન યૂરો થઈ છે જે 2023ના ચતુર્થ ક્વાર્ટરમાં 97 મિલીયન યૂરોના સ્તરે હતી. એડવાન્સ્ડ ઈન્ટરમીડિયેટ્સ (+54%) અને સ્પેસિયાલિટી એડીટીવ્સ (+17%) સેગમેન્ટ્સે ખાસ કરીને અપવાદરૂપ ચીજો પહેલાની ઈબીઆઈટીડીએમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી.. એવુ લાગે છે કે અમે કેમિકલ ઉદ્યોગમાં આર્થિક તળીયાને સ્પર્શ્યા છીએ. તેની સાથે, અમારી FORWARD! એકશન યોજનાઓ પ્રારંભિક માળખાગત બચતમાં સકારાત્મક અસર ધરાવે છે એમ લેન્ક્સેસ એજીના મેથીયાસ ઝેચર્ટએ જણાવતા ઉમેર્યુ હતુ કે બીજા ક્વાર્ટરમાં સકારાત્મક પ્રવાહ રહે તેવી અમને આશા છે અને આખા વર્ષમા 2023ની તુલનામાં વધુ સારા પરિણામો હાંસલ કરીશું.

આમ છતાં હાલના તબક્કે બધુ જ બરોબર છે તે કહેવું ઘણુ વહેલુ ગણાશે. વૈશ્વિક માંગ હજુ સામાન્ય સ્તરે પરત ફરી નથી અને તેથી 2024 કેમિકલઘોગ માટે તણાવભર્યુ વર્ષ ચોક્કસપણે બની રહેશે. આર્થિક પર્યાવરણે અનેક અનિશ્ચિતતાઓને આભારી હોવા છતાં, લેન્ક્સે વર્ષના બાકીના તબક્કામાં માંગ અંશતઃ વધારાતરફી વલણ દર્શાવે તેવી ધારણા સેવે છે. ગ્રુપ પોતાના FRWARD! એકશન યોજનામાં માળખાગત માપદંડોના પરિણામોને વધુમાં ઊંચી ક્ષમતા ઉપયોગિતા અને સુધારેલ કોસ્ટ બેઝ રહેશે તેવી આશા સેવે છે. પ્રથમ ક્વાર્ટરમાં વેચાણમાં પાછલા વર્ષના સમાન ગાળાની તુલનામાં 1.899 અબજ યૂરોની તુલનામાં 15.4 ટકાનો ઘટાડો થતા 1.607 અબજ યૂરો પર પહોંચ્યુ હતું. 2024ના સમગ્ર વર્ષ માટે ગ્રુપ તેથી અપવાદરૂપ ચીજો પહેલાની ઈબીઆઈટીડીએમાં પાછલા વર્ષના 512 મિલીયન યૂરોના આંક સામે 10થી 20 ટકાનો વધારો થશે તેમ માને છે. 2024ના બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં અપવાદ ચીજો પહેલાની ઈબીઆઈટીડીએમાં વધારો થશે લેન્ક્સેસને ધારણા છે અને સાધારણ સિઝનલ પેટર્નને કારણે ચતુર્થ ક્વાર્ટરમાં સારો વિકાસ થશે.

### ડ્રાઈવરે કાબૂ ગુમાવતા અકસ્માત થયો

# ઉત્તર પ્રદેશના હાપુડમાં ભયાનક માર્ગ અકસ્માત, કાર-ટ્રક વચ્ચે ટક્કર થતાં 6 લોકોના ઘટનાસ્થળે મોત

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ઉત્તર પ્રદેશના હાપુડના ગઢમુક્તેશ્વર કોતવાલી વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે નેશનલ હાઈવે-9 પર એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. જેમાં એક કાર અને ટ્રકની ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં કારમાં મુસાફરી કરી રહેલા 6 લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર છે. કારમાં સવાર 38 વર્ષીય અનૂપ તેના મિત્રો સાથે ગાઝિયાબાદના લોનીથી રાત્રે 9.00 વાગ્યે નૈનીતાલ જવા નીકળ્યા હતા. મૃતક અનૂપના ભાઈ અક્ષયે જણાવ્યું હતું કે, બધા લોકો રવિવારે રાત્રે લગભગ 9 વાગ્યાની આસપાસ ઘરેથી નૈનીતાલ કરૌલી જઈ રહ્યા હતા. રાત્રે લગભગ 12:00 વાગ્યે, પોલીસ દ્વારા તેમને અકસ્માત વિશે જાણ કરવામાં આવી હતી કે તે ગઢ ગંગાથી લગભગ 1 કિલોમીટર પહેલા થયો હતો.

કારમાં કુલ સાત લોકો સવાર હતા જેમાંથી 6ના મોત થયા છે અને એકની હાલત હજુ પણ ગંભીર છે. આ અકસ્માતમાં રોહિત સૈની 33 વર્ષ, અનૂપ સિંહ 38 વર્ષ, સંદીપ 35 વર્ષ, નિક્કી જૈન 33 વર્ષ, લોની ગાઝિયાબાદના રહેવાસી અને 35 વર્ષ વિપિન સોની અને ખતૌલી મેરઠના રહેવાસી 36 વર્ષીય રાજુ જૈનનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ હાઈવે પર કાર પૂરપાટ ઝડપે જઈ રહી હતી. ત્યારે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા અકસ્માતની ઘટના બની હતી.

કાર ડિવાઈડરને ટપીને હાઈવેની બીજી બાજુએ જતી રહી હતી અને સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે 6 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને કારનો કચ્ચણઘાણ નીકળી ગયો હતો. પોલીસે તમામ મૃતકોના મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

## રિંગ રોડ પર મળેલા મૃતદેહમાં હત્યા થયાનો ખુલાસો

અમદાવાદ | અમદાવાદ શહેરમાં આવેલા બોપલ રિંગ રોડ પર આધેડના મૃતદેહ મળવાના કેસમાં પોલીસને મહત્ત્વની સફળતા મળી છે. પોલીસે મૃતદેહને સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું જેમાં રિપોર્ટમાં ગળું દબાવી શરીર પર ઈજાઓ કરી હત્યા કર્યા હોવાનો ચકચારી ખુલાસો થયો હતો. જેથી બોપલ પોલીસે પરિવારનો સંપર્ક કરી આ અંગે જણાવ્યું હતું. જેથી પરિવારે શકમંદ વ્યકિતનું નામ લખાવતા બોપલ પોલીસે આ અંગે આસપાસના વિસ્તારના CCTV અને હ્યુમન સોર્સ આધારે તપાસ તેજ કરી છે.

સિટી
# એક્સપ્રેસ
WEDNESDAY 15 MAY-2024
AHMEDABAD

## બેકાબૂ બાઇક ટ્રક નીચે ઘૂસી ગઈ, એક વ્યક્તિનું મોત

ગાંધીનગર | ગાંધીનગરના દહેગામ-રખિયાલ હાઈવે પર સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં બાઈકસવાર સિક્યોરિટી ગાર્ડનું મોત નીપજ્યું હતું. રસ્તાની એક સાઈડમાં જઈ રહેલા સિક્યોરિટી ગાર્ડે બાઈક પરનો કાબૂ ગુમાવતાં બાઈક રસ્તાની વચ્ચે આવી ગઈ હતી. આ સમયે જ પાછળથી આવી રહેલી ટ્રક નીચે આવી જતાં સિક્યોરિટી ગાર્ડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. પોલીસે આ મામલે ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**સુરત કર્મકાંડની વિધિ માટે પોઇચા આવેલા પરિવારના વ્યક્તિઓ નર્મદા નદીમાં સ્નાન કરવા ગયા અને પાણીમાં ગરકાવ થયા**

# પોઇચામાં નર્મદા નદીમાં ન્હાવા પડેલા સુરતના સાત પ્રવાસી ડૂબ્યાં

### નદીમાં ડૂબનાર 7 લોકો સુરતની એક જ સોસાયટીના, જેમાં ચાર સભ્ય એક જ પરિવારના





ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલાં પોઇચા ગામની નર્મદા નદી માં આજે સવારે સુરત થી આવેલાં એકજ પરિવાર ના નવ સભ્યો નદી માં સ્નાન કરતા પાણીમાં ડૂબી જતાં સાત ના મોત થયા હતા જ્યારે બે નો આબાદ બચાવ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત ના સલિયાહેમર્ડ વિસ્તારમાં આવેલી ક્રિષ્નાપાર્ક સોસાયટી માં રહેતા એકજ પરિવાર ના લોકો વિધિ કરતા પહેલા પોઇચા ની નર્મદા નદી માં સ્નાન કરવા ગયા હતા ત્યાં અચાનક ઊંડાણ વાળી જગ્યા પર પહોંચતા એક બાદ એક વ્યક્તિ ડૂબતા બૂમાબૂમ થઈ જેમાં કુલ નવ વ્યક્તિઓ પાણી માં સ્નાન કરતા હતા જેમાંથી સાત વ્યક્તિઓ ડૂબી ગયા હતા ડૂબેલા વ્યક્તિઓ માં છ નાના બાળકો છે. નર્મદા પોલીસ વડા પ્રશાંત સુમ્બે સાથે રાજપીપળા ટાઉન પીઆઈ આર.એસ. ડોડીયા અને પોલીસ ટીમ ઘટના સ્થળે છે.તેમજ રાજપીપળા ફાયર બ્રિગેડ ની ટીમ પણ બચાવ કામગીરી માં જોડાઈ હતી અને સ્થાનિક તરવૈયાઓ એ પણ ઘટના સ્થળે પહોંચી કામગીરી કરી રહી છે.

### લાપતા પ્રવાસીઓની શોધખોળ કરાઇ

સુરતમાં રહેતા 8 પ્રવાસીઓ પોઇચા ખાતે ફરવા આવ્યા હતા. અમરેલી જિલ્લાના મૂળ વતની અને હાલ સુરત રહેતા પ્રવાસીઓ નદીમાં નહાવા પડતા પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. ડૂબતા પ્રવાસીઓની બચાવોની બૂમો સાંભળતા જ સ્થાનિક નાવિકો તેમને બચાવવા માટે પાણીમાં કૂદી પડયા હતા. જેમાં કુલ 8 પ્રવાસીઓમાં 3 નાનાં બાળકો હતાં. સ્થાનિકોએ 1 યુવાનને ડૂબતા બચાવ્યો હતો. હજુ 7 લાપતાની શોધખોળ શરૂ કરાઈ છે. રાજપીપળા ટાઉન પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી છે.

### નર્મદા નદીમાં ગરકાવ થયેલા હતભાગી

- ભરતભાઈ મેઘાભાઈ બલદાણિયા (ઉં.વ. 45) - પિતા
- આરનવ ભરતભાઈ બલદાણિયા (ઉં.વ. 12) -દીકરો
- મૈત્ર્ય ભરતભાઈ બલદાણિયા (ઉં.વ. 15) -દીકરો
- વ્રજ હિંમતભાઈ બલદાણિયા (ઉં.વ. 11) -પિતરાઇ ભાઇ
- આર્યન રાજુભાઈ ઝીંઝાળા (ઉં.વ. 7) -ભાણિયો
- ભાર્ગવ અશોકભાઈ હડિયા (ઉં.વ. 15) -પિતરાઈ ભાઈ
- ભાવેશ વલ્લભભાઈ હડિયા (ઉં.વ. 15) -પિતરાઈ ભાઈ

**આઠ લોકો ત્રિવેણી સંગમ ખાતે નાહવા ગયા હતા :** મળતી માહિતી પ્રમાણે, સુરતના સણિયા હેમદ ગામે આવેલી ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં થોડા દિવસ પહેલાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહમાં બલદાણિયા અને હડિયા પરિવારે કામગીરી કરી હતી. આ સપ્તાહ પૂર્ણ થયા બાદ આજે ભરતભાઈ અને સોસાયટીના અન્ય સાત નાનાં બાળકો અને કિશોરો પોઈચા ખાતે ત્રિવેણી સંગમ ખાતે નાહવા માટે ગયાં હતાં.

**તંત્ર દ્વારા બંધ કરેલી નાવડીઓ જો ચાલુ હોત તો સ્થાનિક નાવિકો દ્વારા ઝડપી બચાવ કામગીરી થઇ હોત અને આટલો મોટો મૃત્યુ આંક કદાચ ના પહચ્યો હોત પરંતુ હાલ નવદિયો બંધ છે જેથી નાવડી ચાલુ રખાઇ એ જરૂરી છે. ક્યા તો તંત્ર એ નર્મદા નદી માં સ્નાન પર પ્રતિબંધ મૂકવો જોઈએ.તેવી વાત ઘટના સ્થળે સાંભળવા મળી હતી.**

### ગંગોત્રી-યમનોત્રી યાત્રામાં ફસાયેલા

# ગુજરાતી યાત્રાળુઓને મદદ કરવા રાજ્ય સરકારે લીધાં પગલાં



- યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથમાં યાત્રિકોની ભારે ભીડ
- ઓફલાઈન રજીસ્ટ્રેશન આગામી 23મી મે સુધી બંધ કરી દેવામાં આવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.14

આ વર્ષે ચારધામ યાત્રાનો પ્રારંભ થવાની સાથે જ વિક્રમી સંખ્યામાં યાત્રિકો યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ પહોચી રહ્યાં છે. મોટી સંખ્યામાં યાત્રિકો ઉમટી પડતા તંત્ર દ્વારા યાત્રિકો માટે કરાયેલ વ્યવસ્થા ખોરવાઈ જવા પામી છે. જેના કારણે ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશન આગામી 23મી મે સુધી બંધ કરી દેવામાં આવી છે. આ દરમિયાન ચારધામની યાત્રાએ ગયેલા અનેક ગુજરાતી યાત્રિકો રસ્તામાં ફસાયા હોવાનુ સામે આવ્યું છે.

### રાજ્ય સરકારે યાત્રિકોને કરી મદદ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ યાત્રાધામોમાં ગુજરાતના કેટલાક યાત્રાળુઓના વાહનો ભીડમાં અટવાઈ ગયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ CMએ મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરને આ સંદર્ભમાં યોગ્ય પ્રબંધન કરવા માટે આદેશ આપ્યો હતો. કાર્યકારી મુખ્ય સચિવશ્રીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર ઉત્તરાખંડ રાજ્ય સરકારનો સંપર્ક સાધીને યાત્રા માર્ગમાં અટવાયેલા ગુજરાતી યાત્રિકોને સરળતાએ માર્ગ કાઢીને આગળની યાત્રા માટે પ્રસ્થાનની જરૂરી વ્યવસ્થાઓ અંગે વાતચીત કરી હતી.



### CM ભુપેન્દ્ર પટેલના સૂચનને પગલે ઉત્તરાખંડ સરકારે સુવિધા પુરી પાડી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ બાબતે ત્વરિત પગલા બાદ ગુજરાત સરકાર સાથે સંકલનમાં રહીને ઉત્તરાખંડ સરકારના વહીવટી તંત્રએ આ યાત્રાળુઓ માટે યોગ્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પણ વ્યવસ્થાઓ હાથ ધરી છે. એટલું જ નહીં, ચારધામ યાત્રાએ ગયેલા આ યાત્રિકોએ યમનોત્રી-ગંગોત્રીથી આગળની યાત્રા માટે પ્રસ્થાનની શરૂઆત પણ કરી દીધી છે.**

**CRIME NEWS**

### ધો. 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને શુક્રવારે મળશે માર્કશીટ



અમદાવાદ | ગુજરાત બોર્ડના ધોરણ 12 નું સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 9 મેના રોજ સવારે 9 વાગે જાહેર કરવામાં આવ્યું હતું. આ સમયે તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પરિણામ જોયું હતું. હવે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડીઈઓને જાણ કરી દેવામાં આવી છે કે તેઓ શુક્રવારે પરિણામ આપે. ઉલ્લેખનીય છે કે ગુજરાત બોર્ડ ધોરણ 12ના વિજ્ઞાન પ્રવાહના પરિણામ જે-તે શાળાઓમાં આવતીકાલે પહોંચાડી દેશે. એટલે કે બુધવારે તમામ શાળાઓમાં બોર્ડની માર્કશીટ આવી જશે. આ પછી શાળાઓ 17 મેના રોજ બોર્ડની માર્કશીટનું વિતરણ કરે તેવી જાહેરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરી દેવામાં આવી છે. ધોરણ 12ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયુ છે. તેમાં ધો. 12 વિજ્ઞાન પ્રવાહનું 82.45 ટકા પરિણામ આવ્યું છે. તેમજ ગત વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં 65 ટકા પરિણામ હતુ.

### RTOના સર્વરમાં ધાંધિયા યથાવત! 7 દિવસથી સર્વરમાં સમસ્યાઓ




અમદાવાદ | અમદાવાદમાં RTO ની કામગીરીને લઈને વિવાદ વકરી રહ્યો છે. આરટીઓ સર્વર જૂનું હોવાના કારણે તેની કામગીરીમાં વિલંબ જોવા મળી રહ્યો છે. આ સિવાય સર્વર ઠપ્પ રહેવાના કારણે પણ કામગીરી ખોટવાઈ છે. સર્વર સતત બંધ રહેવાના કારણે છેલ્લા 7 દિવસથી મુશ્કેલીઓ વધી રહી છે. લાયસન્સ રિન્યુ, એડ્રેસ ચેન્જ સહિતની કામગીરીમાં વિલંબ જોવા મળી રહ્યો છે. લાઈસન્સની પ્રક્રિયા માટે આવનાર અરજદાર ધક્કા ખાવા મજબૂર બન્યા છે. સર્વર 10 વર્ષ જૂનું હોવાથી સમસ્યાઓ આવી રહી છે. આ પહેલા પણ 24 એપ્રિલે રાજ્યની RTO કચેરીમાં સર્વર ઠપ્પ રહ્યું હતું. સોફ્ટવેરનું સર્વર બંધ રહેતા કામગીરી ખોરવાઈ છે. લાયસન્સના ટેસ્ટ માટે આવતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ટેસ્ટ માટે આવતા અરજદારોને ધક્કા ખાવાનો વારો આવે છે.

### આગામી 4 દિવસ યલો એલર્ટ : 17 તારીખ સુધી વરસાદની આગાહી

# મેમાં ગરમીનું નહીં, મેઘનું યલો એલર્ટ

(એજન્સી) અમદાવાદ | તા.14

સમગ્ર રાષ્ટ્રમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અનેક સ્થળે હવાના સાયક્લોનિક સર્ક્યુલેશનથી બદલાયેલા હવામાનની સાથે ગુજરાતમાં આજે હવામાન પલટાયું હતું. રાજ્યમાં ઠેરઠેર ધૂળિયુ તોફાન સાથે વંટોળિયા અને ગાજવીજ સાથે ધોધમાર ઝાપટાંથી એક ઈંચ સુધી વરસાદ ખાબક્યો હતો. અણધાર્યા વરસાદથી લોકોમાં દોડધામ મચી ગઈ હતી. તોફાની વરસાદની સાથે બરફના કરાં પણ વરસ્યા હતા અને ખેતરોમાં ધસમસતા ગોઠણડૂબ પાણી વહ્યા હતા. આ વરસાદ પ્રિમોન્સૂન ગણાય છે અને હવે ચોમાસુ વહેલુ આવે તેવો સંભવ છે. કમોસમી વરસાદથી બાજરી, મગફળી સહિત ઉનાળુ વાવેતરના કુમળા છોડને કેટલાક સ્થળોએ આંશિક નુકસાનની ભીતિ સેવાય છે. તો રાજ્યમાં ગુજરાતમાં ચાર દિવસ સુધી વરસાદની આગાહી છે. તો આગામી 24 કલાકમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ઉપરાંત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદના કારણે યલો એલર્ટ જાહેર કરાયું છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે સોમવારે (13મી મે) રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભર ઉનાળે અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. આ દરમિયાન ફરી હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. 17મી મે સુધી કમોસમી વરસાદની શક્યતા છે.

**આ 3 કારણથી હવામાન પલટાયું**

- ઉત્તર અરબી સમુદ્ર આસપાસ સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું
- વાતાવરણમાં નીચલા સ્તરે પવનની અસ્થિરતા, ઉપલા સ્તરે ટ્રફ રચાયો
- સૂકા, ગરમ અને ઝડપી ગતિના પવન સાથે ધૂળ ખેંચાઈ આવતાં ડમરી ઊડી



### ચાર દિવસ સુધી વરસાદ પડશે

ગુજરાત રાજ્યમાં હજુ પણ આગામી ત્રણ દિવસ વિવિધ જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. એમાં આજે એટલે કે 14 મેના રોજ સમગ્ર ગુજરાત રાજ્યમાં ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાશે અને વરસાદ વરસી શકે છે. આવતીકાલે 15 મેના રોજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે સામાન્ય વરસાદની શક્યતા છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં તથા સૌરાષ્ટ્રમાં મોરબી, રાજકોટ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દીવમાં વરસાદની શક્યતા છે. 16 મેના રોજ રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, દીવ સહિત દક્ષિણ ગુજરાતમાં તાપી, વલસાડ, નવસારી, ડાંગ, દમણ અને દાદરા અને નગર-હવેલી, 17 મેના રોજ પણ દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા છે, એટલે કે આગામી ચાર દિવસ હજુ પણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદી માહોલ યથાવત્ રહેશે.

### કેરીના પાકને મોટું નુકસાન થઈ શકે

હવામાન વિભાગની આ પ્રકારની આગાહી સામે ઉનાળુ પાકને નુકસાનની ભીતિ સેવાઇ રહી છે. ખાસ કરીને કેરીના પાકને મોટું નુકસાન થઈ શકે છે. ભારે પવન ફૂંકાવાને કારણે આંબા ઉપર તૈયાર થયેલી કેરી પણ ખરી પડે એવી શક્યતા છે, જેથી ખેડૂતોને ભારે નુકસાન થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે તૈયાર થયેલો પાક ખુલ્લામાં પડી રહ્યો હોય તો એને સુરક્ષિત જગ્યાએ ખસેડવા માટે પણ સૂચના આપી છે.

### સોમવાર જેવી સ્થિતિ ફરી બને...

એક તરફ કમોસમી વરસાદને કારણે રાજ્યભરમાં ઠંડક પ્રસરી છે, પરંતુ ગુજરાતમાં લાંબો સમય ઠંડકનો અનુભવ રહેશે નહીં. આગામી બે દિવસ રાજ્યના મોટા ભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. અમદાવાદ શહેરમાં પણ આજે દિવસ દરમિયાન બફારાનો અનુભવ થયા બાદ સાંજના સમયે ગઈકાલની જેમ જ વરસાદ વરસી શકે છે.

## અમદાવાદના પ્રહલાદનગરની બિલ્ડિંગમાં 9મા માળે આગ, 64 લોકોનું કરાયું રેસ્ક્યુ

(એજન્સી) અમદાવાદ | તા.14



અમદાવાદ શહેરના પ્રહલાદનગર વિસ્તારમાં એક પેટ્રોલ પંપની બાજુમાં આવેલી કોમર્શિયલ બિલ્ડિંગના નવમા માળે આગ લાગી હતી. આગને કારણે બિલ્ડિંગમાં અને લિફ્ટમાં અનેક લોકો ફસાયા હતા. ત્યારબાદ અમદાવાદ ફાયર બ્રિગેડને આગ અને ફસાયેલા હોવાનો કોલ મળતા જ તાત્કાલિક પાંચથી વધુ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગને કારણે કોમર્શિયલ બિલ્ડિંગમાં ફસાયેલા 64 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

નવમાં માળે લાગેલી આગ 10 અને 11મા માળે પ્રસરી હતી. જોકે, ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી હતી. આગ લાગતા બિલ્ડિંગમાં રહેલી ઓફિસમાં કામ કરતા કર્મચારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જોકે, આગની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. આગની ઘટનાને લઈને લોકોના ટોળા એકઠા થયા હતા. ફાયર વિભાગના જવાનોએ આગનું કારણ જાણવાનો પ્રયાસ કર્યો તો એસીમાં આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાયું હતું.

## 2 મહિનાથી ફરાર ખાચરને રાહત નહીં, PIની અરજીમાં 10મીએ સુનાવણી હતી

(એજન્સી) અમદાવાદ | તા.14



ક્રાઈમ બ્રાન્ચ પોલીસ અધિકારી બીકે ખાચર સામે 14 માર્ચ, 2024ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ મથક ખાતે 32 વર્ષીય ડો. વૈશાલી જોષીના આપઘાતની દુષ્પ્રેરણા આપવાનો ગુનો IPC 306 અંતર્ગત નોંધાયો હતો. ત્યાર બાદથી આ પોલીસ અધિકારી ફરાર છે. ત્યારે બે મહિનાથી ફરાર આરોપી PI બી.કે. ખાચરની બે મહિનાથી સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં આગોતરાની જામીન અરજીને ફગાવી દીધી છે. આજે 10મી મુદત હતી.

ખાચરે આગોતરા જામીન મેળવવા 16 માર્ચે અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં એડવોકેટ એસ.વી ઠક્કર મારફત અરજી દાખલ કરી છે, જેની પર પ્રથમ સુનાવણી 10 માર્ચે હાથ ધરાઇ હતી. એ બાદ અનુક્રમે 10 મુદત પડી હતી. આજે આ અરજી પર ચુકાદો આપતાં અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે અરજદારના આગોતરા જામીન ફગાવી દીધા હતા. હવે આરોપી પોલીસ સમક્ષ ઉપસ્થિત થશે અથવા હાઈકોર્ટમાં આગોતરા જામીનની અરજી કરશે.

## ભગવાનથી નારાજ પૂર્વ સરપંચે માતાજીની છબીને લગાવી આગ

(એજન્સી) રાજકોટ | તા.14

રાજકોટના જીયાણા ગામમાં ગઈકાલે મોડી રાત્રે કેટલાક તત્વો દ્વારા રામદેવપીરની મૂર્તિ અને બંગલાવાળી મેલડી માતાજીની છબીને આગ લગાવી દીધી હતી. ઘટનાના પગલે લોકો ગુસ્સે ભરાયા હતા. આ મામલે તાલુકા પંચાયતના સભ્ય કાનજીભાઈ મેઘાણીએ અજાણ્ય શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે PSI એ. કે. રાઠોડ સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી. જેમાં એરપોર્ટ પોલીસે પૂર્વ સરપંચ અરવિંદ સરવૈયાની ધરપકડ કરી હતી. રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા જીયાણા ગામમાં પૂર્વ સરપંચ અરવિંદ સરવૈયાએ ગામના રામદેવપીર મંદિર અને મેલડી માતાજીના મંદિરમાં આગ લગાવી હતી. જ્યારે વાસંગીદાદાના મંદિરમાં તાળું મારેલું હોવાથી મંદિરની અંદર આગ લગાવવાનો પ્રયાસ ન થઈ શક્યો. પોલીસે આરોપીની પૂછપરછ કરતા ચોંકાવનારી હકીકતો સામે આવી છે. આ આગ લગાવવા પાછળનું કારણ એવું હતું કે તેમની લાગણી ઘવાઈ હોવાથી તે ભગવાનથી નારાજ હતો અને આવેશમાં આવીને તેણે આ કૃત્યુ કર્યું હતું. પોલીસને જાણવા મળ્યું છે કે, પૂર્વ સરપંચે ખુબ પૂજા-પાઠ કર્યા હતા, તેમ છતા સ્થિતિ ન સુધરતા તેણે ટાયર સળગાવીને મંદિરમાં નાખ્યા હતા.

### ધો-10 સુધી ભણ્યા તેને છોડી 8 હજારથી વધુ વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલમાં જવું પડશે!

# એડમિશન મળશે કે નહીં? 75 સ્કૂલના સ્ટુડન્ટની ચિંતા

(એજન્સી) અમદાવાદ | તા.14

ગુજરાત બોર્ડનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ધોરણ 10નું પરિણામ અત્યારસુધીનું સૌથી ઊંચું પરિણામ છે. એના કારણે હવે વિદ્યાર્થીઓને ધોરણ 11માં પ્રવેશ મેળવવા માટે મૂંઝવણ ઊભી થઈ છે, કારણ કે અમદાવાદની અનેક સ્કૂલોમાં અત્યારથી હાઉસફુલનાં બોર્ડ લાગી ગયાં છે. એના કારણે વિદ્યાર્થીઓને એડમિશન ક્યાં લેવું એની લઈને મુશ્કેલી થઈ છે. એમાં પણ જે વિદ્યાર્થીઓ માત્ર ધોરણ 10 સુધી ચાલતી સ્કૂલમાં અભ્યાસ કર્યો હોય તેવા 8 હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓએ હવે સ્કૂલ બદલવી પડશે, જેથી તે વિદ્યાર્થીઓ માટે મોટો પ્રશ્ન ઊભો થયો છે. ગુજરાત બોર્ડનાં પરિણામ જાહેર થયાં બાદ વિદ્યાર્થીઓ આગળના અભ્યાસ માટે એડમિશન લેવાના પ્રયાસ કરી રહ્યા છે. ધોરણ 10ના વિદ્યાર્થીઓ ધોરણ 11 અથવા ડિપ્લોમા એડમિશન લેવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.

**પ્રવેશ મેળવવા માટે મુશ્કેલી**

ત્યારે વધુ પરિણામ આવ્યું હોવાથી અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટે મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે અમદાવાદની અનેક સ્કૂલોમાં અત્યારથી ધોરણ 11માં એડમિશન ફુલ થઈ ગયાં છે. ગત વર્ષ કરતાં પરિણામ વધુ હોવાથી ગત વર્ષ કરતાં મેરિટમાં પણ વધારો જોવા મળ્યો છે. ઊંચું મેરિટ અને કટઓફના કારણે હવે નબળા વિદ્યાર્થીઓને એડમિશનમાં મુશ્કેલી ઊભી થશે.

### આગળના અભ્યાસ માટે કઇ રીતે એડમિશન લેવું તેની મૂંઝવણ

અમદાવાદની વાત કરવામાં આવે તો અમદાવાદમાં ધોરણ 10 સુધીના વર્ગોવાળી 75 સ્કૂલ છે, જેમાં 150થી વધુ વર્ગ આવેલા છે. આ સ્કૂલોમાં 8000 કરતાં વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. હવે જ્યારે પરિણામ આવી ચૂક્યું છે ત્યારે આ તમામ વિદ્યાર્થીઓ આગળના અભ્યાસ માટે પ્રયત્ન કરી રહ્યા છે, જેમાં વિદ્યાર્થીઓએ ધોરણ 11માં પ્રવેશ મેળવવા માટે ફરજિયાત સ્કૂલ બદલવી પડશે, પરંતુ કઈ સ્કૂલમાં અને કેવી રીતે એડમિશન મેળવવું એને લઈને મૂંઝવણ ઊભી થઈ છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...